# કબીર

# સાખી

# સુધા

સંપાદક
ઈશ્વરભાઈ પ્ર. પટેલ

# Kabir Sakhi Sudha
Edited by Shri Ishvarbhai P. Patel

Library of Congress Catalog Number 87-62265

December 1987

Publisher
Shree Ramkabir Bhakta Samaj of USA

https://bhakta.com

Printer
Pratap Dave
Pavan Printary
Vyara 394650

**Kabir Sakhi Sudha**

PDF

HTML

# કબીર સાખી સુધા

(સારરૂપ સાખીઓનો સંગ્રહ)

## અર્પણ

### શ્રી રામકબીર ભક્ત સમાજને

--- ડાહ્યાભાઈ મકનજી ભક્ત
સુખાભાઈ મકનજી ભક્ત
ગોકળભાઈ મકનજી ભક્ત

મેરા મુજમેં કુછ નહીં જો કુછ હૈ સો તોર !
તેરા તુજકો સોંપતે ક્યા લાગત હૈ મોર ?
--૧૫૪મી સાખી

# માતૃ વંદના...

(અનુષ્ટુપ છંદ)

તડકો પી સદા દીધી છાંય શીતળ હોંસથી,
પેટાવ્યો દીપ શ્રદ્ધાનો અમારે ઉર કાયમી !
બાળપણે પિતા કેરું છત્ર જ્યારે ના રહ્યું,
સારી ગરજ પિતૃની, બેવડું કામ તેં કર્યું !
વૈધવ્ય બા દિપાવ્યું તેં સદાચારની સોડમે,
રાતદિન સ્મૃતિ તારી અહો ! વાગોળવી ગમે:
નીતર્યો પ્રેમ તારો મા વાણી ને વર્તને સદા,
દૃઢતા જોઇને તારી નાસતી સર્વે આપદા !
ઉન્નત મસ્તકે જીવી ચીંધ્યો પંથ પ્રકાશનો,
નમીએ, વંદીએ આજે પામી પ્રસાદ પ્રાણનો !

શ્રી ડાહ્યાભાઈ મકનજી ભક્ત (ઝામ્બિયા)
તારાબેન ડાહ્યાભાઈ ભક્ત “
શ્રી સુખાભાઈ મકનજી ભક્ત (સીસોદ્રા)
શાંતાબહેન સુખાભાઈ ભક્ત “
શ્રી ગોકળભાઈ મકનજી ભક્ત (યુ.એસ.એ.)
ઉર્મિલાબેન ગોકળભાઈ ભક્ત “
સન્મુખલાલ પ્રભુભાઈ ભક્ત (યુ.એસ.એ.)
-ના સપ્રેમ રામકબીર.

સ્વ. લક્ષ્મી બા



જન્મ તા. ૭-૨-૧૯૦૯ * નિર્વાણ તા. ૨૬-૧૦-૧૯૮૬

# આભાર...

શ્રી રામકબીર ભક્ત સમાજના
પ્રમુખ
મંત્રી તથા કારોબારીના સભ્યોનો
જેમણે અમને આ પુસ્તક પ્રકાશનમાં
સહાયરૂપ થવાની
સુંદર તક આપી તે બદલ ...

સંપાદક શ્રી ઈશ્વરભાઈ પટેલનો
જેમણે
આ અમૂલ્ય લઘુગ્રંથ તૈયાર કરી આપ્યો તે બદલ ...

નાની મોટી વ્યક્તિ
જાણ્યે અજાણ્યે
અમને સહાયક થવા બદલ
સર્વ ભક્ત જનોનો...

શ્રી ડા. મ. ભક્ત
શ્રી સુ. મ. ભક્ત
શ્રી ગો. મ. ભક્ત
સપ્રેમ રામકબીર

# પ્રમુખનું નિવેદન

જગતના સાહિત્યમાં કબીર સાહેબના નામની પ્રસિદ્ધિ દિન પ્રતિદિન વધતી જાય છે. યુરોપ અમેરિકાના વિદ્વાનોને કબીર સાહિત્ય આકર્ષી ગયું છે તેની પ્રતીતિ અંગ્રેજી ભાષામાં પ્રગટ થયા કરતું સાહિત્ય આપણને કરાવે છે. એથી ઊલટું પરિવર્તનને નામે આપણા સમાજમાં સાહિત્ય પ્રત્યેની રુચિ ઓછી થતી જાય છે. વાંચનનો શોખ પણ ઘટતો જાય છે. ધર્મ તરફની આસ્થામાં ઓટ આવી છે. તેવા સંજોગોમાં લોકોની સાહિત્ય તરફની અભિરુચિ બદલાય ને ધર્મ તરફ સમજ ને વિશ્વાસ વધે તે માટે મૌન બેસી રહેવાથી શું વળે ? એ જવાબદારી કોણ ઉપાડે ? એવા પ્રશ્નોનો નિરાકરણ સ્વરૂપે આપણા સમાજની કારોબારી સભાએ "રામકબીર સંપ્રદાય" અને "નાદબ્રહ્મ" જેવા પુસ્તકો પ્રગટ કરવાની તક ઝડપી લીધી હતી. અમે એ પ્રણાલિકા ચાલુ રહે તેવા હેતુથી આ લઘુગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છીએ.

ઉતાવળ એ આ જમાનાનું મુખ્ય લક્ષણ છે તેથી મોટા કદનાં પુસ્તકો ભાગ્યે જ કોઈ વાંચે છે. ઉતાવળે વાંચી શકાય એવી પ્રકાશન શ્રેણી દુનિયાભરમાં એટલા માટે જ પ્રકાશિત થવા માંડી. અમે પણ એ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને આ પ્રકાશન કરી રહ્યા છીએ. હવે પછી આવી જ નાની નાની ત્રણ ચાર પુસ્તિકાઓ પ્રકાશિત કરીને કબીર સાહેબનું સાહિત્ય પીરસવા માંગીએ છીએ. એ દ્વારા કબીર સાહેબનો પરિચય લોકમાનસમાં દૃઢ થશે એવી અમને શ્રદ્ધા છે. અમે આશા રાખીએ છીએ કે સમાજનો અવશ્ય સહકાર આ બાબતમાં પણ મળી રહેશે.

આ પુસ્તિકાના પ્રકાશનનો તમામ ખર્ચ શ્રી ડાહ્યાભાઈ મકનજી ભક્ત, શ્રી સુખાભાઈ મકનજી ભક્ત તથા શ્રી ગોકળભાઈ મકનજી ભક્ત તરફથી એમની માતાના પુણ્ય સ્મૃતિરૂપે મળ્યો છે તે જાહેર કરતાં અમે આભારની લાગણી અનુભવીએ છીએ. શ્રી ઈશ્વરભાઈ પરભુભાઈ પટેલ વારંવાર અમેરિકા આવે છે ને સત્સંગનો લાભ તેમના તરફથી આપણને મળ્યા કરે છે. આ વર્ષે ફેબ્રુઆરી ૬થી ફેબ્રુઆરી ૧૬ સુધી બીજક ગ્રંથને આધારે કબીર સાહેબનું તત્વજ્ઞાન સમજાવવાના તેમણે સુંદર વ્યાખ્યાનો આપ્યા હતાં. પરિણામે આ પુસ્તિકા પ્રગટ કરવાની પ્રેરણા પ્રાપ્ત થઇ હતી. આ પુસ્તિકા તૈયાર કરી આપવા બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. તેમના તરફથી સહકાર ફરીથી મળી રહેશે એવી આશા રાખીએ.

વલ્લભભાઈ છોટુભાઈ ભક્ત
ભક્ત સોસાયટી ઓફ યુ.એસ.એ.

# દાતાઓનો પરિચય

**શ્રી ડાહ્યાભાઈ મકનજી ભક્ત [જન્મ : ૨૧-૧-૧૯૩૨]**

માધ્યમિક કેળવણી પૂરી કરે તે પહેલાં પિતાનું છત્ર ચાલ્યું ગયું પરિણામે કાચી વયમાં જ મોટા દીકરા તરીકે ઘરની જવાબદારીનો ભાર ઝીલવો પડ્યો. જીવનની શરૂઆતમાં જ પરદેશ પ્રવાસ જરૂરી બન્યો. ઝામ્બિયામાં સ્વજનોની મદદથી નોકરીમાં લાગી ગયા અને જીવનની નક્કર વાસ્તવિકતાનો અનુભવ કરવા માંડ્યો. પ્રાથમિક અવસ્થામાં મળેલી આશ્રમની કેળવણી ઘણી જ ઉપયોગી થઇ પડી. પાટીદાર આશ્રમની સંઘ ભાવના અને શિસ્ત ખૂબ કામ આવ્યાં. તક મળતાં ધંધાનો પ્રારંભ કર્યો. ધંધાકીય સૂઝ, સમજ ને સંપની ભાવનાથી ધંધાનો પ્રશસ્ય વિકાસ કરી શક્યા ને તમામ જવાબદારીઓ સારામાં સારી રીતે અદા કરી શક્યા. જીવનમાં આધ્યાત્મિક ભૂખ લાગી ત્યારે ગુજરાતના ખ્યાતનામ કવિ સુંદરમ્‌નો સંપર્ક થયો. પરિણામે અરવિંદ ઘોષની વિચારસણીના અનુયાયી બની ગયા. આજે પણ તેઓ તે વિચાર પ્રમાણે જ જીવન જીવી રહ્યા છે.

**શ્રી સુખાભાઈ મકનજી ભક્ત [જન્મ : ૨-૧૧-૧૯૩૫]**

મોટાભાઈ ઝામ્બિયા ગયા તો દેશની મિલ્કતની સંભાળ રાખવાનું કાર્ય પોતે ઉપાડી લીધું. વય ખૂબ જ નાની છતાં સમજ મોટા માણસ જેવી હતી. તેથી તેઓ પોતાની મર્યાદાને ધ્યાનમાં રાખી વિકાસની ગતિ ચાલુ રાખવાનો જબ્બર પુરૂષાર્થ કરી શક્યા. કુમળી વયમાં જ સેવા ભાવનાના અંકુરો ફૂટ્યા ને પોષાયાં તેથી ગામના નાનાં મોટાં કામોમાં તેઓ પરોવાઈ જઈ લોકચાહના સારી પ્રાપ્ત કરી શક્યા. આજે પણ તેઓ ભક્ત સમાજના શિક્ષણ સહાયક ટ્રસ્ટના વરસોથી પ્રમુખ તરીકે પોતે સેવા બજાવી રહ્યા છે. તેમને સહિષ્ણુતા ને ઉદારતાના ગુણો જાણે કે વારસામાં મળ્યા હોય તેમ તેમના પ્રત્યેક નિર્ણયોમાં તે ગુણોમાં અચૂક દર્શન થયાં વિના રહેતાં નથી.

**શ્રી ગોકળભાઈ મકનજી ભક્ત [જન્મ : ૨૮-૧૦-૧૯૪૦]**

બાલ્ય કાળમાં પિતાનું છત્ર રહ્યું જ ન હતું છતાં બંને મોટાભાઈઓએ તેમને ભણવાની સુંદર તક આપી હતી. તે તકનો લાભ પણ તેમણે આ સૂઝથી સર્વોત્તમ રીતે લીધો કહેવાય. તેઓ ભારતમાં સિવિલ ઇજનેર બન્યા હતા ને વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. અમેરિકામાં પણ ઇજનેરી વિદ્યા પ્રાપ્ત કરીને તેમણે જીવનનો પ્રારંભ કર્યો હતો. શરૂઆતમાં નોકરી ને પછી ધંધે વળગી જઈ તેમણે સારામાં સારો વિકાસ કર્યો. ઘરના ને કુટુંબના વિકાસ કાર્યોમાં સારી રીતે સહકારી બનીને બાળકોને ઉચ્ચ કેળવણી આપી રહ્યા છે. સમાજ સેવાની તક મળી તો

તેમણે અમેરિકાના ભક્ત સમાજના મંત્રી તરીકે પણ સેવા બજાવી છે. વર્ષોથી સમાજના તેઓ સક્રિય સભ્ય પણ છે. આ લઘુગ્રંથ તેમની વિચારસરણીનું જ પરિણામ છે.

# આવકાર

મહાત્મા કબીરદાસજી મહાન સંત, ઉચ્ચ કોટિના ભક્ત તથા આધ્યાત્મિક-જ્ઞાન ધરાવનારા હતા જ. તે સાથે તેઓ જગત અને જીવનના ઊંડા અભ્યાસી હતા. તેઓએ પોતાનાં જ્ઞાન અને અનુભવનો નીચોડ વિવિધ સાખીઓમાં વ્યક્ત કર્યો છે. આવી સાખીઓમાં ભક્તિ, ધર્મ, અધ્યાત્મ અને ઈશ્વર વિષયક ચિંતનની સાથે સાથે તેઓએ વ્યવહારિક જીવનમાં ઉપયોગી એવો બોધ પણ લોકો સમક્ષ પ્રસ્તુત કર્યો છે.

આવા મહાત્મા પુરૂષની વાણી સામાન્ય લોકો સુધી પહોંચે અને તેઓનું જીવન ઉત્કર્વ પામે તે માટે હિન્દી ભાષામાં સારા એવા પ્રયત્નો થયા છે પરંતુ ગુજરાતી સમાજને તેની માતૃભાષામાં જ કબીરજીની વાણીનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો ખૂબ ઓછા થયા છે.

આથી શ્રી ઈશ્વરભાઈ પટેલે કબીરજીની સાખીઓને સુગમ અને સરળ ગુજરાતી ભાષામાં સમજાવી સામાન્યજન સુધી પહોંચાડવાનો કરેલો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક છે.

તેઓ કબીરપંથ અને કબીરવાણીના ઊંડા અભ્યાસી છે. તેઓ સાચા અર્થમાં કબીરજીની વાણીનો મર્મ પામી શક્યા છે. તેથી તેઓએ આ સાખી-સંગ્રહમાં કબીરજીની પ્રસિદ્ધ, મહત્વની તથા જીવનોપયોગી સાખીઓ પસંદ કરીને તેનો પ્રામાણિક અનુવાદ તથા સરળ સમજુતી પ્રસ્તુત કરેલ છે. પ્રત્યેક સાખીના અંતે તેઓએ રજૂ કરેલ નોંધો દ્વારા કબીરજીની વાણીના મર્મને સારી રીતે સમજાવી સરળતાપૂર્વક જનમાનસમાં ઊતરે એવો સફળ પ્રયાસ કર્યો છે.

કેટલીક માર્મિક તથા અર્થ ગૂઢ સાખીઓની શ્રી ઈશ્વરભાઈએ આપેલી સમજૂતી કબીરવાણી સમજવામાં ખૂબ જ સહાયક નીવડે તેવી છે. આ સાથે આ નોંધવુ રહ્યું કે કેટલીક ખૂબ જ મહત્વની અને પ્રસિદ્ધ સાખીઓની થોડી વિસ્તૃત નોંધ આપી હોત તો તે વધુ ઉપકારક થઇ પડત. પરંતુ આવી સાખીઓ ખૂબ જ પ્રચલિત તેમ જ પ્રમાણમાં થોડી સરળ હોવાને કારણે જ કદાચ તેમણે અર્થવિસ્તાર નહીં કર્યો હોય.

સાખી-સંગ્રહ પ્રસ્તુત કરતા પહેલાં તેઓએ અન્ય વિદ્વાનોના ગ્રંથોનો અભ્યાસ કરી તેનો સમ્યક્ ઉપયોગ અનુવાદ તેમ જ નોંધમાં કર્યો છે તે તેમની અભ્યાસરતતા તથા ઊંડી સૂઝબૂઝનો પરિચય કરાવે છે. સાખીની ભાષા તથા પાઠ વિષે તેઓ પ્રમાણભૂત ગ્રંથોને અનુસર્યા છે તેથી કબીરજીની વાણીનો મૂળ મર્મ પણ સારા પ્રમાણમાં સચવાયો છે.

આ ગ્રંથના પ્રકાશન માટે આર્થિક સાય કરનાર શ્રી ગોકુળભાઈ ભક્તને પણ ધન્યવાદ ઘટે છે. કબીરજીનો અનુરાગી સમાજ આ ગ્રંથ વાંચી, સમજી અને જીવનમાં ઉતારવાનો થોડો ઘણો પ્રયાસ કરશે તો શ્રી ઈશ્વરભાઈએ ગ્રંથ તૈયાર કરવામાં લીધેલો શ્રમ સાર્થક નીવડશે.

ચિનુભાઈ ભા. ઠાકર
અધ્યક્ષ, હિન્દી વિભાગ,
એમ.ટી.બી. આર્ટસ કૉલેજ,
સૂરત
તા. ૧૦-૧૨-૧૯૮૭

# સંપાદકનું નિવેદન

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી)

અભ્યાસનિષ્ઠ વિદ્વાનોએ કબીરવાણીને ત્રણ વિભાગમાં વિભક્ત કરી છે : રમૈની, શબ્દ અને સાખી. એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે રમૈની વિભાગમાં કબીર સાહેબે જગતની, સાખી વિભાગમાં જીવની અને શબ્દ વિભાગમાં બ્રહ્મની ચર્ચા કરી છે. એનો અર્થ આપણે એવો તો ન જ કરવો જોઇએ કે એ સિવાય બીજા પ્રકારનાં પદોની રચના કબીર સાહેબે કરી જ નથી. વિપ્રમતિસિ, હિંડોલા આદિ પદોની રચના પણ મળી તો આવી જ છે. પરંતુ એમ કહી શકાય ખરું કે રમૈની, સાખી ને શબ્દના ક્ષેત્રો કબીર સાહેબે જેટલાં ઊંડાણથી ને વિસ્તારથી ખેડ્યાં છે તેટલા બીજા ક્ષેત્રો ખેડ્યાં નથી.

વળી કબીર સાહેબે રમૈનીની રચના કે શબ્દ તથા સાખીની રચના ક્યારે કરી હશે તે કોઈ કહી શકતું નથી. એટલું જ નહીં પણ આ ત્રણે વિભાગની સંખ્યા અંગે પણ હજી વિદ્વાનોમાં એકમતિ સ્થપાઈ શકી નથી. સાહિત્યિક વિદ્વાનોમાં બાબુ શ્યામ સુંદરદાસ ૯૨૨ સાખી એકત્ર કરી શક્યા છે જ્યારે ડૉ. માતાપ્રસાદ ગુપ્ત બાબુ સાહેબ કરતાં એક વધુ સાખીનો ઉમેરો કરે છે એટલું જ. સાંપ્રદાયિક વિદ્વાનોમાં હનુમાનદાસે ૨૩૨૧ સાખીઓ એકત્ર કરીને સાખી ગ્રંથનું સંપાદન કર્યું છે જ્યારે યુગલાનંદે ૨૬૦૦ સાખીઓ એકત્ર કરી બતાવી છે. વિચારદાસ સાહેબે તો ૪૦૨૪ સાખીઓનો દાવો કર્યો છે. અમે આ ગ્રંથમાં ઉભય પ્રકારનાં વિદ્વાનોએ એકત્ર કરેલ સાખીઓમાંથી સારરૂપ સાખીઓ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સાખીઓની સારી રીતે વાચક વર્ગને પરિચય થાય તેવું દષ્ટિબિંદુ રાખીને આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.

પાઠ ને ભાષા અંગે સ્પષ્ટતા કરી લેવાનું આવશ્યક માનું છું. સામાન્ય રીતે ભાષાનો નિર્ણય થાય તો પાઠનો નિર્ણય કરવો સરળ પડે છે પરંતુ પાઠ ને ભાષા અંગે નિર્ણય કરવો સહેલ નથી. વિદ્વાનોમાં અનેક મતભેદો છે. કબીર સાહેબની ભાષાનો મૂળ આધાર પૂર્વ જ ગણાય છતાં અન્ય ભાષાની અસર પણ નકારી શકાય એમ નથી. કબીર સાહેબના જીવનનો મોટા ભાગનો સમય કાશીમાં ગયો હતો તેથી કાશીની આસપાસની ભાષાની અસર પણ કબીરવાણીમાં જોઈ શકાય છે. વળી તેઓ અનેક સંતોના સંપર્કમાં આવેલા એટલું જ નહીં પણ ભારત ભરમાં અનેક સ્થળોએ વારંવાર ગયેલા ને રહેલા. તેથી તે તે સ્થળની લોકબોલીઓની પણ અસર જોઈ શકાશે. આ દષ્ટિએ પાઠ ને ભાષાનો નિર્ણય ખૂબ પરિશ્રમ માંગી લે તેવો છે. સરળતાથી ને ઓછા સમયમાં ચોક્કસ નિર્ણય ન લઈ શકાય એમ લાગવાથી મેં તો આ ગ્રંથમાં જે ગ્રંથની સાખી તે જ ગ્રંથની ભાષા ને પાઠ રહેવા દીધાં છે.

સાખી શબ્દના અર્થ અંગે કબીર સાહેબ એકદમ સ્પષ્ટ છે. એમ તો સાખી શબ્દ કાવ્યશાસ્ત્રનો શબ્દ ગણાય. કાવ્યશાસ્ત્રના એક છંદનું નામ સાખી છે પરંતુ કબીર સાહેબે સાખી-છંદનો ઉપયોગ કર્યો નથી. સાખી શબ્દ તેમણે વિશિષ્ટ અર્થમાં પ્રયોજ્યો છે. સાખીનું મૂળ સંસ્કૃત શબ્દ સાક્ષીમાં રહેલું છે. સાક્ષીનું અપભ્રંશ રૂપ તે સાખી. જેણે પોતાની સગી આંખે ઘટના બનતી જોઈ હોય તે સાક્ષી તરીકે કોર્ટમાં માન્ય ગણાય છે. હિન્દી સાહિત્યમાં તો બનેલી ઘટના વર્ણનને પણ સાક્ષી કહેવામાં આવે છે. બંને પ્રકારના અર્થધ્વનિ સાખી શબ્દમાં રહેલા છે. કબીર સાહેબે પરમતત્ત્વનો સાક્ષાત અનુભવ કર્યો હતો તેથી તેમણે તે અંગેનું વર્ણન, કેટલીક ઉપયોગી માહિતી ને તે અંગેનું સમ્યક માર્ગદર્શન સાખીઓમાં ખુબ જ સહજ રીતે રજુ કર્યું છે.

અમેરિકાના ભક્ત સમાજની ઈચ્છાના પરિણામ સ્વરૂપે આ લઘુગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે તા ૬-૨-૧૯૮૭ થી તા ૧૬-૨-૧૯૮૭ સુધી મારી પાસેથી બીજક અંગેના વ્યાખ્યાઓ સાંભળ્યા પછી આધુનિક સમાજમાં પણ કબીર સાહેબનું સાહિત્ય અત્યંત ઉપયોગી લાગવાથી ભક્ત સમાજના આગેવાનોને સરળ ભાષામાં કબીર સાહિત્ય પ્રગટ કરવાની પ્રેરણા થઈ તેઓએ મારી મદદ માંગી. સદ્‌ગુરૂની વાણીના સ્વાધ્યાયની સોનેરી તક ફરીથી મને મળતી હોવાથી અને એ દ્વારા સમાજને સેવાનું સત્કર્મ પણ થશે એમ માની મેં સંમતિ આપી. સમાજની કારોબારીના સભ્ય શ્રી ગોકળભાઈ મકનજી ભક્તે તમામ ખર્ચ પોતાની માતાની સ્મૃતિમાં પોતાને શિરે લેવાની તૈયારી બતાવી ને પરિણામે આ ગ્રંથ તૈયાર થઈ શક્યો.

આ ગ્રંથ તૈયાર કરવામાં મેં નીચેના ગ્રંથોનો આધાર લીધો છે તે સાભાર જણાવતા આનંદ અનુભવું છું.

(૧) કબીર ગ્રંથાવલી (ડૉ. માતાપ્રસાદ ગુપ્ત)
(૨) કબીર ગ્રંથાવલી (ડૉ. પુષ્પપાલસિંહ)
(૩) સ્વામી હનુમાનદાસ કૃત કબીર બીજક
(૪) સ્વામી બ્રહ્મલીન કૃત કબીર બીજક
(૫) કબીર વાંગમય ખંડ-૩ (ડૉ. જયદેવસિંહ, ડૉ. વાસુદેવસિંહ)
(૬) બેરામજી માદન કૃત કબીરવાણી
(૭) કબીર સાહેબની સાખી (મણિલાલ મહેતા)
(૮) સંક્ષિપ્ત પ્રસ્થાનત્રયી (શ્રી જયંતિલાલ મહેતા, શ્રી ચંદ્રકાન્ત મહેતા)
(૯) કબીરવાણી અંક ૧૦૦
(૧૦) સંત કબીર (સુદર્શન ચોપડા)
(૧૧) કબીર કી વિચારધારા (ડૉ. ગોવિંદ ત્રિગુણાયત)
(૧૨) સાહિત્ય એકેડેમી દ્વારા પ્રકાશિત કબીર વચનાવલી

હિન્દી સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ચિનુભાઈ ઠાકરે પોતે યુનિવર્સીટીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવા છતાં પોતાનો કિંમતી સમય આ નાની સરખી પુસ્તિકાની સંક્ષિપ્ત છતાં માર્ગદર્શન રૂપ અતિ ઉપયોગી

પ્રસ્તાવના લખી આપવા માટે ફાળવ્યો તેથી હું આભારની લાગણી અનુભવું છું. તેમના તરફથી સમાજને અવારનવાર માર્ગદર્શન મળ્યા કરશે એવી અપેક્ષા જરૂર રાખીએ.

કપુરા,
તા. ૧૦-૧૨-૧૯૮૭
ઈશ્વરભાઈ પ્ર. પટેલ

(અદ્યતન સંશોધનાત્મક માહિતી)

# કબીર સાહેબના જીવન વિષે...

"પ્રાચીન કાળમાં ભારતીય પ્રજાએ પોતાના મહાપુરૂષોના જીવનવૃત્તાંત જાણવા અંગે અપેક્ષાભાવ દર્શાવ્યો છે."

ઉપરોક્ત આક્ષેપ પ્રો. મેક્સ મુલરે કર્યો છે. એમાં ઘણું તથ્ય છે. સંતો પોતાના જીવન વિષે મૌન રહ્યા તેથી આવી ઘટના બની. કબીર સાહેબે પોતાનાં જીવન વિષે કંઈ જ લખ્યુ નથી. તેથી કબીર સાહેબ ક્યાં જન્મ્યા હતા, ક્યારે નિર્વાણ પામ્યા હતા, તેમનાં માતાપિતા કોણ હતા, તેઓ કયી જાતિના હતા વિગેરે મુદ્દાઓ આપણે માટે આજે અસ્પષ્ટ જ ગણાય. સંકિતિક રીતે જે કાંઈ મળે છે તે આધારે માત્ર અનુમાનો કરીને વિદ્વાનો તારણ કાઢવા પ્રયત્ન કરે છે. પરિણામે અનેક મતમતાંતરો પેદા થયા છે. સંપૂર્ણ સત્ય હજી પણ જાણી શકાયું નથી. અધિકાંશ વિદ્વાનો નીચે પ્રમાણેની હકીકતો સ્વીકારે છે.

૧. મોટા ભાગના વિદ્વાનો સં. ૧૪૫૫ને કબીર સાહેબનો જન્મ સમય ગણે છે.

૨. જન્મ સ્થળ તરીકે કાશી નગરીને જ પ્રમાણિત ગણે છે.

૩. જીવનનો મહત્વનો સમય કાશીમાં જ વ્યતીત થયો ગણાય છે.

૪. નિર્વાણમિતિ સં. ૧૫૭૫ માનવામાં આવે છે; ને નિર્વાણ સ્થળ મગહરને જ માનવામાં આવે છે.

૫. તે સમયના પ્રસિદ્ધ સંત અને બનારસ વાસી મહાત્મા સ્વામી રામાનંદ તેમના ગુરૂ હતા.

૬. વૈષ્ણવ સંપ્રદાયની અસર પણ ગુરૂ રામાનંદને કારણે જ થયેલી.

૭. કબીર સાહેબ હિન્દુ કોલિય વંશના રાજપૂત હતા. તે વણકરની જાતિ ગણાતી. કાળક્રમે આ જાતિ નાથપંથી જોગી તરીકે પ્રસિદ્ધ થઈને પાચલથી મજબૂરીને કારણે અ જાતિનું ઇસ્લામમાં ધર્માન્તર થયું અને જોલાહા કહેવાયા. સમાજમાં તે જાતિનું સ્થાન નિમ્નકક્ષાનું જ ગણાતું હતું. વિશાળ અર્થમાં કબીર સાહેબ જેવા સંતપુરૂષોને કોઈ જાતિ-પાંતિના ભેદભાવો હતા જ નહિ. તેઓ તો આખી પૃથ્વીને પોતાનું ઘર માનતા ને પોતાનું કુટુંબ માનતા.

૮. "હકીકતે તેઓ લોકજીવન અને લોકમાનસ સાથે તદાકાર થઇ ગયેલા. લોકજીવનથી અલગ પોતાની જાતનું અસ્તિત્વ છે. પોતાની જીવન ઘટનાઓનું મહત્વ છે તેવું તેઓ માનતા જ નહોતા. તેથી પોતાની

જીવન ઘટનાઓનું આલેખન તેમણે કર્યું જ નથી. કબીર સાહેબ તો સત્યના સંશોધક હતા, કુટિલતાના નિર્મમ નિંદક હતા, સમાજ સુધારક હતા, ઈશ્વરની એકતાને આધારે માનવ એકતાના પ્રતિપાદક હતા, સાચા માનવ ધર્મના સંસ્થાપક હતા, યુગયુગ વંદનીય પાવન દિવ્ય પ્રતિભા હતા – એ સંદર્ભમાં કોઈ મમતાંતર નથી, કોઈ સંદિગ્ધતા નાતી, કોઈ સંશોધકની જરૂર નથી."

પ્રા. દિલીપ વૈદ્ય
(કબીરવાણી અંક ૧૦૦)

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સાખી - ૧ : જહિયા જન્મ મુક્ત હતા ... | ૧ |
| સાખી - ૨ : શબ્દ હમારા આદિ કા ... | ૨ |
| સાખી - ૩ : શબ્દ બિના શ્રુતિ આંધરી ... | ૨ |
| સાખી - ૪ : શબ્દ શબ્દ બહુ અંતરા ... | ૩ |
| સાખી - ૫ : શબ્દૈ મારા ગિર પરા ... | ૩ |
| સાખી - ૬ : જો જાનહુ જિવ આપના ... | ૩ |
| સાખી - ૭ : હંસા તૂ સુબરન બરન ... | ૪ |
| સાખી - ૮ : હંસા સરબર તજિ ચલે ... | ૪ |
| સાખી - ૯ : જાગ્રત રૂપી જીવ હૈ ... | ૫ |
| સાખી - ૧૦ : પાંચ તત્ત કે ભીતરે ... | ૫ |
| સાખી - ૧૧ : હૃદયા ભીતર આરસી ... | ૬ |
| સાખી - ૧૨ : ગાંવ ઉંચ પહાડ પર ... | ૬ |
| સાખી - ૧૩ : કબીર કા ઘર શિખર પર ... | ૭ |
| સાખી - ૧૪ : ચંદન સરપ લપેટિયા ... | ૭ |
| સાખી - ૧૫ : કબીર ભરમ ન ભાજિયા ... | ૮ |
| સાખી - ૧૬ : ચલતે ચલતે પગુ થકા ... | ૮ |
| સાખી - ૧૭ : ઝાલિ પરે દિન આથયે ... | ૯ |
| સાખી - ૧૮ : મન કહે કબ જાઈએ ... | ૯ |
| સાખી - ૧૯ : કબીરા શબ્દ શરીર મેં ... | ૧૦ |
| સાખી - ૨૦ : મતા હમારા મંત્ર હૈ ... | ૧૦ |
| સાખી - ૨૧ : આદિ નામ નિજ મૂલ હૈ ... | ૧૦ |
| સાખી - ૨૨ : જંત્ર મંત્ર સબ જૂઠ હૈ ... | ૧૧ |
| સાખી - ૨૩ : જ્યોં તિલમાં હિ તેલ હૈ ... | ૧૧ |
| સાખી - ૨૪ : પાવક રૂપી સાંઇયાં ... | ૧૨ |
| સાખી - ૨૫ : જા કારન જગ ઢૂંઢિયા ... | ૧૨ |
| સાખી - ૨૬ : ગૃહ તજિ ઉદાસી ભયે ... | ૧૩ |
| સાખી - ૨૭ : પારસ રૂપ જીવ હૈ ... | ૧૩ |
| સાખી - ૨૮ : દોહરા તો નૂતન ભયા ... | ૧૪ |
| સાખી - ૨૯ : સાખી કહૈ ગહે નહીં ... | ૧૪ |
| સાખી - ૩૦ : સંસારી સમય વિચારી ... | ૧૫ |

સાખી - ૩૧ : સંસય સબ જગ ખંધિયા ... ૧૫
સાખી - ૩૨ : તીનિ લોક ટીડી ભયે ... ૧૫
સાખી - ૩૩ : સેમર સુવના સેઈયા ... ૧૬
સાખી - ૩૪ : મન સાયા મનસા લહરિ ... ૧૬
સાખી - ૩૫ : મન કે હારે હાર હૈ ... ૧૭
સાખી - ૩૬ : તેરા સંગી કોઈ નહીં ... ૧૭
સાખી - ૩૭ : મન માયા તો એક હૈ ... ૧૮
સાખી - ૩૮ : મન સાયર મનસા લહરિ ... ૧૯
સાખી - ૩૯ : નાના રંગ તરંગ હૈ ... ૨૦
સાખી - ૪૦ : મનુષ જન્મ દુરલભ હૈ ... ૨૦
સાખી - ૪૧ : ચારિ માસ ઘન બરસિયા ... ૨૧
સાખી - ૪૨ : ગુરૂ કી ભેલી જિવ ડરે ... ૨૧
સાખી - ૪૩ : ચલતી ચક્કી દેખિકે ... ૨૨
સાખી - ૪૪ : દેહ ધરે કા દંડ હૈ ... ૨૨
સાખી - ૪૫ : કબીરા મન પરબત હતા ... ૨૩
સાખી - ૪૬ : કુંભે બાંધા જલ રહે ... ૨૩
સાખી - ૪૭ : ગુરૂ કુમ્હાર, સિષ કુંભ હૈ ... ૨૩
સાખી - ૪૮ : યહ તન બિષકી બેલરી ... ૨૪
સાખી - ૪૯ : કોટિન ચંદા ઊગવેં ... ૨૪
સાખી - ૫૦ : આછે દિન પાછે ગયે ... ૨૪
સાખી - ૫૧ : કાલ કર સો આજ કર ... ૨૫
સાખી - ૫૨ : નાચૈ, ગાવૈ, પદ કહૈ ... ૨૫
સાખી - ૫૩ : માનુષ તેરા ગુણ બડા .. ૨૬
સાખી - ૫૪ : રાત ગંવાઈ સોય કર ... ૨૬
સાખી - ૫૫ : પાવ પલકકી સુધિ નહીં ... ૨૬
સાખી - ૫૬ : પાંચો નોબત બાજતી ... ૨૭
સાખી - ૫૭ : પાની કેરા બુદબુદા ... ૨૭
સાખી - ૫૮ : કબીરા ગર્વ ન કીજીયે ... ૨૭
સાખી - ૫૯ : કબીરા ગર્વ ન કીજિયે ... ૨૮
સાખી - ૬૦ : માટી કહૈ કુમ્હારકો ... ૨૮
સાખી - ૬૧ : કબીરા યહ તન જાત હૈ ... ૨૯
સાખી - ૬૨ : કબીરા સંગત સાધકી ... ૨૯

સાખી - ૬૩ : કબીર સંગત સાધુકી ... ૨૯
સાખી - ૬૪ : તે દિન ગએ અકારથી ... ૨૯
સાખી - ૬૫ : કબીરા ખાંઈ ખોટકી ... ૩૦
સાખી - ૬૬ : તત્વ તિલક માથે દિયા ... ૩૦
સાખી - ૬૭ : મન માલા તન મેખલા ... ૩૦
સાખી - ૬૮ : તન કો જોગી સબ ... ૩૧
સાખી - ૬૯ : હમ તો જોગી મનહિ કે ... ૩૨
સાખી - ૭૦ : પઢના લિખના ચાતુરી ... ૩૩
સાખી - ૭૧ : નામ ભજો મન બસી કરો ... ૩૩
સાખી - ૭૨ : કબિરા દુનિયા દેહરે ... ૩૩
સાખી - ૭૩ : મન મથુરા, દિલ દ્વારિકા ... ૩૪
સાખી - ૭૪ : પૂજા સેવા નેમ વ્રત ... ૩૪
સાખી - ૭૫ : હિરદે માહીં આરસી ... ૩૫
સાખી - ૭૬ : ચીંટી ચાવલ લૈ ચલી ... ૩૫
સાખી - ૭૭ : સત્ત નામ કડુઆ લગે ... ૩૬
સાખી - ૭૮ : કરની બિન કથની કથૈ ... ૩૬
સાખી - ૭૯ : જસ કથની તસ કરનિયૌ ... ૩૬
સાખી - ૮૦ : અતિકા ભલા ન બોલના ... ૩૭
સાખી - ૮૧ : તબ લગિ તારા જગમગૈં ... ૩૭
સાખી - ૮૨ : જીવ જનિ માર હું બાપુરા ... ૩૮
સાખી - ૮૩ : જીવ ઘાત ના કીજિયે ... ૩૮
સાખી - ૮૪ : યે ગુનવન્તી વેલરી ... ૩૯
સાખી - ૮૫ : કાજર કેરી કોઠરી ... ૩૯
સાખી - ૮૬ : લોહા કેરી નાવરી ... ૪૦
સાખી - ૮૭ : જહં આપા તહં આપદા ... ૪૦
સાખી - ૮૮ : પ્રભુતા કો સબ કોઉ ભજૈ ... ૪૦
સાખી - ૮૯ : કબીરા અપને જીવ તેં ... ૪૧
સાખી - ૯૦ : માન બડાઇ જગતમેં ... ૪૧
સાખી - ૯૧ : માયા તજી તો ક્યા ભયા ... ૪૨
સાખી - ૯૨ : કબિરા જોગી જગત ગુરૂ ... ૪૨
સાખી - ૯૩ : આસન મારે ક્યા ભયા ... ૪૩
સાખી - ૯૪ : તનકી ભૂખ તો તનિક હૈ ... ૪૩

સાખી - ૯૫ : મન કે બહુતક રંગ હૈ ... ૪૩
સાખી - ૯૬ : મન કે મતે ન ચાલિયે ... ૪૪
સાખી - ૯૭ : મન મનસા કો મારિ કરિ ... ૪૫
સાખી - ૯૮ : લંબા મારગ, દૂર ઘર ... ૪૬
સાખી - ૯૯ : કરુ બહિયાં બલ આપની ... ૪૬
સાખી - ૧૦૦ : બેઠા હૈ ઘર ભીતરે ... ૪૭
સાખી - ૧૦૧ : બન બનાયા માનવા ... ૪૭
સાખી - ૧૦૨ : બિના વસીલે ચાકરી ... ૪૭
સાખી - ૧૦૩ : સમઝા કા ઘર ઔર હૈ ... ૪૭
સાખી - ૧૦૪ : ઉપર કી દોઉ ગઈ ... ૪૮
સાખી - ૧૦૫ : સકલો દૂરમતિ દૂરિ કસ ... ૪૮
સાખી - ૧૦૬ : ગાવૈ કથૈ વિચારે નાહીં ... ૪૯
સાખી - ૧૦૭ : સુરગ પાતાલ કે બીચમેં ... ૪૯
સાખી - ૧૦૮ : ગુનિયા તો ગુનહીં કહૈ ... ૫૦
સાખી - ૧૦૯ : મૈં જાના કુલ હંસ હો ... ૫૦
સાખી - ૧૧૦ : મુખ કી મીઠી જો કહૈ ... ૫૧
સાખી - ૧૧૧ : કબીર કરની આપની ... ૫૧
સાખી - ૧૧૨ : રામ ઝરુખે બૈઠિ કે ... ૫૨
સાખી - ૧૧૩ : બેઠા હૈ ઘર ભીતરે ... ૫૨
સાખી - ૧૧૪ : એક કર્મ હૈ બોવના ... ૫૨
સાખી - ૧૧૫ : બિન દેખે વહ દેસકી ... ૫૪
સાખી - ૧૧૬ : મલયાગિરિ કે બાસમેં ... ૫૫
સાખી - ૧૧૭ : સાધુ ભયા તો ક્યા હુઆ ... ૫૫
સાખી - ૧૧૮ : માલા તિલક લગાઈ કે ... ૫૫
સાખી - ૧૧૯ : મૈં જાના કુલ હંસ હો ... ૫૬
સાખી - ૧૨૦ : મૂંડ મુંડાયે હરિ મિલૈ ... ૫૬
સાખી - ૧૨૧ : સબ હી ભૂમિ બનારસી ... ૫૭
સાખી - ૧૨૨ : કબીરા મન તો એક હૈ ... ૫૭
સાખી - ૧૨૩ : મન મોટા, મન પાતરા ... ૫૮
સાખી - ૧૨૪ : બાજીગર કા બંદરા ... ૫૮
સાખી - ૧૨૫ : મનસે સુરમુનિ જહંડિયા ... ૫૮
સાખી - ૧૨૬ : મન સ્વારથ આપહિં રસિક ... ૫૮

| | |
|---|---|
| સાખી - ૧૨૭ : સુન્ન સરોવર મીન મન ... | ૫૯ |
| સાખી - ૧૨૮ : ઔર કર્મ સબ કર્મ હૈ ... | ૬૦ |
| સાખી - ૧૨૯ : જબ લગ નાતા જગત કા ... | ૬૦ |
| સાખી - ૧૩૦ : ભક્તિ ભેષ બહુ અંતરા ... | ૬૧ |
| સાખી - ૧૩૧ : જબ લગિ ભક્તિ સકામ હૈ ... | ૬૧ |
| સાખી - ૧૩૨ : દેખા દેખી ભક્તિ કા ... | ૬૧ |
| સાખી - ૧૩૩ : કામી ક્રોધી લાલચી ... | ૬૨ |
| સાખી - ૧૩૪ : ખેત બિગાર્યો ખરતુઆ ... | ૬૨ |
| સાખી - ૧૩૫.અ : અંધ ભયા સબ ડોલઈ ... | ૬૩ |
| સાખી - ૧૩૫ : ભક્તિ ભેષ બહુ અંતરા ... | ૬૩ |
| સાખી - ૧૩૬ : આગે આગે દૌં જરે ... | ૬૪ |
| સાખી - ૧૩૭ : ભક્તિ પ્યારી રામકી ... | ૬૫ |
| સાખી - ૧૩૮ : નામ ન રટા ક્યા હુઆ ... | ૬૫ |
| સાખી - ૧૩૯ : સૂરા કે તો સિર નહીં ... | ૬૫ |
| સાખી - ૧૪૦ : કબિરા સીપ સમુદ્ર કી ... | ૬૬ |
| સાખી - ૧૫૦ : પપિહા પન દેખકર ... | ૬૬ |
| સાખી - ૧૫૧ : હિરદૈ ભીતર દવ બલૈ ... | ૬૬ |
| સાખી - ૧૫૨ : મૂએ પીછે મત મિલૌ ... | ૬૭ |
| સાખી - ૧૫૩ : મૈં અપરાધી જનમકા ... | ૬૭ |
| સાખી - ૧૫૪ : મેરા મુજમેં કુછ નહીં ... | ૬૮ |
| સાખી - ૧૫૫ : બાટ બિચારી ક્યા કરે ... | ૬૮ |
| સાખી - ૧૫૬ : જિન ઢૂંઢા તિન પાઇયાં ... | ૬૯ |
| સાખી - ૧૫૭ : હદ ચલે સો માનવા ... | ૬૯ |
| સાખી - ૧૫૮ : અપને પહિરે જાગિયે ... | ૭૦ |
| સાખી - ૧૫૯ : મન દીયા કહિં ઔર હી ... | ૭૧ |
| સાખી - ૧૬૦ : પહેલે યહ મન કાગ થા ... | ૭૧ |
| સાખી - ૧૬૧ : એક શબ્દ મેં સબ કહા ... | ૭૨ |
| સાખી - ૧૬૨ : પાની કેરા પુતલા ... | ૭૨ |
| સાખી - ૧૬૩ : બોલી એક અમોલ હૈ ... | ૭૨ |
| સાખી - ૧૬૪ : આપુ આપુ સુખ સબર ... | ૭૨ |
| સાખી - ૧૬૫ : મન મુરીદ સંસાર હૈ ... | ૭૩ |
| સાખી - ૧૬૬ : દીન ગરીબી બંદગી ... | ૭૩ |

સાખી - ૧૬૭ : સાંઈ સાચા રહૈ ... ૭૩
સાખી - ૧૬૮ : સાંચે કોઈ ન પતી જઈ ... ૭૪
સાખી - ૧૬૯ : સબ તે સાંચા હૈ ભલા ... ૭૪
સાખી - ૧૭૦ : સાંચૈ સૌદા કીજિયે ... ૭૪
સાખી - ૧૭૧ : દયા કૌન પર કીજિયે ... ૭૪
સાખી - ૧૭૨ : કબિરા તહાં ન જોઈએ ... ૭૫
સાખી - ૧૭૩ : પહિલે બુરા કમાઈ કે ... ૭૫
સાખી - ૧૭૪ : પ્રેમ પ્રીતિકા ચોલના ... ૭૫
સાખી - ૧૭૫ : પોથી પઢી પઢી જગ મુઆ ... ૭૫
સાખી - ૧૭૬ : બાની તો પાની ભરૈ ... ૭૬
સાખી - ૧૭૭ : પ્રેમ ન બાડી ઉપજૈ ... ૭૬
સાખી - ૧૭૮ : સીસ ઉતારૈ ભુઈ ધરૈ ... ૭૭
સાખી - ૧૭૯ : પીયા ચાહે પ્રેમ રસ ... ૭૭
સાખી - ૧૮૦ : સબૈ રસાયન મૈં કિયા ... ૭૭
સાખી - ૧૮૧ : જબ લગિ મરને સે ડરે ... ૭૮
સાખી - ૧૮૨ : પિંજર પ્રેમ પ્રકાસિયા ... ૭૮
સાખી - ૧૮૩ : સુન્ન મંડલમેં ઘર કિયા ... ૭૯
સાખી - ૧૮૪ : સુરતિ સમાની નિરતિમેં ... ૭૯
સાખી - ૧૮૫ : ઉન્મુનિ સો મન લાગિયા ... ૮૦
સાખી - ૧૮૬ : આતમ અનુભવ જ્ઞાનકી ... ૮૧
સાખી - ૧૮૭ : કાગદ લિખે સો કાગદી ... ૮૧
સાખી - ૧૮૮ : લિખા લિખી કી હૈ નહીં ... ૮૨
સાખી - ૧૮૯ : ઉલટિ સમાના આપમેં ... ૮૨
સાખી - ૧૯૦ : લાલી મેરે લાલકી ... ૮૩
સાખી - ૧૯૧ : તેરા સાંઈ તુજમેં બસે ... ૮૩
સાખી - ૧૯૨ : સાહેબ સોં સબ હોત હૈ ... ૮૪
સાખી - ૧૯૩ : સાંઈ મેરા બાનિયા ... ૮૪
સાખી - ૧૯૪ : એક કહૌ તો હૈ નહીં ... ૮૫
સાખી - ૧૯૫ : જેતા ઘટ તેતા મતા ... ૮૫
સાખી - ૧૯૬ : જ્યોં નૈનનમેં પૂતરી ... ૮૬
સાખી - ૧૯૭ : જો જાગત સો સ્વપ્નમેં ... ૮૬
સાખી - ૧૯૮ : યહ તત વહ તત એક હૈ ... ૮૭

સાખી - ૧૯૯ : દેહી માહિં વિદેહ હૈ ... ૮૭

સાખી - ૨૦૦ : જાકે મુંહ માથા નહીં ... ૮૮

સાખી - ૨૦૧ : અછૈ પુરૂષ ઇક પેડ હૈ ... ૮૯

સાખી - ૨૦૨ : ચાર ભુજા ભજનમેં ... ૯૦

સાખી - ૨૦૩ : સરગુણકી સેવા કરો ... ૯૨

સાખી - ૨૦૪ : કબીર જેતી દેખીં આતમા ... ૯૩

સાખી - ૨૦૫ : પથ્થર પૂજૈ હરિ મિલે ... ૯૩

સાખી - ૨૦૬ : હમ ભી પાહન પૂજતે ... ૯૪

સાખી - ૨૦૮ : ભલી ભઈ જુ ગુરૂ મિલા ... ૯૪

સાખી - ૨૦૯ : જ્ઞાન પ્રકાશા ગુરૂ મિલા ... ૯૫

સાખી - ૨૧૦ : સતગુરૂ કી મહિમા અનંત ... ૯૫

સાખી - ૨૧૧ : આંધી આઈ જ્ઞાન કી ... ૯૫

સાખી - ૨૧૨ : સાખી આંખી જ્ઞાનકી ... ૯૬

લાલી મેરે લાલકી જીત દેખોં તિત લાલ,
લાલી દેખન મેં ગઈ મેં ભી હો ગઈ લાલ.

## સાખી - ૧ : જહિયા જન્મ મુક્ત હતા ...

**જહિયા જન્મ મુક્ત હતા, તહિયા હતા ન કોય**
**છઠ્ઠી તિહારી હૌં જગા, તૂ કહાં ચલા બિગોય ?**

જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં તું જન્મથી મુક્ત હતો ત્યારે તારું કોઈ હતું નહીં. તે સમયે તારી છઠ્ઠી ઇન્દ્રિય સ્વરૂપ તારા મનમાં અહંકાર પેદા થયો તે ત્યારથી તું વિનાશને માર્ગે ક્યાં જઈ રહ્યો છે ?

નોંધ : આ સાખી બે વાત સ્પષ્ટ કરે છે - એક તો કબીર સાહેબ વેદ વિરોધી હતા એમ કહી શકાય નહિ ને બીજું આ સાખીમાં વપરાયલા જહિયા-તહિયા, હતા, છઠ્ઠી વિગેરે શબ્દો હિન્દી ભાષાના નથી પરંતુ ગુજરાતી ભાષાના છે.

आत्मा वा इदमेक णवाग्र आसीत અને णकोऽहम् बहुस्याम् ઇત્યાદિ વેદવચનોને આ સાખી ટેકો આપે છે. આ નામ રૂપાત્મક જગત સૃષ્ટિની ઉત્પતિ પહેલાં ન હતું. આત્માનો પ્રાણાદિ સાથે સંબંધ પણ ન હતો. તેથી ત્યારે ભાઇ-બહેન, મા-બાપ, કાકા-મામા વિગેરે સંબંધ પણ ન હતા. માત્ર આત્મા એકલો જ હતો. પરંતુ જ્યારે મનમાં અનેક થવાની ઇચ્છા જન્મી ત્યારે ગતિશીલતા જન્મી. તે અવસ્થાને આપણે અહંકારની અવસ્થા કહીએ છીએ. ત્યારથી જન્મ મરણના ચક્રમાં આત્મા ભટક્યા કરે છે. એ અવસ્થાને કબીર સાહેબ વિનાશનો માર્ગ કહે છે.

'હતા' ક્રિયાપદ ગુજરાતી ભાષાનું છે. જહિયા ને તહિયા શબ્દો પણ ગુજરતી ભાષાના છે. તેથી ગુજરાતી પ્રજા સાથે કબીર સાહેબનો ગાઢ સંપર્ક થયેલો એમ માની શકાય. વળી એમ પણ કહી શકાય કે કબીર સાહેબ ગુજરાતમાં વારંવાર આવ્યા હોવા જોઈએ ને તે કારણે તેમની વાણીમાં ગુજરાતી ભાષાના શબ્દો વપરાયલા જણાય છે.

## સાખી - ૨ : શબ્દ હમારા આદિ કા ...

**શબ્દ હમારા આદિ કા, અતિબલ દિખા ન કોય**
**આગે પીછે જો કરે, સો બલહિના હોય !**

આમારા શબ્દ અથવા અમારી વાણી મૂળનો બોધ કરે છે. તેમાં સંશય કરનારા મનુષ્યો નિર્બળ હોવાને કારણે મૂળ વિદ્યાને અથવા આત્મવિદ્યાને પ્રાપ્ત કરી શકતા નથી. સબળ મનુષ્યો જ તેને પ્રાપ્ત કરી શકે.

નોંધ : આ સાખી દ્વારા પણ વેદમતને સીધો ટેકો મળે છે. મુંડકોપનિષદનું પ્રખ્યાત વચન

नायमात्मा बलहिनेन लम्य: |

આ આત્મા બળહીનથી પ્રાપ્ત થઇ શકે નહીં એવો એનો અર્થ છે. જે સંશયાત્મા છે તે નિર્બળ ગણાય છે. તેની બુદ્ધિ અનેક હેતુઓમાં ભ્રમિત બની જાય છે ને પરિણામે જે શક્તિ હોય છે તે વૃથા વ્યય પામે છે. આખરે તેની અવસ્થા નિર્બળની બની જાય છે. આત્મ તત્વ પામવા માટે એકાગ્રતાની જરૂર છે. એકાગ્રતા બળવાન મનુષ્યોની નિશાની છે. ખૂબ પુરૂષાર્થ કરવામાં આવે તો ચિત્ત શુદ્ધ બને. ચિત્ત શુદ્ધ બને તો જ સ્થિર થઇ શકે. સ્થિરતા તે જ એકાગ્રતા.

## સાખી - ૩ : શબ્દ બિના શ્રુતિ આંધરી ...

**શબ્દ બિના શ્રુતિ આંધરી, કહો કહાં કો જાય ?**
**દ્વાર ન પાવૈ શબ્દકા, ફિરિ ફિરિ ભટકા ખાય !**

જેનું હૃદય ગુરૂના બોધ વચનો દ્વારા સમૃદ્ધ બન્યું નથી તેની શ્રુતિ એટલે કે મનોવૃત્તિ આંધળી છે. તેવું મન સારરૂપ શબ્દના દ્વાર સુધી પહોંચતું નથી. બિન જરૂરી પદાર્થોમાં નિમગ્ન બની જતું હોવાથી વારંવાર ભટક્યા કરે છે. મતલબ કે મુક્તિનું સુખ પ્રાપ્ત થઈ શકતું નથી.

નોંધ : ગુરૂ દ્વારા બોધ મળે તે જ્ઞાનરૂપ શબ્દ કહેવાય. તેમાં ચિંતન-મનન-નિદિધ્યાસન ભળે એટલે જીવ પ્રકાશને પંથે ગતિ કરતો થઈ જાય. તેવો બોધ ન પ્રાપ્ત કરે તો અજ્ઞાનના અંધકારમાં જ જીવ ભટક્યા કરે છે.

## સાખી - ૪ : શબ્દ શબ્દ બહુ અંતરા ...

**શબ્દ શબ્દ બહુ અંતરા, સાર શબ્દ મત લીજૈ**
**કહઁહિ કબીર જેહિ સાર શબ્દ નહીં, ધ્રુગ જીવન સો જીવૈ**

શબ્દ શબ્દમાં બહું તફાવત છે. જે સાર શબ્દ છે તેનાં મત પ્રમાણે જ જીવવું જોઇએ. કબીર કહે છે કે હે જીવ, જે ગુરુ પાસેથી બોધ પ્રાપ્ત કરીને સાર શબ્દ ગ્રહણ નથી કર્યો તેનું જીવવું ધિક્કાર છે.

## સાખી - ૫ : શબ્દૈ મારા ગિર પરા ...

**શબ્દૈ મારા ગિર પરા, શબ્દહિં છોડા રાજ**
**જિન જિન શબ્દે બિબેકિયા, તિનકા સરિગૌ કાજ !**

કેટલાક શબ્દો એવા હોય છે કે તેને સાંભળતા જ જીવ પોતાનો આદર્શ છોડીને પતન પામે છે. ને કેટલાંક શબ્દો એવા હોય છે કે તેને સાંભળતા જ જીવ રાજ પાટ પણ છોડીને મહાન આદર્શ સિદ્ધિ માટે ખપી જાય છે. જે આવા બંને પ્રકારના શબ્દો સાંભળીને વિવેકપૂર્વક વિચાર કરીને નિર્ણય કરે છે તેનું જીવન સફળ થાય છે.

## સાખી - ૬ : જો જાનહુ જિવ આપના ...

**જો જાનહુ જિવ આપના, કરહુ જીવ કો સાર**
**જિયરા ઐસા પાહુના[૧], મિલે ન દૂજી બાર !**

૧ = મહેમાન

જે મનુષ્ય પોતાના આત્માને ખરેખર પોતાનું જ સ્વરૂપ સમજે છે તે જ શબ્દ ખરેખર સારરૂપ છે. તે દ્વારા જ જીવનું કલ્યાણ થાય છે. આ શરીરમાં આત્મા તો મોઘેરા મહેમાન જેવો છે. તે વારંવાર આવતો નથી.

## સાખી - ૭ : હંસા તૂ સુબરન બરન ...

**હંસા[૧] તૂ સુબરન[૨] બરન, કા બરનૌ[૩] મૈં તોહિ**
**તરિવર[૪] પાય પહેલિ હો, તબ સરાહૌં[૫] તોહિ**

૧. વિવેકી જીવ ૨. સુવર્ણ સમાન ૩. વર્ણન ૪. વૃક્ષ ૫. પ્રશંસા

હે વિવેકી જીવ, તું સુવર્ણ સમાન શુદ્ધ વર્ણવાળો છે. તું સ્વયંપ્રકાશી છે. તારું તો શું વર્ણન કરું ? તું આ દેહરૂપી વૃક્ષમાં આવ્યો છે તો તું જ્યારે જ્ઞાનથી હાર્યો ભર્યો થશે ત્યારે જ હું તારી પ્રશંસા કરીશ.

## સાખી - ૮ : હંસા સરબર તજિ ચલે ...

**હંસા સરબર તજિ ચલે, દેહી પરિગૌ સૂન !**
**કહઁહિ કબિર પુકારિ કે, તેહિ દર તેહિ થૂન !**

હે જીવ ! જ્યારે આત્મા શરીરરૂપી સરોવર છોડીને ચાલ્યો જાય છે ત્યારે આ દેહ સૂમસામ જડ બની જાય છે. પરંતુ કબીર કહે છે કે તે આત્મા તો ફરીથી તેવું જ શરીર ધારણ કરીને આ જગતમાં પાછો આવે છે. જે રીતે ઢોરને બાંધવાનો એક ખીલો એક દરમાંથી બીજા દરમાં નાંખવામાં આવે છે તેવી રીતે એક જ આત્માને બીજા શરીરમાં પ્રવેશવું પડે છે.

નોંધ : દર એટલે ખાડો. ગામડામાં ઢોરને બાંધવા માટે ખીલા રોપવામાં આવે છે. ત્યારે જે ખાડો ખોદવામાં આવે છે તેને દર કહેવામાં આવે છે. આત્મા શરીરને બદલે છે. એક શરીરમાંથી બીજામાં પ્રવેશ પામે છે તે ક્રિયાને કબીર સાહેબે ગામઠી પરિભાષામાં સુદંર રીતે સમજાવી દીધી છે. પશુપાલન કરનારને આવી ઉપમા સૂઝે.

## સાખી - ૯ : જાગ્રત રૂપી જીવ હૈ ...

**જાગ્રત રૂપી જીવ હૈ, શબ્દ સોહાગા સેત[૧]**
**જરદ[૨] બુન્દ જલ કૂકુહી[૩], કહહિં કબીર કોઈ દેખ**

૧. સફેદ ૨. વરસાદના ૩. પરપોટા

જીવ તો પ્રકાશ સ્વરૂપ (જાગ્રત રૂપી) છે. પરંતુ અવિદ્યા રૂપી મૂઢ અવસ્થામાં તેનાં પર મળના થરો જામી જાય છે. તે મલિનતા ગુરુના ઉપદેશથી દૂર થઇ જાય છે ને જીવનું અસલ સ્વરૂપ (સેત)નો પરિચય થાય છે. જે રીતે વરસાદનું પાણી વરસે ત્યારે તળાવના પાણીમાં પરપોટા પેદા થાય છે. ને તે પરપોટા તળાવના પાણીથી જુદા જ લાગે છે. હકીકતે તે પણ પાણી જ હોવાથી જુદા નથી. તે રીતે ગુરુના શરણાગતને જીવના શુદ્ધ સ્વરૂપનો પરિચય થઈ જાય છે. પરંતુ કબીર સાહેબ તો કહે છે કે એવા શિષ્ય તો વિરલ જ હોય છે.

## સાખી - ૧૦ : પાંચ તત્ત કે ભીતરે ...

**પાંચ[૧] તત્ત કે ભીતરે, ગુપ્ત વસ્તુ અસ્થાન**
**બિરલ મરમ કોઈ પાઇ હૈ, ગુરુ કે શબ્દ પ્રમાન**

૧. પાંચ તત્વ (જલ, પૃથ્વી, અગ્નિ, વાયુ ને આકાશ.)

પાંચ તત્વના બનેલા શરીરમાં હૃદય નામનું એક ગુપ્ત સ્થાન છે. તેમાં ચૈતન્યનો વાસ છે. પરંતુ ગુરુના શબ્દને પ્રમાણભૂત માનવાવાળા યોગ્ય જીવને જ તેનો ખ્યાલ આવે છે, બધાંને આવતો નથી.

## સાખી - ૧૧ : હૃદયા ભીતર આરસી ...

**હૃદયા ભીતર આરસી, મુખ દેખા નહીં જાય**
**મુખ તો તબહી દેખિ હો, દિલકી દુબિધા જાય !**

હૃદય રૂપી આરસીમાં આત્માનું મુખ દેખાતું નથી. મુખ તો ત્યારે જ દેખાય છે કે જ્યારે હૃદય રૂપી આરસી પર શંકા-કુશંકા રૂપી ધૂળ ન જામી હોય!

નોંધ : આરસીમાં એટલે કે દર્પણમાં મોઢું જોવું હોય તો આરસી સાફ રાખવી પડે ને આંખ પણ બરાબર રાખવી પડે. હૃદયમાં આત્મા બુદ્ધિથી જોઈ શકાય છે. હૃદય દ્વિધાઓથી, શંકા કુશંકાઓથી અશુદ્ધ હોય તો બુદ્ધિ આત્માનું દર્શન ન કરી શકે. તે જ રીતે બુદ્ધિ પણ દોષિત હોય તો આત્માનું દર્શન થતું નથી. આત્માનું દર્શન કરવા માટે હૃદય પણ સ્વચ્છ, પવિત્ર રાખવું જરૂરી છે ને બુદ્ધિ પણ શુદ્ધ રાખવી જરૂરી છે. આરસીના દષ્ટાંતથી કબીર સાહેબ આપણને બંને વસ્તુનો બોધ આપે છે.

## સાખી - ૧૨ : ગાંવ ઉંચ પહાડ પર ...

**ગાંવ ઉંચ પહાડ પર, ઔર મોટે કી બાંહ**
**ઐસા ઠાકુર સેઇએ, ઉબરિયે જાકી છાંહ !**

જેવી રીતે ઊંચા પહાડ પર ગામ વસાવવાથી રેલનો ભય રહેતો નથી અને જેવી રીતે મોટા માણસનો હાથ પકડવાથી ચોર, ડાકુ કે શત્રુનો પણ ભય રહેતો નથી. તેવી રીતે હે જીવ ! મહાન પરમાત્મા (ઠાકુર) કે ગુરૂનું શરણું લેવાથી નિર્ભય બની જવાય છે ને તેની છત્રછાયામાં આત્માનો ઉદ્ધાર (ઉબરિયે) થાય છે.

## સાખી - ૧૩ : કબીર કા ઘર શિખર પર ...

**કબીર કા ઘર શિખર પર, જહાઁ સિલહલી[૧] ગૈલ[૨]**
**પાંવ ન ટિકૈ[૩] પિપીલિકા, ખલકન[૪] લાદે પબૈલ !**

૧. ચીકણો ૨. માર્ગ ૩. કીડી ૪. સંસારી લોક ૫. બળદ

જ્ઞાની (કબીર) પુરૂષોનું સ્થાન તો સર્વોચ્ચ ગણાય છે. ત્યાં જવાનો માર્ગ અતિશય ચીકણો છે. ત્યાં તો કીડીનો પગ પણ ઠરી શકે નહીં એવું સ્થાન છે. ત્યાં જવા માટે સંસારી લોકો અભિમાન રૂપી બળદ પર પાર્થિવ ધન લાદીને જવાને માંગે છે, તે કેવી રીતે બની શકશે ?

નોંધ : અભિમાન રહિત અવસ્થા પર જ્ઞાની પુરૂષોનું સ્થાન છે. તેવા જ્ઞાની પુરૂષોનું શરણું લેવાથી આત્માનું કલ્યાણ થાય છે. આપણે સંસારીઓ તો 'હું કરું' 'હું કરું' એવું કહીએ છીએ ને સમૃદ્ધિ એકત્ર કરીને બડાઈ મારીએ છીએ. આપણે જ્ઞાની પુરૂષોના ઉર્ધ્વ સ્થાન પર કેવી રીતે પહોંચી શકીએ ? માટે આ જન્મમાં તો તેવા જ્ઞાનીઓનો સહારો મેળવવા જ ભાગ્યશાળી થવાની જરૂર છે.

## સાખી - ૧૪ : ચંદન સરપ લપેટિયા ...

**ચંદન સરપ લપેટિયા, ચંદન કાહ કરાય ?**
**રોમ રોમ વિષ ભીનિયા, અમૃત કહાઁ સમાય ?**

ઝેરની ગરમીથી વ્યાકુળ બનેલો સાપ ચંદન વૃક્ષના થડ સાથે લપેટાઈ જાય તો પણ ચંદન વૃક્ષ શું કરી શકે ? સાપના રોમ રોમમાં ઝેર વ્યાપીને રહેલું હોય ત્યાં અમૃત કેવી રીતે રહી શકે ?

નોંધ : એક વાસણમાં પાણી ભર્યું હોય ને તેમાં દૂધ ભરવું હોય તો તે વાસણમાંથી પ્રથમ તો પાણી ખાલી કરવું પડશે. તે રીતે રોમ રોમમાં સર્પની મારક ઝેર ભરીને અમૃત ભરી શકાતું નથી. પ્રથમ ઝેર ખાલી કરવું જ પડે. ચંદન પોતે શીતળ છે. છતાં સાપને તેની શીતળતાની અસર થતી નથી. તે રીતે સદગુરૂના વચનોની અસર આપણા ઉપર થતી નથી.

## સાખી - ૧૫ : કબીર ભરમ ન ભાજિયા ...

**કબીર ભરમ ન ભાજિયા, બહુ વિધિ ધરિયા ભેખ,**
**સાંઈ કે પરચે બિના, અન્તર રહી ગઈ રેખ !**

અનેક પ્રકાર વેષ ધારણ કરવાથી પણ ભ્રમ ભાંગતો નથી ને છૂટકારો થતો નથી. કબીર સાહેબ કહે છે કે જ્યાં સુધી પરમાત્માનો પરિચય થતો નથી ત્યાં સુધી ગમે તે પ્રયત્નો કરો પણ અંતરમાં વાસના રહી જ જાય છે.

નોંધ : પરમ સુખની પ્રાપ્તિ માટે ઘર છોડીને જંગલમાં જનાર ઘણા ભ્રમિત જીવો સંસારમાં ભટકે છે. મનમાં તો વાસના ભરેલી જ હોય છે. છતાં તેઓ જુદાજુદા વેષ બદલીને સાધના કરવા પ્રયત્ન કરે છે. કોઈ યોગી બને છે, કોઈ ત્યાગી બને છે તો કોઈ સન્યાસી બને છે. સન્યાસના પણ પાછા દસ પ્રકાર. તો પણ તેવા જીવોનું કલ્યાણ થતું નથી કારણ કે પરમાત્માનો પરિચય તેમને થયેલો નથી હોતો. પરમાત્માનો પરિચય થાય તો તેની સાથે પ્રીતિ જન્મે ને લગની લાગે. તો જ તે સાચી ભક્તિ કરી શકે.

## સાખી - ૧૬ : ચલતે ચલતે પગુ થકા ...

**ચલતે ચલતે પગુ થકા, નગર રાહ નૌ કોસ !**
**બીચહિંમેં ડેરા પરા, કહ્હુ કવનકા દોસ ?**

એ રીતે ચાલતા ચાલતા પગ પણ થાકી જાય છતાં જે સ્થાનમાં પહોંચવાનું હોય તે સ્થાન તો કાયમને માટે નવ ગાવ દૂર જ રહી જાય છે. વચમાં જ મુકામ થઈ જાય છે. મૃત્યુનો સમય આવી જાય છે, કહો તેમાં કોનો વાંક ?

નોંધ : પરમાત્માનો પરિચય ન થાય ત્યાં સુધીની તમામ મહેનત વૃથા છે. કર્મ, ભક્તિ ને જ્ઞાન તે વિના વાંઝણા છે. ખોટી મહેનત કરવામાં જ જીવન પૂર્ણ થઈ જાય છે. પરમાત્માનું ધામ દૂર જ રહી જાય છે. તેમાં નક્કી કરેલો આદર્શ અપૂર્ણ રહી જાય છે. તેમાં ખરેખર કોનો વાંક ? પરમાત્માનો વાંક તો કેવી રીતે નીકળે ? મહેનત કરનારનો જ વાંક ને ? ખોટી મહેનત શા માટે કરી ? ગુરૂ ચીંધ્યા માર્ગે કેમ ગયો નહીં ?

## સાખી - ૧૭ : ઝાલિ પરે દિન આથયે ...

**ઝાલિ પરે દિન આથયે, અંતર રહ ગઇ સાંજ**
**બહુત રસિક કે લાગતે, વેસ્યા રહી ગઇ વાંઝ !**

એવા સાધકની અંતિમ ઘડીઓ આવી જાય છે ત્યારે અંતરમાં સાંજ છવાઇ જાય છે. અનેક રસિક લોકોની સાથે સંભોગ કર્યા છતાં વેશ્યા વાંઝણી જ રહી જાય છે તેમ તેવા સાધકનું જીવન વૃથા વ્યતીત થાય છે.

નોંધ : કબીર સાહેબ વૃથા મહેનત કરનારને ધ્યાનમાં રાખીને આ સાખીમાં વેશ્યાનો સુંદર દાખલો આપે છે. જેના અંતરમાં પરમાત્મા નથી પણ માત્ર મનોકામના જ છે તેવા સાધકો વૃથા મહેનત કરી કરીને થાકી જાય છે. પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે સકામ ભક્તિનો આશરો લે છે. અનેક દેવદેવીઓનું શરણું લઇ જુવે છે. છતાં તેમની મહેનત સફળ થતી નથી.

## સાખી - ૧૮ : મન કહે કબ જાઈએ ...

**મન કહે કબ જાઈએ, ચિત્ત કહે કબ જાંવ**
**છૌ માસ કે હિંડતે, આધ કોસ પર ગાંવ !**

જ્યારે મન આતુરતાપૂર્વક વિચાર કરે છે કે ક્યારે પરમાત્માના પ્રદેશમાં પહોંચી જાઉં. ત્યારે તેવા પરમાત્માની લગની વાળા ચિત્ત વડે જો સાધના કરવામાં આવે તો માત્ર છ માસમાં જ તેને પરમાત્માની અનુભૂતિ થવા લાગે છે. તે દશામાં તેને પરમાત્મા તદ્દન નજીક જ હોવાનો અનુભવ થાય છે.

નોંધ : આ કબીર સાહેબના અનુભવનું વચન કહેવાય વળી તેમણે સાધકોને ખાત્રી પણ આપી કહેવાય કે જો નિષ્ઠાપૂર્વક સાધનાની મહેનત કરવામાં આવે તો અવશ્ય પરમાત્માની ઝાંખી માત્ર ટૂંકા ગાળામાં જ થવા લાગે છે. કબીર સાહેબે સાધક માટે પ્રેમભક્તિની સાથે સાથે ધ્યાન યોગની કેડી કંડારી આપી છે.

આ સાખીમાં 'હિંડત' ક્રિયાપદ ગુજરાતી ભાષાનું સ્મરણ કરાવે છે. કબીર સાહેબની ગુજરાત યાત્રા એવા શબ્દોના ઉપયોગથી સિદ્ધ થાય છે.

## સાખી - ૧૯ : કબીરા શબ્દ શરીર મેં ...

**કબીરા શબ્દ શરીર મેં, બિન ગુન બાજે તાંત**
**બાહર ભીતર રમી રહ્યા, તાતેં છૂટી ભ્રાંત**

કબીર કહે છે કે શબ્દ-બ્રહ્મ આ શરીરમાં જ રહીને નિર્ગુણ હોવા છતાં વીણાના તારની માફક વાગી રહ્યો છે (મતલબ કે સગુણ થઈ રહ્યો છે) જે શબ્દ-બ્રહ્મ શરીરની બહાર સચરાચરમાં વ્યાપીને રમી રહ્યો છે તે જ શબ્દ-બ્રહ્મ શરીરની અંદર પણ રહ્યો છે. આ પ્રકારની પ્રતીતિ થવાથી તમામ ભ્રાંતિઓ ભાંગી ગઈ છે.

## સાખી - ૨૦ : મતા હમારા મંત્ર હૈ ...

**મતા હમારા મંત્ર હૈ, હમ સા હોય સો લેય**
**શબ્દ હમારા કલ્પતરૂ, જો ચાહે સો દેય !**

આ શબ્દ-બ્રહ્મ જ મંત્ર સ્વરૂપ છે એવો અમારો અભિપ્રાય છે. અમારા જેવો હોય તે જ તેને ગ્રહણ કરે છે. એ શબ્દ બ્રહ્મ તો કલ્પતરૂ સમાન છે અને તેથી જે જે માગે તે તે આપી દે છે.

## સાખી - ૨૧ : આદિ નામ નિજ મૂલ હૈ ...

**આદિ નામ નિજ મૂલ હૈ, ઔર મંત્ર સબ ઠાર,**
**કહ કબીર નિજ નામ બિનુ, બૂડી મુઆ સંસાર**

આ શબ્દ-બ્રહ્મનો મંત્ર જ આદીનામ ને પોતાનું મૂળ અસલ સ્વરૂપ છે. એ જ મુખ્ય મંત્ર છે. એ સિવાયના બીજા મંત્રો ડાળખાં સમાન છે. આ આદિનામના મંત્રનું રહસ્ય ન જાણી શકવાથી આ સંસાર ડૂબી મરે છે.

નોંધ : શરીરમાં જે શબ્દ-બ્રહ્મ ગુંજન કરી રહ્યો છે તેનું રહસ્ય જાણી લેવું જોઈએ. રાત દિવસ શરીરમાં શ્વાસોશ્વાસ રૂપે શબ્દ-બ્રહ્મનો મંત્ર રહેલો છે. જ્યારે શ્વાસ અંદર લેવામાં આવે છે ત્યારે "સો" અવાજ થાય છે ને શ્વાસ બહાર કાઢવામાં આવે ત્યારે "હમ્" અવાજ થાય છે. બંનેના ભેગા થવાથી "સોહમ" મંત્રનું ગુંજન સતત થયા કરે છે. એ જ મંત્ર મૂળ મંત્ર છે ને એ દ્વારા જ પોતાના અસલ સ્વરૂપનું ભાન સહુને થાય છે.

## સાખી - ૨૨ : જંત્ર મંત્ર સબ જૂઠ હૈ ...

**જંત્ર મંત્ર સબ જૂઠ હૈ, મત ભરમો જગકોય**
**સાર શબ્દ જાને બિના, કાગા હંસ ન હોય !**

આ સિવાય જંતર મંતર સર્વ મિથ્યા છે ને તેથી જગમાં કોઈ ભરમાશો નહીં. સારરૂપ શબ્દ (સોહમ્) નું રહસ્ય જાણ્યા વિના કાગડામાંથી હંસ થઈ શકાતું નથી.

## સાખી - ૨૩ : જ્યોં તિલમાં હિ તેલ હૈ ...

**જ્યોં તિલમાં હિ તેલ હૈ, જ્યોં ચકમકમેં આગિ**
**તેરા સાંઈ તુજમેં બસે, જાગિ શકૈ તો જાગિ**

જેમ તલના દાણામાં જ તેલ રહેલું છે ને ચકમકમાં અગ્નિ છૂપાઈને રહેલો છે તેમ તારો સ્વામી (પરમાત્મા) તારા શરીરમાં જ રહેલો છે માટે ચેતી જા. વૃથા મહેનત છોડી દે.

## સાખી - ૨૪ : પાવક રૂપી સાંઇયાં ...

**પાવક રૂપી સાંઇયાં, સબ ઘટ રહા સમાય**
**ચિત ચકમક લાગૈ નહીં, તાતેં બુઝિ બુઝિ જાય !**

પ્રત્યેક શરીરમાં પરમાત્મા અગ્નિની માફક રહેલા છે. પરંતુ એને પ્રગટ કરવા ચિત્તરૂપી ચકમક ઉપયોગ કરવો જોઇએ. ચકમક બરાબર ઘસવામાં ન આવે તો તણખા બુઝાઇ જતા જણાય છે.

નોંધ : કબીર સાહેબે અગાઉ શબ્દ-બ્રહ્મના રહસ્યને જાણ્યા વિના કાગડામાંથી હંસ થવાતું નથી તેમ કહ્યું તે સંદર્ભમાં ત્યારે પછીની સાખીઓ સમજવાથી આનંદ આવશે. જાણવું એટલે જ્ઞાન પ્રાપ્ત કરવું. જ્ઞાન વિના મુક્તિ નથી એવી શાસ્ત્રવાણી છે. પરંતુ એ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું એ સમસ્યાનો કબીર સાહેબ આ બધી સાખીઓ દ્વારા ઉકેલ સૂચવી રહ્યા છે. ચકમકના રૂપક દ્વારા ચિંતન, મનન ને નિદિધ્યાસન જ્ઞાનની પ્રાપ્તિમાં સાધનો છે તેવું સૂચવી રહ્યા છે. જે રીતે ચકમક ઘસવાની પ્રક્રિયા જરૂરી છે તે રીતે ચિંતન ને મનન જરૂરી છે. ઘસવાથી તણખા ઝરે છે ને બાજુમાં રૂ રાખવાથી તેમાં અગ્નિ સાકાર થાય છે. તેમ ચિંતન ને મનન દ્વારા મનને યોગ્ય કેળવણી મળે છે ને પછી એકાગ્રતાની અવસ્થામાં પરમાત્માની બૌદ્ધિક પ્રતીતિ થાય છે. ત્યારે પછી ધ્યાનમાં નિમગ્ન બનવાના પ્રયત્નો દ્વારા એક દિવસ સત્ય સ્વરૂપ પરમાત્માનું જ્ઞાન પ્રગટે છે.

## સાખી - ૨૫ : જા કારન જગ ઢૂંઢિયા ...

**જા કારન જગ ઢૂંઢિયા, સો તો ઘટ હી માંહિ,**
**પરદા દિયા ભરમ કા, તાતેં સૂઝે નાહિ.**

આખું જગત જે મન પરમાત્માને શોધી વળ્યું તે પરમાત્મા તો પોતાના શરીરમાં જ જણાયા. પરંતુ મન ને પરમાત્માની વચ્ચે ભ્રમને પડદો હતો તેથી અત્યાર સુધી દેખાતા નહોતા.

નોંધ : ચિંતન, મનન ને નિદિધ્યાસનની મહેનત દ્વારા એક દિવસ આ ભ્રમનો પડદો હટી જાય છે ત્યારે જ શરીરમાં રહેલ આત્મામાં મન લીન બની જાય છે ને પરમાત્માની એ રીતે ઝાંખી થાય છે. બહાર શોધવાથી વૃથા મહેનત પછી મન કરતું નથી. શરીરમાં ધ્યાનસ્થ થઈ જઈ તે મન વારંવાર દર્શન કરી લે છે.

## સાખી - ૨૬ : ગૃહ તજિ ઉદાસી ભયે ...

**ગૃહ તજિ ઉદાસી ભયે, બન ખંડ તપકો જાય**
**ચોલી થાકી મારિયા, બેરઇ ચુનિ ચુનિ ખાય**

(જો જ્ઞાનની ભૂખ ન હોય તો) ઘર છોડી વૈરાગી બની જવાથી પણ શો ફાયદો ? જંગલમાં જઈ તપશ્ચર્યા કરવાથી પણ શો ફાયદો ? એ રીતની તપશ્ચર્યાથી તો એક દિવસ શરીર પણ મરી જાય છે. એવી મહેનત કરવાથી જંગલી બોર વીણી વીણીને ખાવાનું ફળ મળે છે એટલું જ.

## સાખી - ૨૭ : પારસ રૂપ જીવ હૈ ...

**પારસ રૂપ જીવ હૈ, લોહ રૂપ સંસાર**
**પારસ તે પરસી ભયા, પરસી ભયા ટકસાર**

આ શરીરમાં રહેલો આત્મા તો પારસમણિ સમાન છે. તેનો પરિચય થઈ જાય તો આ લોહ સ્વરૂપ સંસાર પણ સુવર્ણ સમાન લાગવા માંડે છે.

નોંધ : ટકસાર એટલે સુવર્ણ સમાન. સ્વરૂપનું જ્ઞાન થઈ જાય તો આ શરીર પણ કિંમતી લાગે ને આ સંસાર પણ પરમાત્માની જ કૃતિ લાગે. આ જન્મનો મહિમા પણ સમજાય. તેથી જે આત્મસ્વરૂપ છે તેનો પરિચય કરવા જ સહુ પ્રથમ મહેનત કરવાની જરૂર છે.

## સાખી - ૨૮ : દોહરા તો નૂતન ભયા ...

**દોહરા[1] તો નૂતન ભયા, પદહિં[2] ન ચિન્હૈ[3] કોય**
**જિન યહ શબ્દ વિવેકિયા, છત્ર[4] ધની હૈ સોય !**

૧. દોહા છંદ  ૨. એમાં વપરાયલા શબ્દો  ૩. સમજે નહીં  ૪. રાજા (છત્રપતિ)

દોહા છંદમાં રચેલી મારી આ સાખી કવિતા તો હંમેશ નવી જ લાગશે. પરંતુ એમાં વપરાયેલ શબ્દાવલિ વિષે કોઈ વિચારતું પણ નથી ને સમજતું પણ નથી. જેણે એમાં રહેલ ગુપ્ત જ્ઞાન (શબ્દ) ને પારખ્યું છે તે ખરેખર રાજા જેવો ધનવાન બની જાય છે.

નોંધ : કબીર સાહેબે સહુ પ્રથમ સાખીની રચના કરી હતી. રચના પાછળનો ઉદ્દેશ લોકોને સાચા રસ્તે દોરવાનો જ હતો. તેથી તેમણે સાચા જ્ઞાનની જ વાતો કરી. જે રીતે ગુજરાતમાં નરસિંહ મહેતાએ ગાયું હતું : "જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી." તે રીતે કબીર સાહેબે પણ ગાયું હતું કે "આતમ તત્વ ચીને બિના સબ હૈ જૂઠી સેવ." નરસિંહ મહેતાથી કબીર સાહેબ પંદેરક વર્ષ ઉંમરમાં મોટા હતા એવું હિંદી સાહિત્યના વિદ્વાનો અનુમાન કરે છે. જૂનાગઢમાં કબીર સાહેબ ગયા હતા અને નરસિંહ મહેતાને આત્મતત્વનો ઉપદેશ આપ્યો હતો એવું આચાર્ય આનંદશંકર ધ્રુવે નોંધ્યું છે એ જે હોય તે પણ આત્મતત્વ કે પોતાના સ્વરૂપનો પરિચય આધ્યાત્મિક માર્ગમાં જરૂરી છે. તે વિના તમામ મહેનત વૃથા નીવડે છે.

## સાખી - ૨૯ : સાખી કહૈ ગહે નહીં ...

**સાખી કહૈ ગહે નહીં, ચાલ ચલી નહીં જાય**
**સલિલ મોહ નદિયાં બહે, પાંવ નહીં ઠહરાય**

ઘણા અજ્ઞાની જીવો મારી રચેલી સાખી બોલે છે પરંતુ તેમાં રહેલો અર્થ તેઓ ગ્રહણ કરતાં નથી. તે કારણે તેઓ સંત પુરૂષોએ બતાવેલ માર્ગ આગળ વધી શકતા નથી. તે લોકોના હૃદયમાં વિષયવાસના રૂપી પાણી ભર્યું હોય છે તેથી મોહ રૂપી નદીઓમાં તે લોકોનો પગ કદી પણ લગીરે ઠરતો નથી.

## સાખી - ૩૦ : સંસારી સમય વિચારી ...

**સંસારી સમય વિચારી, કા ગિરિહી કા જોગ**
**અવસર મારે જાત હૈ, ચેતુ બિરાને લોગ**

ગૃહસ્થી હોય કે યોગી સન્યાસી હોય પરંતુ સંસારમાં રહેવાવાળા સૌ કોઈ માણસે પોતાના કિંમતી સમયનો વિચાર કરી લેવો જ જોઇએ. સૌ કોઇનો કિંમતી સમય ખોટી રીતે વ્યય થઈ રહ્યો છે. માટે હે સંસારના લોકો તમને આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે તો ચેતી જાવ.

## સાખી - ૩૧ : સંસય સબ જગ ખંધિયા ...

**સંસય સબ જગ ખંધિયા, સંસય ખંધે ન કોય**
**સંસય ખધે સો જના, શબ્દ વિવેકી હોય**

શંકા-કુશંકાએ આખું જગત ખાધું છે પરંતુ સંશયને કોઈ ખાતું નથી. સંશયને તો તે જ ખાઈ શકે કે જેણે આત્મતત્વનો વિચાર કરી વિવેક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય.

## સાખી - ૩૨ : તીનિ લોક ટીડી ભયે ...

**તીનિ લોક ટીડી[૧] ભયે, ઉડે જો મન કે સાથ**
**હરિ[૨] જાને બિનુ ભટકતે, પરે કાલ કે હાથ**

૧. પતંગિયું    ૨. આત્મતત્વ અથવા પરમાત્માને

ત્રણે લોકના જીવો પતંગિયા જેવા થઈ ગયા છે. કારણ કે તેઓ મન રૂપી પવનની સાથે ઉડી રહ્યા છે. આત્મતત્વને જાણ્યા વિના તેઓ કાળનો કોળિયો બની જાય છે.

## સાખી - ૩૩ : સેમર સુવના સેઈયા ...

**સેમર[૧] સુવના[૨] સેઈયા, દુઈ ઢેંઢી[૩] કી આસ**
**ઢેંઢી ફૂટિ ચટાક દે, સુવના ચલા નિરાસ !**

૧. શીમળાનું ઝાડ ૨. પોપટ ૩. ફળ

શીમળાના ઝાડ પર બેસીને પોપટ ફળની આશાએ તેની માવજત કરવા લાગ્યો. પરંતુ એ ફળ તો ચટાક દઈને ફૂટી જતાં તેમાંથી સૂકા રેશા જ ઊડી ગયા ને આખરે પોપટ નિરાશ થઈને ઊડી ગયો.

નોંધ : શીમળાના ઝાડ પર ફળ લાગે છે. તે ફળનો આકાર સુંદર હોય છે. એટલું જ નહીં પણ કદમાં પણ મોટું લાગે છે. તેથી પોપટ તે રસદાર ફળ થશે ને પોતાને તૃપ્તિ થશે એવી આશાથી તેની માવજત કર્યા કરે છે. દિન પ્રતિદિન તે ફળ મોટું ને મોટું થતું જાય છે ને પોપટ હરખાતો જાય છે. પરંતુ એક દિન પોપટ માવજત કરી રહ્યો હતો ત્યારે તેની ચાંચ લાગવાથી તે ફળ અચાનક ફાટે છે ને તેમાંથી રૂ જેવા સુંવાળા રેશાઓ ઉડવા માંડે છે. તેમાંથી રસનું એક પણ ટીપું પોપટને જોવાનું મળતું નથી. આખરે પોપટ નિરાશ થઈને ઊડી જાય છે. સંસારી જીવોની પણ એવી જ દશા થાય છે. મમતામાં મોટા થાય, સમૃદ્ધિ ભેગી કરે, તેને સાચવે, તેની માવજત કરે ને એક દિવસ આચાનક બધું અહીં જ મૂકીને જીવ ચાલ્યો જાય ! કબીર સાહેબે જ સુંદર રૂપકથી આખી વાતને સચોટ રીતે રજૂ કરી છે.

## સાખી - ૩૪ : મન સાયા મનસા લહરિ ...

**મન સાયા[૧] મનસા લહરિ, બૂડે બહે અનેક**
**કહ કબીર તે બાંચિ[૨] હૈ, જાકે હૃદય વિવેક**

૧. સાગર ૨. બચ્યા

કબીર કહે છે મન રૂપી મહાસાગરની તૃષ્ણા રૂપી લહરિમાં અનેક જીવો વહીને બૂડી ગયા છે માત્ર તે જ બચી જવા પામ્યા છે કે જેના હૃદયમાં સારાસારનો વિવેક જાગ્યો છે.

## સાખી - ૩૫ : મન કે હારે હાર હૈ ...

**મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત**
**કહ કબીર પીયુ પાઇએ, મનહી કી પરતીત**

કબીર કહે છે કે જે મનથી હારી જાય છે તે નાશ પામે છે ને જીતે છે તે વિજય મેળવે છે. ખરેખર તો મનની અગાધ શક્તિને સહારે જ પ્રિયતમ પ્રભુને પ્રાપ્ત કરી લેવા જોઇએ.

## સાખી - ૩૬ : તેરા સંગી કોઈ નહીં ...

**તેરા સંગી કોઈ નહીં, સબૈ સ્વારથી લોય**
**મન પરતીતિ ન ઉપજૈ જીવ બિસ્વાસ ન હોય**

આ સંસારમાં કોઈ તારું નથી. બધા લોકો સ્વાર્થી છે. પરંતુ મનને ખાતરી થતી નથી અને જીવને વિશ્વાસ બેસતો નથી.

## સાખી - ૩૭ : મન માયા તો એક હૈ ...

**મન માયા તો એક હૈ, માયા મનહિં સમાય**
**તીન લોક સંશય પરા, કાહિ કહૂં સમઝાય**

મન તથા માયા તો એક જ પદાર્થ છે અને માયા મનમાં જ રહે છે. પરંતુ ત્રણે લોક સંશયગ્રસ્ત હોવાને કારણે આ સત્ય સમજી શકે નહીં. હું તો વળી કેટલાંકને સમજાવું ?

નોંધ : સામાન્ય જન સમાજમાં માયા વિષે ઘણી ભ્રમણાઓ પ્રવર્તે છે. માયો જાણે આ અવકાશમાં કયાંક છૂપાયલી હોય ને અચાનક આવીને આપણને નુકસાન કરી જશે એવા ડરથી લોકો જીવે છે. સ્ત્રીને, પુત્રોને, સંપત્તિને માયા ગણવામાં આવે છે ને તેથી તે લોકો સાથે તેવો વ્યવહાર કરવાની શિખામણ આપવમાં આવે છે તે તો વળી જુદી જ વિચારસરણી છે. આવા ગલત સિદ્ધાંતો દ્વારા સમાજમાં વહેમ ને દુરાચાર ખૂબ જ વધારવામાં આવતા હતા. તેથી કબીર સાહેબે આ સાખી દ્વારા માયા વિષે સાચો ખ્યાલ આપ્યો છે. માયા તો મનમાં જ રહે છે. તે મનમાંથી જ ઉત્પન્ન થાય છે. કોઈ વસ્તુ માટે આસક્તિ થાય તો તે માયાનું એક સ્વરૂપ જ થયું. કોઈ સ્ત્રી માટે મોહ ઉત્પન્ન થયો તો તે પણ માયાનું એક સ્વરૂપ જ થયું. માટે કોઈ પણ વસ્તુ કે કોઈ પણ સ્ત્રી માયા નથી પરંતુ તેનાં તરફની દષ્ટિ દુર્ભાવવાળી હોય તો તે માયા છે. સદ્‌ભાવવાળી દષ્ટિ માયામય નથી. કબીર સાહેબની આ પ્રકારની સમજથી સમાજ તરફનો આપણો દષ્ટિકોણ જ બદલાઈ જાય છે. મન વિષે સમજાવતાં કબીર સાહેબ કહે છે.

## સાખી - ૩૮ : મન સાયર મનસા લહરિ ...

**મન સાયર મનસા લહરિ, બૂડે બહુત અચેત**
**કહહિં કબીર તે બાંચિ હૈં, જિનકે હૃદય વિવેક**

મન તો સાગર સમાન છે ને તેમાં પેદા થતી મનની વૃત્તિઓ મોજા સમાન છે. તેમાં અજ્ઞાની લોકો ઘણા બૂડી ગયા. કબીર કહે છે કે માત્ર તે જ બચી જવા પામ્યા છે કે જેના હૃદયમાં વિવેક જાગૃત થઈ ગયો હોય !

નોંધ : મનની શક્તિ અગાધ છે. તેને પ્રેમપૂર્વક જીતી લેવામાં આવે તો તેની શક્તિ દ્વારા સંસાર સાગર પાર કરી શકાય છે. પરંતુ જો તેમાં પેદા થતાં ઈચ્છાઓ રૂપી મોજાંઓમાં ઘસડાઈ જવાય તો ડૂબી જવાય. સંસાર સાગર પાર કરી શકાય નહીં. આ ઈચ્છાઓ રૂપી અથવા તો વૃત્તિઓ રૂપી મોજાંઓ તે જ મનની માયા છે. તે જ જીવને અધ:પતનના માર્ગે દોરી જાય છે. માટે મનમાં સદ્ભાવ વધારવા સદ્વિચારોનું સેવન કરવું જોઈએ. ને તે માટે સદ્ગ્રંથ, સદ્ગુરૂના ઉપદેશોનું મનન અને સ્વાધ્યાય જરૂરી ગણાય છે. મન વિષે ઉપનિષદ્ના ઋષિઓએ પણ ચેતવણી આપતાં કહ્યું જ છે કે

મન એવં મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયો: |

મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ મન જ છે. તેથી મનની કેળવણી માટે જાગૃત મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઈએ.

## સાખી - ૩૯ : નાના રંગ તરંગ હૈ ...

**નાના રંગ તરંગ હૈ, મન મકરંદ અસૂઝ**
**કહહિં કબીર પુકારિકે, અકિલ કલા લે બૂઝ**

જુદા જુદા ભાવો રૂપી રંગ તરંગ પેદા થયા કરે છે ને તેમાં આસક્ત બનવાથી મન રૂપી ભ્રમર ભ્રમમાં પડે છે. તેથી કબીર પુકાર કરીને કહે છે કે બુદ્ધિ રૂપી અકલ કલા જે પ્રભુએ સૌ મનુષ્યોને આપી છે તેનો સમુચિત ઉપયોગ કરો ને સત્યને સમજી લો.

નોંધ : ગીતાના ત્રીજા અધ્યાયના છેલ્લા શ્લોકોમાં પરમાત્માએ આપેલા સાધનોની ચર્ચા કરવામાં આવી છે. આ શરીરમાં ઈન્દ્રિયો છે અને તે પણ બળવાન છે. તેનાથી વધારે બળવાન પ્રાણ છે. તેનાથી વધારે બળવાન મન છે. ને મનથી પણ વધુ શક્તિશાળી બુદ્ધિ છે. ને બુદ્ધિથી પણ વધારે બળવાન આત્મા છે. જેમ પ્રાણ, મન સ્થિર બને તો તેની શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ કરવામાં થઈ શકે તેમ બુદ્ધિ પણ સ્થિર બને તો જ આત્મકલ્યાણ સાધી શકે. આ દષ્ટિએ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજવા જોઈએ. પ્રજ્ઞા એટલે બુદ્ધિ. સ્થિત એટલે સ્થિર. જેની બુદ્ધિ સ્થિર થઈ ગઈ છે તેનાં લક્ષણો ગીતાના બીજા અધ્યાયમાં આપવામાં આવ્યાં છે. બુદ્ધિનો સમુચિત ઉપયોગ કરવામાં આવે તો તેની પાસે રહેલી “અકલ કલા’નો અનુભવ સૌ કોઇને થઈ શકે.

## સાખી - ૪૦ : મનુષ જન્મ દુરલભ હૈ ...

**મનુષ જન્મ દુરલભ અહૈ, હોય ન દૂજી બાર**
**પકકા ફુલ જોગિરિ પરા, બહુરિ ન લાગૈ ડાર !**

માટે મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે તે સત્ય દરેક જીવ સમજી લે તે જરૂરનું છે. મનુષ્યનો જન્મ વારંવાર મળતો નથી. જેવી રીતે પાકેલું ફળ ઝાડ પરથી નીચે પડે તો તેને વળી પાછું ડાળી પર લગાડી શકાતું નથી તેમ મૃત શરીર ફરીથી જીવંત કરી શકાતું નથી.

## સાખી - ૪૧ : ચારિ માસ ઘન બરસિયા ...

**ચારિ માસ ઘન[1] બરસિયા, અતિ અપૂર્વ સર[2] નીર[3]**
**પહિરે જડતર[4] બખતરી, ચુભૈ ન એકૌ તીર !**

૧. વાદળ (મેઘ) ૨.તળાવ ૩. પાણી ૪. જડતા રૂપી બખ્તર

મેઘરાજા તો ચારે માસ પોતાની કૃપા વરસાવે છે અને તળાવ નદી વિગેરે જળથી છલકાઈ જાય છે. તે જ પ્રમાણે ગુરૂ પણ જ્ઞાન રૂપી વરસાદ હમેશાં વરસાવ્યા જ કરે છે પરંતુ જે જીવે જડતા રૂપી બખ્તર પહેર્યું છે તે તો કોરો જ રહી જાય છે ! ગુરૂના શબ્દ રૂપી બાણ બખ્તરને ભેદી શકતાં નથી. મતલબ કે તે જીવને ઉપદેશની જરા પણ અસર થતી નથી.

## સાખી - ૪૨ : ગુરૂ કી ભેલી જિવ ડરે ...

**ગુરૂ કી ભેલી જિવ ડરે, કાયા સીંચન હાર**
**કુમતિ કમાઈ મન બસે, લાગિ જુ વાકી ડાર !**

જે જીવ શરીર તરફ જ દષ્ટિ રાખીને જગતમાં જીવે છે તે ગુરુથી ડરે છે. કરણ કે તેની દુષ્ટ બુદ્ધિની કમાણી તેનાં મનમાં ભરી છે. તે કમાણી પ્રમાણે જ કર્મો કરે છે.

## સાખી - ૪૩ : ચલતી ચક્કી દેખિકે ...

**ચલતી ચક્કી દેખિકે, દિયા કબીરા રોય**
**દુઇ પટ ભીતર આઈ કે, સાબિત ગયા ન કોય**

દયા ભાવને કારણે કબીર કહે છે કે કાળની આ સતત ચાલતી ચક્કી જોઈને મને રડવું આવે છે કારણ કે કાળનાં આ બે પડની ભીંસમાં ખરેખર કોઈ પણ સહીસલામત નીકળ્યું નથી.

નોંધ : જન્મવું, ખાવું-પીવું, પરણવું, પુત્રો પેદા કરવા, સંપત્તિ ભેગી કરવી ને મરણ પામવું એ રીતનું જીવન મનુષ્યને માટે શોભાસ્પદ નથી. કારણ કે પ્રભુએ માત્ર મનુષ્યને જ બુદ્ધિ આપી છે. જ્યાં સુધી બુદ્ધિનો ઉપયોગ ન કરે ત્યાં સુધી શરીર માણસનું હોવા છતાં તે પશુ સમાન છે. બુદ્ધિનો ઉપયોગ કરનારને જ આ માનવ જીવનનું મહત્વ સમજાય છે તેવી જ વ્યક્તિ માનવતાનો વિકાસ કરવા પ્રયત્ન કરે. જરૂર જણાય તો મહાપુરુષની મદદ લે ને પોતામાં રહેલી જડતાને ઓગાળે. મહાપુરુષની વાણી સમજે ને તે પ્રમાણે જીવન જીવે. પોતાના મનમાં રહેલી અશુદ્ધિઓને દૂર કરવા તે પ્રયત્ન કર્યા જ કરે. બાકીના મનુષ્યો તો પશુ સમાન જ જીવે છે ને મરે તેવા મનુષ્યોને માટે દયાભાવથી કબીર સાહેબ ચેતવણી આપે છે. જે ચેતશે તેનો બેડો પાર.

## સાખી - ૪૪ : દેહ ધરે કા દંડ હૈ ...

**દેહ ધરે કા દંડ હૈ, સબ કાહૂ કા હોય**
**જ્ઞાની ભુગતૈ જ્ઞાન કરી, મુરખ ભુગતૈ રોય !**

દેહ ધારણ કર્યાનો જે દંડ મળે છે તે તો બધાંને માટે જ હોય છે. તેમાંથી કોઈ બચી શકતું નથી. પરંતુ તે દંડ જ્ઞાની જ્ઞાન પ્રાપ્ત કરીને ભોગવી લે છે ને મુરખ રડી રડીને ભોગવે છે એટલો તફાવત છે.

નોંધ : "સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં" એ સત્ય કબીર સાહેબ સમજાવી રહ્યા છે. સુખ દુઃખ એ શરીર ધારણ કર્યાનો દંડ એટલે કે કર (Tax) છે. તે તો સહુ કોઈએ ભરવો જ પડે. પરંતુ સમજુ માણસો સુખ દુઃખને ભોગવીને છૂટકારો મેળવે જ્યારે મૂઢ માણસો આસક્ત મન વડે જીવતા હોવાથી રોદણાં રડીને ભોગવે છે ને છૂટકારો મેળવી શકતા નથી. તેવી અવસ્થામાં તે સૃષ્ટિકર્તાને અન્યાયી, પક્ષપાતી પણ ગણે છે. ગાળો પણ દે છે. પરિણામે તે જન્મ-મરણના ચક્રમાં ફર્યા જ કરે છે; જ્યાં સુધી જડતાનું બખ્તર પહેર્યું હોય ત્યાં સુધી આવી દશા જરૂર રહેવાની જ.

## સાખી - ૪૫ : કબીરા મન પરબત હતા ...

**કબીરા મન પરબત હતા, અબ મૈં પાયા કાનિ**
**ટાંકી લાગી સબ્દકી, નિકસી કંચન ખાનિ !**

કબીર સાહેબ કહે છે કે મન તો પહાડ જેવું અજેય હતું, પરંતુ હવે તો મને એને જીતવાની સમજણ પડી ગઈ છે. શબ્દ રૂપી ટાંકણું માર્યા કરવાથી મને તો શુદ્ધ સુવર્ણની ખાણ એમાં મળી ગઈ છે.

નોંધ : શબ્દરૂપી ટાંકણા દ્વારા કબીર સાહેબ મનની કેળવણી વિષે સમજાવી રહ્યા છે. સંતોની વાણી પણ ટાંકણાની ગરજ સારે છે. પહાડની જડતા જેમ જેમ દૂર થાય તેમ તેમ તેની અંદર રહેલી સોનાની ખાણનાં દર્શન થાય છે. મતલબ કે સાધના કે તપશ્ચર્યા દ્વારા મનને કેળવી શકાય છે.

## સાખી - ૪૬ : કુંભે બાંધા જલ રહે ...

**કુંભે બાંધા જલ રહે, જલ બિનુ કુંભ ન હોય**
**જ્ઞાને બાંધા મન રહે, મન બિનુ જ્ઞાન ન હોય !**

પાણી ઘડામાં પુરાયલું રહે છે એ વાત ખરી. પરંતુ પાણી વિના ઘડાનું શું મહત્વ ? તેવી જ રીતે મન જ્ઞાનથી નિયંત્રિત રહે છે પણ મન વિના જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી.

નોંધ : આ જગતનો ઉપભોગ મન દ્વારા જ થઈ શકે. મન ન હોય તો આ જગત પણ નથી. તેથી મન ખરેખરું ઉપયોગી સાધન છે. માટે તેની અવગણના થઈ શકે નહીં. તેને કેળવવાની જરૂર છે.

## સાખી - ૪૭ : ગુરૂ કુમ્હાર, સિષ કુંભ હૈ ...

**ગુરૂ કુમ્હાર, સિષ કુંભ હૈ, ગઢ ગઢ કાઢૈ ખોટ**
**અન્તર હાથ સહાર હૈ, બાહાર બાહૈ ચોટ**

ગુરૂ કુંભાર છે ને શિષ્ય ઘડો છે. ગુરૂ ટીપી ટીપીને શિષ્યની ખામીઓ દૂર કરે છે. ઘાટ આપતી વખતે ગુરૂ પોતાનો એક હાથ હૃદય પર રાખીને સહારો આપે છે ને બીજે હાથે બહારની તરફ ટપાકા લગાવ્યા કરે છે.

## સાખી - ૪૮ : યહ તન બિષકી બેલરી ...

**યહ તન બિષકી બેલરી, ગુરૂ અમૃત કી ખાન**
**સીસ દિયે જો ગુરૂ મિલેં, તો ભિ સસ્તા જાન !**

આ શરીર તો ઝેરની વેલ છે ને ગુરૂ તો અમૃતની ખાણ છે. માથું આપતાં પણ જો ગુરૂ મળે તો તે સસ્તામાં મળી ગયા એમ માનવું.

## સાખી - ૪૯ : કોટિન ચંદા ઊગવેં ...

**કોટિન ચંદા ઊગવેં, સુરજ કોટિ હજાર**
**સતગુરૂ મિલિયા બાહારે, દીસત ઘોર અંધાર**

કરોડો ચંદ્ર ઊગે ને કરોડો સૂરજ પ્રકાશિત થાય તો પણ અંતરમાં રહેલું અજ્ઞાનનું અંધારું ગુરૂ વિના દૂર કરી શકાતું નથી.

## સાખી - ૫૦ : આછે દિન પાછે ગયે ...

**આછે દિન પાછે ગયે, ગુરૂ સે કિયા ન હેત**
**અબ પસ્તાવા ક્યા કરે, ચિડિયાં ચુગ ગઈ ખેત !**

જીવનનો સર્વોત્તમ સમય તો વીતી ગયો છતાં ગુરૂ સાથે પ્રેમપૂર્વકનો સંબંધ તો બાંધ્યો જ નહીં. હવે તો આખું ખેતર ચકલાંઓએ સાફ કરી નાંખ્યું ત્યારે પસ્તાવો કરવાનો અર્થ શો ?

નોંધ : જીવન રૂપી ખેતર અથવા મનુષ્ય દેહ રૂપી ખેતર મહેનત કરીને હર્યું ભર્યું બનાવ્યું તો ખરું પણ મન પર સંયમ સ્થાપિત ન કર્યો ને તેથી ગુરૂના ઉપદેશની અવગણના થઈ ગઈ ને મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું ત્યારે પસ્તાવો કરવાથી શું વળે ?

## સાખી - ૫૧ : કાલ કર સો આજ કર ...

**કાલ કર સો આજ કર, આજ કરૈ સો અબ**
**પલમેં પરલૈ હોયગી, બહુરિ કરેગા કબ ?**

કાલે કરવાનું હોય તે આજ કરી લે ને આજે કરવાનું હોય તે અત્યારની ઘડીએ કરવા પ્રયત્ન કર. પળ પછી મૃત્યુ આવીને ઊભું રહેશે ત્યારે તું શું કરી શકશે ? (મતલબ કે વાયદો કરવો નહીં. નિર્ણયનો અમલ તરત જ કરી લેવો.)

## સાખી - ૫૨ : નાચૈ, ગાવૈ, પદ કહૈ ...

**નાચૈ, ગાવૈ, પદ કહૈ, નાહીં ગુરુ સો હેત**
**કહ કબીર ક્યોં નીપજૈ, બિજ બિહૂના ખેત ?**

નાચ, ગાન ને ભજન લલકારવામાં આવે પણ ગુરુ સાથે સ્નેહનો સંબંધ ન બાંધ્યો હોય તો કબીર કહે છે કે તે સર્વ મિથ્યા છે. પાણી, ખાતર, બળદ, મજૂરો વિગેરે વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોય પણ ખેતરમાં બીજ વાવવામાં જ ન આવ્યું હોય તો પાક ખેતરમાં કેવી રીતે પાકે ?

નોંધ : આ સાખીમાં કબીર સાહેબે ગુરુ સાથે સ્નેહનો સંબંધ બાંધવાની જીવને સલાહ આપી છે. ગુરુ સાથેની સગાઇ બાંધવી એ આધ્યાત્મિક માર્ગની પ્રથમ આવશ્યકતા છે. એકલવ્યના દષ્ટાંતથી તે સારી રીતે સમજી શકાશે. એકલવ્ય તો ભીલકુમાર હતો. જ્યારે દ્રોણાચાર્ય બ્રાહ્મણ હતા. વળી તેઓ તો રાજ્યના નોકર હતા. જ્યારે એકલવ્યને ગુરુ કરવાની ભૂખ જાગી ત્યારે દ્રોણાચાર્ય રાજ્યની નીતિની ઉપરવટ ન જઈ શક્યા. નીચ જાતિમાં જન્મેલાને બાણવિદ્યા ન શીખવી શકાય એવી રાજ્યની નીતિ હતી. તેથી દ્રોણાચાર્ય માત્ર આશીર્વાદ આપે છે. પરંતુ એકલવ્યના હૃદયમાં દ્રોણાચાર્ય માટે અહોભાવ હતો. તેમની મૂર્તિ બનાવીને એકલવ્યે માનસિક સંબંધ બાંધી દીધો હતો. તેથી જ તેની મહેનત આખરે ફળી હતી. તેને જે બાણવિદ્યા પ્રાપ્ત થઈ હતી તે અર્જુનની વિદ્યા કરતાં પણ શ્રેષ્ઠ હતી. આમ ગુરુ સાથે માનસિક જોડાણ અગત્યનું છે.

## સાખી - ૫૩ : માનુષ તેરા ગુણ બડા ..

**માનુષ તેરા ગુણ બડા, માંસ ન આવૈ કાજ**
**હાડ ન હોતે આભરણ, ત્વચા ન બાજત બાજ !**

હે ! મનુષ્ય તારું ગૌરવ તો સદ્‌ગુણથી જ થાય છે. બાકી તારું માંસ પણ કોઇને ઉપયોગી થતું નથી. નથી થઈ શકતાં હાડકાનાં ઘરેણાં કે નથી ચામડીનાં થતાં ઢોલવાજા !

નોંધ : કબીર સાહેબ ફરીથી માનવતાના ગુણનો મહિમા વ્યક્ત કરે છે. મનુષ્ય તરીકે જન્મીને માનવતાનો વિકાસ ન કરે તો ઉત્ક્રાંતિ તરફ જીવ ગતિ કરી શકતો નથી. ભગવાને મનુષ્યને બુદ્ધિનું હથિયાર આપીને તેના માથા પર મોટી જવાબદારી સોંપી છે. શારીરિક કે આત્મિક વિકાસ માટે મનુષ્યે બુદ્ધિનો જ ઉપયોગ કરવાનો રહે છે. તે જો પોતાના ખોરાક તરીકે પશુ હિંસા કરે તો તેણે બુદ્ધિનો સમુચિત ઉપયોગ કરેલો ન ગણાય કુદરતી ચક્રને ખલેલ પહોંચાડ્યા વિના માનવે પોતાનો વિકાસ કરવો જોઇએ. તેથી મનુષ્યે પોતાના નૈસર્ગિક ગુણોને ખીલવવા પાછળ સૌ પ્રથમ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. અન્ય જીવો સાથેનો તેનો વ્યવહાર કેવો હોવો જોઇએ તે અહીં સૂચવાયું છે.

## સાખી - ૫૪ : રાત ગંવાઈ સોય કર ...

**રાત ગંવાઈ સોય કર, દિવસ ગઁવાયા ખાય**
**હીરા જનમ અમોલ થા, કોડી બદલે જાય**

આખું જીવન રાત્રિ ઊંઘમાં વ્યતીત કરી ને દિવસ વિધ વિધ પ્રકારના ભોગોમાં ગુમાવ્યો. આ માનવ જન્મ તો અમૂલ હીરા સમાન મળ્યો હોવા છતાં કોડીને મૂલે ગુમાવી રહ્યો છે !

## સાખી - ૫૫ : પાવ પલકકી સુધિ નહીં ...

**પાવ પલકકી સુધિ નહીં, કરૈ કાલકા સાજ**
**કાલ અચાનક મારસી, જ્યોં તીતર કો બાજ !**

પળ પછી શું થવાનું છે તેની તો તને ખબર નથી અને તું કાલના શણગાર સજે છે ? અરે ! શિકારી બાજ પક્ષી ઝાપટ મારીને તેતરને હતું ન હતું કરી નાખે છે, તેમ ઓચિંતો કાળ તારી પર તરાપ મારશે !

## સાખી - ૫૬ : પાંચો નોબત બાજતી ...

**પાંચો નોબત બાજતી, હોત છતીસોં રાગ**
**સો મંદિર ખાલી પડા, બૈઠન લાગે કાગ !**

અરે ભાઈ ! આ દેહરૂપી મહેલને ઈન્દ્રિયોનાં પાંચે દરવાજે કાયમ નોબતો ગાજતી હતી ને છત્રીસ પ્રકારની રાગરાગણીઓ વાગતી રહેતી હતી. એ જ મંદિર આજે આતમરામ ઊડી જતાં ખાલીખમ પડ્યું છે ! એને કોચી ખાવા કાગડાઓ પણ બેસવા માંડ્યા છે.

## સાખી - ૫૭ : પાની કેરા બુદબુદા ...

**પાની કેરા બુદબુદા, અસ માનુષ કી જાત**
**દેખત હી છિપ જાયગા, જ્યોં તારા પરભાત**

મનુષ્યનું જીવન તો પાણીના પરપોટા જેવું ક્ષણિક છે. જોતજોતામાં પરોઢિયાના તારાની જેમ એ તો અદશ્ય થઈ જાય છે.

## સાખી - ૫૮ : કબીરા ગર્વ ન કીજીયે ...

**કબીરા ગર્વ ન કીજીયે, અસ જોબન કી આસ**
**ટેસુ ફુલા દિવસ દસ, ખંખર ભયા પલાસ**

કબીર કહે છે કે આ જુવાનીની આશામાં કોઈએ પણ અભિમાન કરવું નહીં. જુવાની તો કેસૂડાંની ફૂલ જેવી દસ દિવસની શોભા માત્ર છે. કેસૂડાંના ફૂલ ચાલ્યા જશે પછી તો માત્ર સુક્કો ખાખરો જ રહે છે !

## સાખી - ૫૯ : કબીરા ગર્વ ન કીજિયે ...

**કબીરા ગર્વ ન કીજિયે, ઊંચા દેખ અવાસ**
**કાલ પરો ભુંઈ લેટના, ઉપર જમસી ઘાસ**

કબીર કહે છે કે કોઈએ પણ ઊંચા મહેલ જોઈને પણ ગર્વ કરવો નહીં. એ તો થોડા વખતમાં જ ભોંયભેગા થશે ને ખંડેર ઉપર તો ઘાસ પણ ઊગી નીકળશે !

## સાખી - ૬૦ : માટી કહૈ કુમ્હારકો ...

**માટી કહૈ કુમ્હારકો, તૂં ક્યા રૂદે મોહિ**
**ઈક દિન ઐસા હોયગા, મૈ રૂદૂંગી તોહિ !**

એક દિવસ માટી કુંભારને કહી રહી કે તું મને શું રગદોળે છે ? એક દિવસ એવો આવશે કે હું જ તને રગદોળી નાખીશ !

નોંધ : આ શરીર તો જડ છે. સ્મશાનમાં એની તો રાખ થઈ જાય છે. માટીમાંથી બનેલું શરીર જાણે કે ફરીથી માટીમાં જ મળી જાય છે. પરંતુ શરીરમાં જે ચેતન તત્વ હતું તેનો નાશ કોઈ કરી શકતું નથી. તે તો અવિનાશી છે. મૃત્યુ વખતે તે તો શરીરની બહાર ચૈતન્ય સચરાચરમાં વ્યાપેલું છે તેમાં જ ભળી જાય છે. જેનો નાશ નથી થતો તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જે નાશવંત છે તેને ખાતર બધું જ ભૂલી જવાની જરૂર નથી. હા, શરીર સ્વસ્થ રહે તે માટે જરૂરી મહેનત અવશ્ય કરવી જોઇએ, પણ તે જ આત્મતત્વ છે અથવા તો તે જ આપણું સ્વરૂપ છે એવા ખ્યાલે તેનું જ લાલન પાલન કરવામાં આવે તો અંત સમયે સહુ કોઇને નિરાશ થવું પડે છે આ હકીકત સમજાવવા માટે કબીર સાહેબે સુંદર રૂપક આપણી સમક્ષ આ સાખીમાં રજૂ કર્યું છે. મનુષ્ય શરીર પ્રાપ્ત થયું તેથી કુંભાર અભિમાનપૂર્વક જીવન જીવવા માંડે છે. તેનો ધંધો માટી સાથે. માટીને પાણી દ્વારા ઢીલી બનાવીને કેળવવા માંડે છે. તેમાંથી તે અવનવા આકારો સર્જે છે. પરંતુ એક દિવસ એવો પણ આવે છે કે તેનું મૃત્યુ થઈ જાય છે ને શરીર તો રાખ બની જાય છે. માટીમાં માટી મળી જાય છે તેનો ગર્વ નકામો હતો એવું આપણે સમજવું.

## સાખી - ૬૧ : કબીરા યહ તન જાત હૈ ...

**કબીરા યહ તન જાત હૈ, સકૈ તો ઠોર લગાવ**
**કર સેવા સત સાધકી, ઔર ગુરુ કે ગુન ગાવ**

કબીર કહે છે આ શરીર તો એક દિવસ ખાખ થઈ જવાનું જ છે તારાથી બને તો સંતસાધુઓની સેવા કરવામાં અને ગુરૂના ગુણગાન ગાવામાં આ શરીરને રોકી રાખ. જીવનનું સાર્થક્ય એમાં જ છે.

## સાખી - ૬૨ : કબીરા સંગત સાધકી ...

**કબીરા સંગત સાધકી, હરૈ ઔરકી વ્યાધિ**
**સંગત બૂરી અસાધકી, આઠોં પહોર ઉપાધિ**

સારા માણસની સંગત બીજાના દુઃખનું નિવારણ કરે છે જ્યારે ખરાબ માણસની સંગત બીજાને પણ દુઃખી કરે એવી કાયમ પ્રવૃત્તિ કરનારી છે.

## સાખી - ૬૩ : કબીર સંગત સાધુકી ...

**કબીર સંગત સાધુકી, જ્યોં ગંધી કા બાસ**
**જો કછુ ગંધી દે નહીં, તો ભી બાસ સુબાસ**

સાધુની સંગત તો અત્તર વેચનારની સોબત જેવી છે. એ અત્તર વેચનાર કાંઈ જ ન આપે તો પણ તેની પાસે રહેવાથી જ આપણે મઘમઘી ઊઠીએ છીએ.

## સાખી - ૬૪ : તે દિન ગએ અકારથી ...

**તે દિન ગએ અકારથી, સંગતિ ભઈ ન સંત**
**પ્રેમ બિના પશુ જીવના, ભક્તિ બિના ભગવંત**

સંતની સંગત ન થાય તે દિવસ ફોગટ ગયો સમજવો. ભગવાનની ભક્તિ ને પ્રેમ વિનાનું જીવન પશુ સમાને છે.

## સાખી - ૬૫ : કબીરા ખાંઈ ખોટકી ...

**કબીરા ખાંઈ ખોટકી, પાની પિબૈ ન કોય,**
**જાય મિલે જબ ગંગસે, સબ ગંગોદક હોય.**

કોટની ફરતેની ખાઈનું પાણી કોઈ પીવે નહિ. પરંતુ એ જ ખાઈનું પાણી ગંગામાં જઈને ભળી જાય તો લોકો તેને ગંગોદક કહી કહીને પીવે છે.

નોંધ : કબીર સાહેબ આધ્યાત્મિક માર્ગે આગળ જવા માગતા સાધકને માર્ગદર્શન આપી રહ્યા છે. સજ્જન પુરુષના સંગથી તેની પ્રગતિ શક્ય બને છે. દુર્જનના સંગથી તેના માર્ગમાં અવરોધ પેદા થાય છે. માટે સંગત પણ સારાની જ કરવી એવો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ. પણ સારા માણસ કોને સમજવા એ આધુનિક યુગની સમસ્યા છે. કબીર સાહેબ તે અંગે પણ માર્ગદર્શન આપતા કહે છે.

## સાખી - ૬૬ : તત્વ તિલક માથે દિયા ...

**તત્વ તિલક માથે દિયા, સુરતિ સરવનિ કાન**
**કરની કંઠી કંઠમેં, પરસા પદ નિર્વાન**

જે સંતે નિર્વાણના પરમપદને પ્રાપ્ત કર્યું છે તેના કપાળે તત્વનું તિલક હોય છે અને કાનમાં ધ્યાનમાં કુંડળ હોય છે. એટલું જ નહીં પણ કંઠમાં તો સત્કર્મની કંઠી શોભતી હોય છે.

## સાખી - ૬૭ : મન માલા તન મેખલા ...

**મન માલા તન મેખલા, ભયકી કર ભભૂત**
**અલખ મિલા સબ દેખતા, સો જોગી અવધૂત**

જેણે મનની માળા બનાવી તથા શરીરનો કંદોરો કરીને ભયને ભસ્મીભૂત કરીને તેની રાખ અંગે અંગ લગાવી હોય અને સર્વમાં અલખ નિરંજન પરમાત્મ તત્વનાં તેને દર્શન થતાં હોય તે સાચો યોગી અવધૂત ગણાય.

## સાખી - ૬૮ : તન કો જોગી સબ ...

**તન કો જોગી સબ કરે, મનકો બિરલા કોય,**
**સહજૈ સબ વિધિ પાઈએ, જો મન જોગી હોય.**

વેશ બદલીને તો સૌ કોઈ શરીરને યોગી બનાવે છે, પરંતુ કોઈ વિરલા જ મનને યોગી બનાવતા હોય છે. જો સાચી રીતે મન યોગી થયું હોય તો સંપૂર્ણ રીતે સહજ અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

નોંધ : કબીર સાહેબ સાચા સંતનું વર્ણન કરી રહ્યા છે. સાચા સંત હોય તેને કપાળે તત્વજ્ઞાનનું તિલક શોભતું હોય છે અને કાનમાં ધ્યાનનાં કુંડળ શોભતા હોય છે. મતલબ કે સાચા સંત તત્વજ્ઞાન મહાપુરુષ હોવાથી ગમે તેવી વાતો કરતા નથી હોતા. ગમે તેની પાસે પણ તત્વજ્ઞાનની વાતો કદી કરે નહીં. જિજ્ઞાસુ માણસને પરખીને જ તે યોગ્ય માર્ગદર્શન આપવા પ્રયત્ન કરે છે. ધ્યાનમાં કુંડળ એટલે તેનું મન હંમેશ ધ્યાનસ્થ રહે છે. શરીર બીજો વ્યવહાર કરતું હોય તો પણ તેનું મન પરમાત્મ તત્વમાં જ લીન રહેતું હોય છે. વ્યવહારમાં તેના દ્વાર સત્કર્મ જ થતું રહે છે. બાહ્યાચારમાં તે હાથમાં માળા ન રાખે પણ પોતાના મનની માળા બનાવીને જ પરમાત્માનું સ્મરણ કરતા રહે છે. નિર્ભયતાની પ્રાપ્તિ માટે તે સખત તપશ્ચર્યાનો પણ આશરો લે છે. પોતાના શરીરને કૃશ પણ કરી નાંખે છે. કેડે કંદોરો બાંધવો એટલે આકરી તપશ્ચર્યા કરવી તેવા પુરુષ વિરલ જ હોય છે. તેવા મહાપુરુષોએ આત્મદર્શનની સિદ્ધિ પ્રાપ્ત કરી હોવાથી તેમને સર્વમાં પરમાત્મતત્વનાં જ દર્શન થતાં હોય છે. તેવા મહાપુરુષોનો સંગ કરવાથી સાધકોને અપૂર્વ લાભ થતો હોય છે. તેવા મહાપુરુષોનો સંગ કરવાથી સાધકોને અપૂર્વ લાભ થતો હોય છે. છેલ્લા સો વર્ષમાં આવા મહાપુરુષો ભારતમાં ઘણા થઈ ગયા જેવા કે, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, વિવેકાનંદ, સ્વામી રામદાસ, શિરડીના સાંઈ બાબા, ઉપાસની બાબા, પરમહંસ યોગાનંદજી, સ્વામી યુક્તેશ્વરગિરિ, લાહિરી મહાશય, માસ્ટર મહાશય, રંગ અવધૂત, પૂ. મોટા, મહાત્મા યોગેશ્વરજી વિગેરે.

## સાખી - ૬૯ : હમ તો જોગી મનહિ કે ...

**હમ તો જોગી મનહિ કે, તન કે હૈ તે ઔર**
**મન કા જોગ લગાવતે, દસા ભઈ કુછ ઔર**

આપણે તો મનના જ યોગી છીએ, શરીરના હોય તે બીજા આ મનનો યોગ સાધતાં સાધતાં તો કંઈ ઓર જ સ્થિતિ થઈ જાય.

નોંધ : મનનો યોગ એટલે મનને આત્મામાં લીન કરવું. રાજયોગનો આ જ આદર્શ હોય છે. માત્ર હઠયોગ પર્યાપ્ત ન ગણાય. તે તો અંગ કસરતમાં પણ ખપી જાય. પ્રાણાયામ કરી ઘણી વ્યક્તિ પોતાના પ્રયોગો બતાવે છે ને હેરત પણ પમાડે છે. તેવા યોગીનું મન કેળવાયલું ન હોવાને કારણે તે સંપત્તિ ભેગી કરી ભોગમાં જ સમય વ્યતીત કરે છે. તેવા યોગને અહીં શરીરનો યોગ કહ્યો છે. કબીર સાહેબ શરીરના યોગને બદલે મનના યોગ પર વધારે ભાર મૂકે છે ને મનની કેળવણી માટે જ મહેનત કરવી જોઇએ એવું માર્મિક રીતે સૂચવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં પણ આવું જ માર્ગદર્શન આપવામાં આવ્યું છે :

ધીરે ધીરે બુદ્ધિને કરે પછી ઉપરામ,
વિચાર ન કરે, મન કરી સ્થિરને આત્મારામ.
મન આ ચંચલ થાય છે અનેક વિષયોમાંહ્ય,
વાળી પાછું જોડવું તેને આત્મા માંહ્ય.
કરતાં એય થઈ જશે મન આત્મામાં શાંત
સુખ ઉત્તમ ત્યારે થશે દોષ થશે સૌ શાંત
રોજ કરે છે યોગ આ તે તો નિર્મલ થાય
બ્રહ્મપ્રાપ્તિ સુખ પૂર્ણ તે પામી તેમાં ન્હાય (સરળ ગીતા અધ્યાય-૬, ૨૫-૨૮)

## સાખી - ૭૦ : પઢના લિખના ચાતુરી ...

**પઢના લિખના ચાતુરી, યે તો બાત સહેલ**
**કામદહન, મનવશ કરન, ગગન ચઢન મુશ્કેલ**

વાંચવું ને લખવું અથવા તો ભણવું ને ભાષણ કરવું તે તો સહેલું ગણાય પણ કામનાને બાળવી, મનને વશ કરવું, ઉર્ધ્વ માર્ગે સીધું ચઢાણ ચઢવું એ તો અતિ જ મુશ્કેલ ગણાય છે.

નોંધ : કુંડલિની શક્તિ મૂલાધાર ચક્રમાં સાડા ત્રણ ગૂંછડા વાળીને નીચે મુખ કરીને સૂતેલી હોય છે. તેને જાગૃત કર્યા પછી તે ઉર્ધ્વમુખી બને છે. ધીમે ધીમે તે સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞાચક્રને ભેદતી ઉર્ધ્વગામી બને છે. તે ક્રિયા અતિ મુશ્કેલ ગણાય છે. ગુરુ ને પરમેશ્વરની કૃપા વિના તેમાં સફળતા મળતી નથી. તે સીધા ચઢાણ ચઢવા જેવું દુષ્કર કાર્ય છે. ગગન એટલે માથાને ભાગે જ્યાં સહસ્ત્રારચક્ર છે. ત્યાં શિવનો વાસ છે. શરીરમાં રહેલી શક્તિ ત્યાં પહોંચવા શિવ મિલનની ઝંખના કરે છે.

## સાખી - ૭૧ : નામ ભજો મન બસી કરો ...

**નામ ભજો મન બસી કરો યહી બાત હૈ તંત**
**કાહે કો પઢિ પચી મરો કોટિન જ્ઞાન ગરંથ.**

પ્રભુનું નામ ભજો ને મન વશ કરો એ જ ખરી સાધનાની વાત છે. જ્ઞાનના મોટા મોટા ગ્રંથો વાંચી વાંચીને કે ગોખી ગોખીને શા માટે હેરાન થાઓ છો ?

## સાખી - ૭૨ : કબિરા દુનિયા દેહરે ...

**કબિરા દુનિયા દેહરે, સીસ નમાવન જાય**
**હિરદે માંહિ હરિ બસૈ, તૂ તાહી લૌ લાય**

આખી દુનિયા માથું નમાવીને પ્રણામ કરવા દેવ મંદિરમાં જાય છે, પણ ભગવાન તો આ હૃદય મંદિરમાં જ વસેલો છે. તું તારે એની જ લગની લગાવ.

## સાખી - ૭૩ : મન મથુરા, દિલ દ્વારિકા ...

**મન મથુરા, દિલ દ્વારિકા, કાયા કાસી જાન**
**દસ દ્વારેકા દેહરા તામેં જ્યોતિ પિછાન**

હે જીવ તું હરિને બહાર શોધ નહિ. તારા શરીરમાં જ મનને મથુરા, દિલ દ્વારિકા ને તારી કાયાને કાશી જાણ. આ દસ દરવાજાવાળા દેહમંદિરમાં જ એ પરમ જ્યોતિને ઓળખી લઇ તું એનાં દર્શન કરી લે.

## સાખી - ૭૪ : પૂજા સેવા નેમ વ્રત ...

**પૂજા સેવા નેમ વ્રત ગુડિયન કા સા ખેલ**
**જબ લગ પિઉ પરસૈ નહિ તબ લગ સંશય મેલ.**

પૂજા, સેવા, વ્રત, નિયમ એ બધું ઢીંગલીના ખેલ જેવું છે. જ્યાં સુધી અંતરમાં પ્રિયતમ પ્રભુનો સ્પર્શ ના થાય ત્યાં સુધી શંકાકુશંકાઓનો મેલ મનમાં રહે છે.

નોંધ : કબીર સાહેબ બાહ્યાચાર પર બહુ ભાર આપતા નથી. પ્રત્યેક મનુષ્યના શરીરમાં જે આત્મા રહે છે તે જ પરમાત્મ સ્વરૂપ છે. તેનું દર્શન કરવાથી જ કૃતાર્થ થઇ જવાય છે. પ્રાથમિક અવસ્થામાં સાધકને બૌદ્ધિક પ્રતીતિ થઇ જાય છે. પછી સંશયો પજવતા નથી. સંશયોનો આપોઆપ નાશ થઇ જાય છે. બૌદ્ધિક પ્રતીતિ થાય પછી જ સાધકને પૂજા, સેવા, વ્રત, નિયમો ઇત્યાદિનું રહસ્ય સમજાવા લાગે છે. તેવી સ્થિતિમાં કરેલી પૂજા કે સેવા રસમય હોય છે. બાકી જેને પરમાત્મ સ્વરૂપનો સ્પર્શ જ નથી થયો અથવા તો જેને લગીરે અનુભૂતિ નથી થઇ તેને માટે પૂજા યંત્રવત બની જાય છે. માત્ર ઢીંગલીના ખેલ જેવી દશા થઇ જાય છે. કબીર સાહેબ આત્મજ્ઞાની મહાપુરુષ હતા ને તેમણે આત્મસાક્ષાત્કાર કર્યો હતો તેની પ્રતીતિ તેમની વાણી દ્વારા વાચકને થાય છે તેથી તેમની વાણી અનુભૂતિની વાણી ગણાય છે. સાધકને સ્પષ્ટ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

## સાખી - ૭૫ : હિરદે માહીં આરસી ...

**હિરદે માહીં આરસી, મુખ દેખા નહિ જાય**
**મુખ તો તબહી દેખઈ, દુબિધા દેહ બહાય**

હૃદયમાં જ દર્પણ છે તો યે મુખ દેખી શકાતું નથી. શરીર ભાવ મટશે ત્યારે જ મુખ દેખાશે.

નોંધ : મુખ એટલે પોતાનું સ્વરૂપ. સ્વરૂપનું દર્શન એટલે આત્મદર્શન. દુબિધા એટલે દ્વિધા. શરીર ભાવ હોય ત્યાં સુધી મન દ્વિધામાં રહે છે ને દુઃખી થાય છે. શરીરને જ ત્યાં સુધી પોતાનું સ્વરૂપ ગણે છે. શરીરભાવ ટળે ને આત્મભાવ પ્રગટે ત્યારે દ્વિધા ટળે ને સ્વરૂપનો પરિચય થાય.

## સાખી - ૭૬ : ચીંટી ચાવલ લૈ ચલી ...

**ચીંટી ચાવલ લૈ ચલી, બિચમેં મિલિ ગઈ દાર[૧]**
**કહ કબીર દોઉ ના મિલૈ, એક લે દુજી ડાર[૨]**

૧. તુવરનો દાણો  ૨. છોડી જવું

કીડી ચોખાનો દાણો લઇને ચાલી નીકળી. ત્યાં તો એને વચમાં દાળનો દાણો મળી ગયો. કબીર કહે છે કે કીડી બંનેને એકી સાથે કેવી રીતે ગ્રહણ કરી શકે ? ગમે તે એકને તેણે ત્યજી દેવું જરૂરી છે.

નોંધ : કીડીનું રૂપક જીવ માટે છે. ચોખાનો દાણો એટલે શુદ્ધ આત્મસ્વરૂપ. શુદ્ધ આત્મતત્વ લઇને પ્ત્યેક જીવ જગતમાં જન્મે છે. પરંતુ જગતનું ભાન પ્રગટે ત્યારથી તેનું ધ્યાન તુવરની દાળ તરફ ખેંચાય છે. તુવરની દાળ એટલે રંગીન સંસાર. અથવા તો સંસારના વિધ વિધ પ્રકારના મોહક રંગો. જો જીવે ઉત્ક્રાંતિ તરફ પ્રગતિ કરવી હોય તો તેણે પોતાના સ્વરૂપનો પરિચય કેળવવો જ પડશે. તે માટે તેણે સંસારમયતાનાં ખ્યાલોથી વેગળા રહેવું જ પડશે. ભલે જગતમાં રહે પરંતુ મનમાં સંસારમયતાનો ગર્ભ રહેવો ન જોઇએ. નાવ પાણીમાં તરે તેમ સંસારમાં તેણે જીવવું પડશે. નાવમાં અમુક મર્યાદા સુધી પાણી ભરાય તો નાવિક ચિંતા કરતો નથી. પરંતુ પોતે નક્કી કરેલા આંકથી પાણી વધવા માંડે તો તે નાવિક પાણી ઉલેચવા જ માંડે છે. તેવી જ રીતે મનુષ્યે પણ સંસારના રંગીન વિચારો મનમાં વધવા માંડે તેની સંભાળ રાખવી જોઇએ.

## સાખી - ૭૭ : સત્ત નામ કડુઆ લગે ...

**સત્ત નામ કડુઆ લગે, મીઠા લાગૈ દામ**
**દુબિધામેં દોઊ ગયે, માયા મિલી ન રામ**

પ્રભુનું નામ જીવને કડવું લાગે છે ને દામ એટલે ધનની વાત મીઠી લાગે છે દ્વિધામાં ને દ્વિધામાં જીવ બંનેને ગુમાવે છે. ન તો સ્વરૂપનું દર્શન કરી શક્યો કે ન તો ધનસંપત્તિ પ્રાપ્ત કરી શક્યો.

નોંધ : પ્રભુનું નામ જીવને મુક્ત કરનારું ગણાય છે જ્યારે સંપત્તિ અથવા માયાની મોહિની બંધનમાં જકડાવે છે જીવને દ્વિધા પ્રાથમિક અવસ્થામાં જ પેદા થાય છે. શું પ્રાપ્ત કરવું તે તેને સમજાતું નથી. જો તે અનુભવી પુરૂષની મદદ તે અવસ્થામાં લે તો દ્વિધા તેની ટળે ને ઉત્ક્રાંતિ તરફ આગળ વધી શકે. પણ જો દ્વિધામાં કોઈની પણ મદદ ન લે તો તેનો કિંમતી સમય વ્યર્થ વ્યતીત થાય છે. તે એક પણ વસ્તુ પ્રાપ્ત કરી શકતો નથી. સંસારનું સુખ પણ સારી રીતે માણી શકતો નથી. માટે સૌ પ્રથમ દ્વિધામાંથી મુક્ત થવા અનુભવી પુરૂષની સહાય લેવી ખૂબ જરૂરી છે.

## સાખી - ૭૮ : કરની બિન કથની કથૈ ...

**કરની બિન કથની કથૈ, અજ્ઞાની દિન રાત**
**કૂકર જ્યોં ભૂકત ફિરૈ, સુની સુનાઈ બાત**

અજ્ઞાની હોય તે જ જેવું કરે તેવું બોલે નહીં ને જેવું બોલે તેવું કરે નહીં. તે તો બીજાની સાંભળેલી વાતને મહત્વ આપે છે ને કૂતરાની જેમ બધે લવારો કર્યા કરે છે.

## સાખી - ૭૯ : જસ કથની તસ કરનિયૌ ...

**જસ કથની તસ કરનિયૌ, જસચુંબક તસ નામ**
**કહ કબીર ચુંબક બિના, ક્યોં છૂટે સંગ્રામ**

જેવી કહેણી તેવી કરણી હોવી જોઇએ. જેવા નામ તેવાં ગુણો હોવાં જોઇએ. ચુંબક એના નામ પ્રમાણે પ્રત્યેક લોહને ખેંચી લે છે. તે જ પ્રમાણે પ્રભુનામના ચુંબક વિના આ સંસાર રૂપી સંગ્રામમાંથી જીવને કોઈ બચાવી શકતું નથી.

## સાખી - ૮૦ : અતિકા ભલા ન બોલના ...

**અતિકા ભલા ન બોલના, અતિકી ભલી ન ચૂપ**
**અતિકા ભલા ન બરસના, અતિકી ભલી ન ધૂપ**

વધારે બોલવું સારું નહીં તેમ વધારે મૌન રહેવું પણ સારું નહીં. અતિશય પાણી વરસે તે સારું નહિ અને અતિશય તાપ પડે તે પણ સારું નહીં.

નોંધ : અતિશયતાને ત્યજી દેવું જોઈએ. એટલું જ નહીં પણ યોગ્ય સમયે બોલવું પણ જોઈએ તેની યાદ કબીર સાહેબે કરાવી છે. યોગ્ય ક્ષણ વીતી જાય પછી બોલવાનો પણ કશો અર્થ નથી. વર્તન માટે આ સાખી આપણને ઘણી ઉપયોગી થઈ પડે એવી છે.

## સાખી - ૮૧ : તબ લગિ તારા જગમગૈં ...

**તબ લગિ તારા જગમગૈં, જબ લગિ ઉગૈ ન સૂર[૧]**
**તબ લગિ જીવ કરમવશ[૨] ડોલૈ, જબ લગિ જ્ઞાન[૩] ન પૂર[૪]**

૧. સૂર્ય  ૨. કર્મ પ્રમાણે જીવે  ૩. આત્મજ્ઞાન  ૪. પૂર્ણ

જ્યાં લગી સૂર્યનો ઉદય થાય નહીં ત્યાં લગી અંધારી રાતમાં તારાઓ ઝગમગતા રહે છે. જ્યાં સુધી આત્મજ્ઞાન થતું નથી ત્યાં સુધી કર્મ પ્રમાણે જીવ જગતમાં જીવ્યા કરે છે.

નોંધ : સૂર્યોદય થાય પછી ન તો અંધારું રહે છે કે ન તો તારાઓ ઝગમગે છે. તેવી રીતે આત્મજ્ઞાન થાય છે પછી નથી અજ્ઞાન રહેતું કે નથી કર્મના સંસ્કારો રહેતા. ગીતા કહે છે તે પ્રમાણે “જ્ઞાનાગ્નિદગ્ધ કર્મણિ” કર્મો જ્ઞાન રૂપી અગ્નિમાં બળી જાય છે. તેથી ત્યાર પછી તે ઊગતા નથી. બી અગ્નિમાં બાળીને રોપવામાં આવે તો કદી ઊગે નહિ.

## સાખી - ૮૨ : જીવ જનિ માર હું બાપુરા ...

**જીવ જનિ માર હું બાપુરા, સબકા એકૈ પ્રાન**
**હત્યા કબહુ ન છૂટિ હૈ, કોટિન સુનહુ પુરાન**

જીવની હિંસા કદી પણ કરો નહિ. સૌમાં એક જ પ્રાણ રહેલો છે હત્યાનું કર્મ કદી પણ તમને છોડશે નહિ. પછી ભલેને તમે ગમે તેટલા પુરાણ એટલે ધર્મ પુસ્તકો સંભાળવાનું પુણ્ય કાર્ય કરો તો પણ તમે બચી શકશો નહિ.

## સાખી - ૮૩ : જીવ ઘાત ના કીજિયે ...

**જીવ ઘાત ના કીજિયે, બહુરિ લેત વૈ કાન**
**તીરથ ગયે ન બાચિહો, કોટિ હિરા દેહુ દાન.**

જીવહિંસા કદી કરશો નહિ કારણ કે તે કર્મ બદલો અવશ્ય લે છે. તે કર્મના ફળમાંથી બચવા તમે તીર્થયાત્રા કરશો તો પણ બચી શકશો નહિ. અથવા તો કરોડો કિંમતી હીરાનું દાન આપશો તો પણ બચી શકશો નહિ.

નોંધ : માંસાહાર વિષે કબીર સાહેબ અહીં આપણને માર્ગદર્શન આપે છે. જેમ આપણને આપણો જીવ વ્હાલો છે તેમ પ્રત્યેક પશુ પંખીને તેનો જીવ વ્હાલો લાગે છે. આપણને કોઈ મારે કે ઇજા પહોંચાડે તો આપણને દુઃખ લાગે છે તેમ પશુપંખીને પણ દુઃખનો અનુભવ થાય છે. મનુસ્મૃતિમાં માંસની સુંદર વ્યાખ્યા કરવામાં આવી છે. માંસ એટલે મામ્ સ. મતલબકે મામ્ એટલે મને અને સ એટલે તે. મને તે જરૂર એક દિવસે ખાઇ જશે તે જીવ બદલામાં મને એક દિવસ પોતાનો આહાર ગણીને ખાઇ જશે. કબીર સાહેબ પણ બદલાની વાત કરે છે.

## સાખી - ૮૪ : યે ગુનવન્તી વેલરી ...

**યે ગુનવન્તી વેલરી, તવ ગુન બરનિ ન જાય**
**જહું કાટે તહું હરિયરી, સીંચે તે કુમ્હિલાય**

હે ! ત્રણ ગુણોવાળી વેલ, તારું વર્ણન થઈ શકે એમ નથી. જેમ તને કાપવામાં આવે તેમ તું લીલાછમ બને છે અને જેમ જેમ પાણી સિંચવામાં આવે છે તેમ તેમ તું કરમાવા માંડે છે.

નોંધ : સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોનિ વેલ તે માયા. એની વિચિત્રતાથી આખો સંસાર થાકી જાય છે. માયાની વિચિત્રતા ખરેખર સમજી લેવાની જરૂર છે. જો એને કાપવામાં આવે એટલે કે એનો ત્યાગ કરવામાં આવે તો લીલીછમ બની જાય છે. પહેલા કરતાં પણ વધારે બળવાન બનતી જણાય છે. પરંતુ નિષ્કામ કર્મનું પાણી સિંચવામાં આવે તો એ કરમાવા માંડે છે. ગીતા પણ પંદરમાં અધ્યાયમાં "અસંગ શસ્ત્રેણ દ્રેન છિત્વા" કહીને માર્ગદર્શન આપે છે. અર્થાત્ નિષ્કામ કર્મના હથિયારથી એનો નાશ કરી શકાય છે.

## સાખી - ૮૫ : કાજર કેરી કોઠરી ...

**કાજર[૧] કેરી કોઠરી, બૂડત હૈ સંસાર**
**બલિહારી તેહિ પુરૂષકી, પૈઠી[૨] કે નિકર[૩] નિહાર**

૧. કાજળ  ૨. અંદર પ્રવેશીને  ૩. બ્હાર નીકળવાવાળા

આ જગત તો કાજળ ની કોઠી સમાન છે. સમસ્ત સંસાર એમાં બૂડીને કાળા ડાઘવાળો બને છે. પરંતુ તેવા પુરૂષને ધન્ય છે કે જે તે કોઠીમાં ડૂબકી મારે તો પણ ડાઘ લગાડ્યા વિના નીકળે છે.

નોંધ : કોઠીની દીવાલ પર કાળી મેશના થર જામ્યા હોય છે. તે દીવાલને જે અડે છે તે કાળા ડાઘવાળા બને છે. પરંતુ જે વ્યક્તિ દીવાલથી વેગળી રહીને જગતમાં જીવે છે તેને ડાઘ લાગતો નથી. તેવા મહાપુરૂષો વિરલ જ હોય છે. તેમને આખું જગત એટલા માટે તો વંદે છે. તેમની પાસે જે કલા છે તે નિષ્કામ કર્મની કલા જીવે શીખી લેવી જોઇએ. પોતે કર્મ કરે છે પણ તેને તેમાં આસક્તિ નથી હોતી. આ પ્રકારે મનને કેળવવા માટે કબીર સાહેબે અગાઉ પણ આપણને માર્ગદર્શન આપ્યું જ છે.

## સાખી - ૮૬ : લોહા કેરી નાવરી ...

**લોહા કેરી નાવરી, પાહન ગરૂવા ભાર**
**સિર પર વિષકી મોટરી, ઉતરન ચાહૈ પાર !**

એક તો નાવ લોઢાની છે અને તેમાં મોટા મોટા પથ્થરોનો ભાર ભર્યો છે. એટલું જ નહિ પણ માથા પર ઝેરની પોટલી રાખીને આ જીવ સંસાર રૂપી સાગર પાર કરવા માંગે છે. કેવું આશ્ચર્ય ?

નોંધ : જીવ જેમ જેમ વયમાં મોટો થતો જાય છે તેમ તેમ તેની મનોકામના વધતી જાય છે. ઈચ્છાઓ પર નિયંત્રણ ન હોવાને કારણે પાછલી વયમાં તે ખૂબ દુઃખી બની જાય છે. તેનું શરીર પણ તેની ઈચ્છા પ્રમાણે હાલી ચાલી શકતું નથી. ઈન્દ્રિયો પણ પોતાની શક્તિ ગુમાવી દે છે. પરિણામે તે જીવ આત્મકલ્યાણનું કાર્ય સ્હેજ પણ કરી શકતો નથી. અભિમાનમાં પથ્થરો તો છેલ્લી ઘડી સુધી રહે છે. જુદા જુદા વિષયોની ઈચ્છા પણ અંતિમ ઘડી સુધી અતૃપ્ત જ રહે છે. તેવો જીવ કેવી રીતે નિરાંતે પણ મરે ? તે તો ડૂબી જ જાય છે !

## સાખી - ૮૭ : જહં આપા તહં આપદા ...

**જહં આપા તહં આપદા, જહં સંસય તહં સોગ**
**કહ કબીર કૈસે મિટે, ચારોં દીરઘ રોગ ?**

કબીર કહે છે કે જ્યાં જ્યાં અભિમાન ત્યાં ત્યાં આપત્તિ છે અને જ્યાં જ્યાં શંકા-કુશંકા છે ત્યાં ત્યાં શોક (રુદન) છે. સંસારીઓના આ ચારે રોગ કેવી રીતે મટી શકે ?

## સાખી - ૮૮ : પ્રભુતા કો સબ કોઉ ભજૈ ...

**પ્રભુતા કો સબ કોઉ ભજૈ, પ્રભુકો ભજૈ ન કોય**
**કહ કબીર પ્રભુકો ભજૈ, પ્રભુતા ચેરી હોય !**

કબીર કહે છે કે મોટાઈને બધાયે ભજે છે (ઈચ્છે છે) પણ પ્રભુને તો કોઈ ભજતું નથી. પ્રભુને જો ભજશો તો પ્રભુતા દાસી થઈને પાછળ પાછળ આવશે.

## સાખી - ૮૯ : કબીરા અપને જીવ તેં ...

**કબીરા અપને જીવ તેં યે દો બાતેં ધોય**
**માન બડાઈ કારને, આછત મૂલ ન હોય**

કબીર કહે છે કે દરેકે પોતાના જીવનમાંથી માન અને મોટાઇ બંનેને દૂર કરવાં જોઇએ. એ બેને કારણે માણસાઇનું મૂળ ધન જીવ ગુમાવી બેસે છે.

નોંધ : 'આછત' શબ્દ અહીં ઘણું કહી જાય છે. અછત એટલે અભાવ ને આછત એટલે જેનો અભાવ નથી તે. પરમાત્માએ મનુષ્ય તરીકે જન્મ આપ્યો ત્યારે મૂળ ધન એટલે આત્માનું મૂળ ધન સહુ કોઇને આપ્યું હોય છે. આત્માનું મૂળ ધન માણસાઇની ખીલવણી દ્વારા પ્રગટ થાય છે. પડોશી આર્થિક ભીંસમાં પોતાના બાળકોની સારવાર ન કરી શકતો હોય ને બાજુમાં માત્ર સમૃદ્ધિ ઉછળ્યા કરતી હોય તો માણસાઇ ક્યાં રહી ! માનવતાની ખીલવણી મનમાં માન ને મોટાઈ હોય ત્યાં સુધી થઇ શકતી નથી.

## સાખી - ૯૦ : માન બડાઇ જગતમેં ...

**માન બડાઇ જગતમેં, કૂકરકી પહિચાની**
**મીત કિયે મુખ ચાટહી, બૈર કિયે તન હાની !**

જગતમાં માન ને મોટાઈ કૂતરાના જેવાં જ સમજવા કારણ કે કૂતરાની જેમ જ જો એ દોસ્તી કરે તો મોઢું ચાટે છે ને દુશ્મનાવટ કરે તો કરડી ખાય છે.

## સાખી - ૯૧ : માયા તજી તો ક્યા ભયા ...

**માયા તજી તો ક્યા ભયા, માન તજા નહિ જાય**
**માન બડે મુનિવર ગલે, માન સબન કો ખાય !**

માત્ર માયા છોડવાથી શું વળે ? અભિમાન તો છોડતું નથી. આ અભિમાન તો મોટા મોટા મુનિવરોને પણ ગળી ગયું છે ! એ તો સૌને ખાઈ જાય છે !

નોંધ : માત્ર વેશપલટો કરીને સન્યાસી થઈ જવાતું નથી. સન્યાસ એટલે સમ્યક પ્રકારનો ત્યાગ. સાચો ત્યાગ તે જ સન્યાસ. સંસારની માયા છોડવા માટે સંસાર છોડીને વનમાં જનારા ભૂલને માર્ગ જતાં હોય છે. ખરેખર સંસારથી દૂર ચાલ્યા જવાથી પણ શું ? મનમાં તો સંસાર ભરેલો જ હોય છે. છતાં મનમાંથી સંસાર દૂર કરનારા પણ સાચા ત્યાગી ન કહેવાય. તેમના મનમાં અભિમાન તો હોય જ છે. જ્યાં સુધી અભિમાન હોય ત્યાં સુધી સાચો ત્યાગ થઈ શકતો નથી. નિરભિમાનપણું જ આધ્યાત્મિકતાની ટોચ છે. મોટા મોટા મંદિરો બાંધવા કે સંપ્રદાયોની ગાદીઓ સ્થાપવા પાછળ મહંતોના અભિમાન જ પ્રગટ થાય છે. આ રીતે તેવા મહંતો ત્યાગી બનેલા હોવા છતાં ભોગી જ બની જતા હોય છે. આ દષ્ટિએ અભિમાન તેમને ગળી જાય છે.

## સાખી - ૯૨ : કબિરા જોગી જગત ગુરૂ ...

**કબિરા જોગી જગત ગુરૂ, તજૈ જગતકી આસ**
**જો જગકી આશા કરૈ, જગત ગુરૂ, વહ દાસ !**

કબીર કહે છે કે જે આ જગતની આશા છોડી દે છે તે જ સાચો યોગી અથવા તો ત્યાગી પુરૂષ કહેવાય. તે જ જગતનો ગુરૂ થઈ શકે. પરંતુ જેણે જગતની આશામાં પોતાની પ્રવૃત્તિ શરૂ કરી છે તેને માટે તો જગત તેનો ગુરૂ ગણાય ને તે જગતનો ગુલામ ગણાય.

## સાખી - ૯૩ : આસન મારે ક્યા ભયા ...

**આસન મારે ક્યા ભયા, મુઇ ન મનકી આશ**
**જ્યોં તેલી કે બેલકો, ઘર હી કોસ પચાસ !**

આસન લગાવીને બેસી જવાથી શું વળે ? મનની આશા તો મરી નથી. એ તો ઘાંચીના બળદના પચાસ ગાઉના પ્રવાસ જેવી ગતિ છે !

## સાખી - ૯૪ : તનકી ભૂખ તો તનિક હૈ ...

**તનકી ભૂખ તો તનિક હૈ, તીન પાવ ઔર સેર**
**મનકી ભૂખ અનંત હૈ, નિગલૈ મેરૂ સુમેર !**

આ શરીરની ભૂખ તો ક્ષણિક જ છે. બહુ બહુ તો ત્રણ પાશેર કે એક શેર. (એટલાથી તો પેટનો ખાડો પૂરાય છે ને સંતોષ પણ થાય છે) પરંતુ મનની ભૂખની કોઈ ગણતરી થઈ શકતી નથી. મોટા મોટા મેરૂ પર્વત પણ ઓછા પડે.

## સાખી - ૯૫ : મન કે બહુતક રંગ હૈ ...

**મન કે બહુતક રંગ હૈ, છિન છિન બદલે સોય**
**એકૈ રંગમેં જો રહૈ, ઐસા બિરલા કોય**

મનના તો ઘણા પ્રકારના રંગો છે. એ રંગો તો ક્ષણે ક્ષણે બદલાયા જ કરે છે. એક જ રંગમાં મનને રંગેલું રાખે તેવા તો વિરલ પુરૂષ જ હોય છે.

## સાખી - ૯૬ : મન કે મતે ન ચાલિયે ...

**મન કે મતે ન ચાલિયે, મન કે મતે અનેક**
**જો મન પર અસવાર હૈ, સો સાધૂ કોઈ એક**

મનના કહ્યા પ્રમાણે કદી ચાલવું નહિ કારણ કે મન તો અનેક મતમાં ગૂંચવાયલું રહે છે. મન પર સંયમ સાધી જે તેના પર સવાર થાય છે તેવા સંતપુરૂષ તો કોઇક જ હોય છે.

## સાખી - ૯૭ : મન મનસા કો મારિ કરિ ...

**મન મનસા કો મારિ કરિ, નન્હા કરિ કે પીસ**
**તબ સુખ પાવૈ સુંદર પદ્દુમ ઝલકે સીસ**

દુન્યવી મનોકામનાઓને મારી ઘૂંટીને ક્ષીણ કરી નાખવામાં આવે ત્યારે જ ચિતિ રૂપી સુંદરી પરમ સુખની પ્રાપ્તિ કરી શકે છે. તે અવસ્થામાં માથાના ઉપરને ભાગે જ્યાં સહસ્ત્રદલ કમલ છે તે સંપૂર્ણ પણે ખીલી ઊઠે છે.

નોંધ : મનની અગાધ શક્તિ છે. તેનો ઉપયોગ પરમ સુખની પ્રાપ્તિમાં કરવો હોય તો સાધકે અંતર્મુખ બનવું સૌ પ્રથમ જરૂરી છે. પાર્થિવ પદાર્થ વિષયોમાં મન ડૂબેલું હોય તો તેને બહિર્મુખ મન કહેવાય ને તેવા મન વડે માત્ર ક્ષણિક સુખનો જ અનુભવ થઈ શકે. મન અંતર્મુખ બને ત્યારે તે મનને પદાર્થ વિષયોમાં ખાસ રસ રહેતો નથી. તેવું મન પરમની ઉપાસના કરવા તૈયાર બને છે. તેવા મનને વીતરાગી મન કહેવાય. સંસારમાં રહેવા છતાં તેવું મન શરીરમાં રહેલ આત્મતત્વમાં લીન થવા હંમેશ પ્રયત્ન કર્યા કરે છે. હાલતાં ચાલતાં કે ઊઠતાં બેસતાં પણ તેવું મન પરમની પ્રાપ્તિમાં જ રસિયું બને છે. અહીં 'પદ્દુમ ઝલકે સીસ' શબ્દો મનની ઊંચી અવસ્થાનો નિર્દેશ કરે છે. મનનો જે ચંચલ સ્વભાવ હોય છે તે શાંત થઈ જાય છે, મન સ્થિર બને છે. આ શરીરમાં કુંડલિની શક્તિ રહેલી છે ને તે પ્રસુપ્ત અવસ્થામાં રહે છે ત્યાં સુધી મન પોતાની ચંચળતા છોડતું નથી. શક્તિ જાગૃત થાય છે ત્યારે તે શક્તિ શરીરમાં રહેલા છ ચક્રોને ભેદતી માથાના ઉપરને ભાગે જવા પ્રયત્ન કરે છે. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને અજ્ઞાચક્ર - આ છ ચક્રોને ભેદતી શરીરમાં રહેલી શક્તિ માથાના ઉપરને ભાગે રહેલ સહસ્ત્રારચક્રમાં સ્થિર બને છે ત્યારે મન ઉન્મન બની જાય છે. જેમ જેમ ચક્રભેદનની પ્રક્રિયા આગળ વધતી જાય છે તેમ તેમ મનમાં રહેલી જડતા ઓગળવા માંડે છે. મનના આધારો ખરવા માંડે છે. મન સ્થિરતા ધારણ કરતું જાય છે. ને આખરે મન આત્મલીન બની જાય છે. સહસ્ત્રાર ચક્રમાં શિવ સાથે શક્તિનું મિલન થાય છે. મતલબ કે મનમાં રહેલો દેહભાવ અદૃશ્ય બને છે ને મન માત્ર આત્મભાવમાં જ લીન બની જાય છે. તેવી સ્થિતિમાં પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

## સાખી - ૯૮ : લંબા મારગ, દૂર ઘર ...

**લંબા મારગ, દૂર ઘર, બિકટ પંથ, બહુ ભાર**
**કહ કબીર કસ પાઈએ, દુર્લુભ ગુરૂ દિદાર**

કબીર કહે છે કે પ્રભુનો પંથ તો લાંબો છે, વિકટ પણ છે, માથે બોજો પણ ભારી છે એવી દશામાં ગુરૂનાં દર્શન ખરેખર દુર્લભ છે.

નોંધ : વજન ઊંચકીને ચાલનારને ઘર ક્યારે આવશે તેની ચિંતા થતી હોય છે. ક્યાં તો કોઈ તેનો ભાર હળવો કરે એવો મળી જાય તેની ઝંખના પણ મન કરતું હોય છે. આધ્યાત્મિક પંથે ગુરૂની સહાય અગત્યની ગણાય છે. સદ્ભાગીને જ કોઈ યોગ્ય ગુરૂનો ભેટો થઈ જાય છે એ કહીકત સમજીને જ સાધકે આધ્યાત્મિક પંથે પ્રમાણ કરવું.

## સાખી - ૯૯ : કરુ બહિયાં બલ આપની ...

**કરુ બહિયાં બલ આપની, છાંડ બિરાની આસ,**
**જાકે આંગન નદી બહૈ, સો કર મરે પિઆસ ?**

પારકી આશા છોડીને પોતાનાં જ બાવડાંની શક્તિથી કામ કરો. જેના જીવનરૂપી આંગણામાં આત્મશક્તિની નદી વહ્યા કરતી હોય તે કેવી રીતે તરસ્યો મરે ?

નોંધ : કબીર સાહેબે શરીરમાં રહેલા આત્માને ઓળખવા માટે સાધકને ખાસ પ્રોત્સાહન આપ્યુ છે. કષ્ટપ્રદ માર્ગથી ડરવું નહીં પણ પરમાત્માએ આ શરીરમાં જે સાધનો આપ્યા છે તનો સહારો લેવો જોઈએ. ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્મા એ પાંચ સાધનોનો સમુચિત ઉપયોગ કરતાં શીખવું જોઈએ. ગીતાના ત્રીજા અધ્યાયના છેલ્લા શ્લોકોમાં આ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ઉપનિષદમાં કહ્યું છે કે **आत्म वै गुरु:** | આત્મા એ જ ગુરુ છે. સાધક પ્રભુને માર્ગે આગળ વધે તે માટે આ સાખીમાં સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

## સાખી - ૧૦૦ : બેઠા હૈ ઘર ભીતરે ...

**બેઠા હૈ ઘર ભીતરે, બૈઠા હૈ સાચેત**
**જબ જૈસી ગતિ ચાહતા, તબ તૈસી મતિ દેત**

આ ઘરની અંદર એનો માલિક આત્મા કાયમ સાવધાન થઇને બેઠેલો છે. જ્યારે જેવી ગતિની તે ઈચ્છા કરે ત્યારે તે તેવી બુદ્ધિ જીવને પ્રેરે છે.

## સાખી - ૧૦૧ : બન બનાયા માનવા ...

**બન બનાયા માનવા, બિના બુદ્ધિ બેતૂલ**
**કહાં લાલ લૈ કીજિયે, બિના બાસકા ફૂલ ?**

મનુષ્ય બધી રીતે બની ઠનીને સંપૂર્ણ બન્યો હોય પણ જો તેની પાસે બુદ્ધિ ન હોય તો તે નિર્બળ ગણાય છે. ફૂલ ભલે લાલ ચટાક હોય પણ એમાં સુગંધી ન હોય તો તેને લઈને શું કરવું ?

## સાખી - ૧૦૨ : બિના વસીલે ચાકરી ...

**બિના વસીલે ચાકરી, બિના બુદ્ધિકી દેહ**
**બિના જ્ઞાનકા જોગના, ફિરૈ લગાયે ખેહ**

વગ વસીલા વિનાની નોકરી ને બુદ્ધિ વિનાનું શરીર નકામાં ગણાય. તે જ પ્રમાણે રાખ ચોળીને ફરનારનો જ્ઞાન વિનાનો યોગ નકામો જ છે.

## સાખી - ૧૦૩ : સમઝા કા ઘર ઔર હૈ ...

**સમઝા કા ઘર ઔર હૈ, અનસમઝા કૈ ઔર**
**જા ઘરમેં સાહબ બસૈ, બિરલા જાનૈ ઠૌર**

સમજુ જ્ઞાનીનું જીવન અને અણસમજુનું જીવન બંને નિરાળાં જ હોય છે. જેના શરીરમાં આત્મા પ્રકાશી ઉઠ્યો છે તેવાને તો કોઇક જ જાણી શકે છે.

## સાખી - ૧૦૪ : ઉપર કી દોઉ ગઈ ...

**ઉપર કી દોઉ ગઈ, હિય કી ગઈ હેરાય**
**કહ કબીર ચારિઉ ગઇ, તાસો કહા બસાય ?**

ઉપરની બે આંખો પણ ગઈ ને હૃદયની દૃષ્ટિ પણ ગઈ. કબીર કહે છે કે જેની ચારે નજર ગઈ છે તેનું આ જગતમાં શું ઠેકાણું છે ?

નોંધ : હૃદયની પણ બે આંખો છે : શ્રદ્ધા ને વિશ્વાસ. સ્થૂળ આંખો નષ્ટ થાય તો તો સમજ્યા પણ હૃદયની જો બંને જાય તો તેનું આવાગમન કાયમ ચાલુ જ રહે છે. તે સુખી થઈ શકે નહિ.

## સાખી - ૧૦૫ : સકલો દૂરમતિ દૂરિ કસ ...

**સકલો દૂરમતિ દૂરિ કસ, અચ્છા જનમ બનાવ,**
**કાગ ગમન મતિ છાંડિકે, હંસ ગમન ચલિ આવ.**

હે ! જીવ, જો તું તારું આત્મકલ્યાણ કરવા ઈચ્છતો હોય તો તું સૌ પ્રથમ તારી બુદ્ધિને સુધાર. ખરાબ વિચારો વાળી બુદ્ધિથી તારું અહિત થશે. કાગડા જેવી બુદ્ધિ છોડી દઇને તું હંસ સમાન બુદ્ધિ પ્રાપ્ત કર અને આગળ વધ.

નોંધ : કબીર સાહેબ સદાચારનો માત્ર ઉપદેશ આપતા નથી પણ આચરણ તરફ ધ્યાન આપવાનું સૂચવે છે. કાગડાની બુદ્ધિ દ્વારા સ્વાર્થ સાધવા માટે લુચ્ચાઈની મનોવૃત્તિ સમજવી. તેવી મતિનો ત્યાગ અનિવાર્ય છે. તો જ આત્મકલ્યાણના માર્ગે આગળ વધી શકાય. હંસના પ્રતીક દ્વારા વિવેકજ્ઞાન પર ભાર મૂકવામાં આવ્યો છે. સારું શું ને નરસુ શું તે પારખવાનું જ્ઞાન તે વિવેકજ્ઞાન.

## સાખી - ૧૦૬ : ગાવૈ કથૈ વિચારે નાહીં ...

**ગાવૈ કથૈ વિચારે નાહીં, અનજાને કા દોહા**
**કહં હિ કબીર પારસ પરસે બિનું, પાહન ભીતર લોહા**

જે જીવ ગાય છે ને કથા કરે છે પણ તેનો મર્મનો વિચાર કરતો નથી તે સમજ્યા વિના ગાયેલા દોહા જેવો છે. કબીર હકે છે કે પારસમણિના સ્પર્શ થયા વિના પથ્થરમાં રહેલું લોઢું સુવર્ણ બની શકતું નથી.

નોંધ : કબીર સાહેબ જે કાંઈ સાધનનો ઉપયોગ કરવાનું કહે છે તે બરાબર સમજીને આગ્રહ રાખે છે. ન સમજાય તો જે સમજે છે તેની પાસે જવાનો બોધ આપે છે. પારસમણિના પ્રતીક દ્વારા જ્ઞાની પુરૂષને સમજવાથી વાત સ્પષ્ટ થઈ જાય છે. માત્ર ગ્રંથો વાંચવાથી અર્થબોધ થતો નથી. તે માટે ફરીથી તેઓ ભારપૂર્વક કહે છે કે ... (જુઓ સાખી-૧૦૭)

## સાખી - ૧૦૭ : સુરગ પાતાલ કે બીચમેં ...

**બેઠા હૈ ઘર ભીતરે, બૈઠા હૈ સાચેત**
**જબ જૈસી ગતિ ચાહતા, તબ તૈસી મતિ દેત**

સુરગ પાતાલ કે બીચમેં, દુઈ તુમરિયાં બદ્ધ
ષટ દરસન સંસય પરી, લખ ચૌરાસી સિદ્ધ

સ્વર્ગને પાતાળની વચ્ચે જે મૃત્યુલોક છે તેમાં બે તુમડીઓથી બધાં બંધાઈ ગયા છે તે કારણે જ તેઓ પોતાને સિદ્ધ માનીને છ દર્શનશાસ્ત્રોમાં શંકાઓ કરી કરીને સાચો મર્મ પકડી શકતા નથી અને લખ ચોરાસીના ફેરામાં ફર્યાં જ કરે છે.

નોંધ : બે તુમડીઓ એટલે દ્વંદ્વો-સુખદુઃખ, રાગવિરાગ, લાભગેરલાભ વિગેરે દ્વંદ્વો. દ્વંદ્વોથી કોણ મુક્ત છે ? ભણેલા કે અભણ, ગરીબ કે તવંગર સહુ કોઈ દ્વંદ્વોથી બંધાયલા છે એમાંથી છૂટવા માટે શ્રદ્ધા ને વિશ્વાસ કેળવી ગુરૂનો સંગ કરવો જોઈએ.

## સાખી - ૧૦૮ : ગુનિયા તો ગુનહીં કહૈ ...

**ગુનિયા તો ગુનહીં કહૈ, નિર્ગુન ગુનહિ ઘિનાય**
**બૈલાહ દીજે જાયફર, કા બૂઝે કા ખાય ?**

ગુણવાન મનુષ્યો તો બીજાના ગુણોની પ્રશંસા જ કરે છે. નગુણા લોક જ બીજાના ગુણોની ઘૃણા કરે છે. બળદ ને જાયફળ આપવામાં આવે તો તે જાયફળનાં ગુણો કેવી રીતે સમજી શકે ને કેવી રીતે તેનો ઉપયોગ પગ કરી શકે ?

## સાખી - ૧૦૯ : મૈં જાના કુલ હંસ હો ...

**મૈં જાના કુલ હંસ હો, તા તે કીન્હા સંગ**
**જો જાનત બગુ બાવરા, છુવે ન દેતેઉ અંગ**

મેં તો તું ખરેખર હંસ છે એવું માનીને તારી સાથે સંગ કરેલો. જો મને ખબર પડત કે તું માછલી પાગલ બગલો છે તો હું તને મારું એક અંગ પણ સ્પર્શ કરવા ન દેત !

## સાખી - ૧૧૦ : મુખ કી મીઠી જો કહૈ ...

**મુખ કી મીઠી જો કહૈ, હ્દયા હૈ મતિ આન**
**કહં હિ કબીર તા લોગ સે, તૈસહિં રામ સયાન**

મોઢેથી મીઠી વાણી બોલવાવાળા હ્રદયમાં કપટ રાખીને વાત કરતા હોય છે. કબીર કહે છે કે તેવા લોકોને માટે ભગવાન પણ ચતુર છે.

નોંધ : અર્થાત્ ઢોંગી લોકો જગતમાં અન્યને છેતરી શકે છે પણ ભગવાનને છેતરી શકતા નથી. ભગવાન તો જેવું જેનું કર્મ તેવું ફળ આપે છે.

આધ્યાત્મિક માર્ગમાં પણ બનાવટી સંતો ક્યાં ઓછા છે ? માત્ર વેશ બદલીને ગુરુ થઈ બેસનારાની સંખ્યા ઘણી મોટી છે. સમયની સરાણ પણ તેમની કસોટી થઈ જતી હોય છે. સૃષ્ટિનું સંચાલન કરનારી શક્તિ તેવાઓને ઉઘાડા પાડી દે છે. જે ખરેખર સુવર્ણ સમાન છે તે સુવર્ણ રૂપે પ્રસિદ્ધ થાય છે ને જે પિત્તળ સ્વરૂપ છે તે પિત્તળ તરીકે પરખાઈ આવે છે તેથી વારંવાર કબીર સાહેબ કહે છે કે

કબીર કરની આપની, કબહુ ન નિષ્ફળ જાય
સાત સમુંદ આડા પરૈ, તો ભી મિલસી આય.

હે જીવ, તારું કર્મ કદી નિષ્ફળ જતું નથી. કે જેવું કર્મ તેવું ફળ તો અવશ્ય પ્રાપ્ત થાય જ છે. સાતે સમુદ્ર વચ્ચે આવીને આડા ઊભા રહે તો પણ કર્મની ગતિને કોઈ રોકી શકતું નથી. ગમે તે સ્વરૂપે તે તો આવીને ઊભું જ રહે છે.

## સાખી - ૧૧૧ : કબીર કરની આપની ...

**કબીર કરની આપની, કબહુ ન નિષ્ફળ જાય**
**સાત સમુંદ આડા પરૈ, તો ભી મિલસી આય**

કબીર સાહેબ કહે છે હે જીવ, તારું કર્મ કદી નિષ્ફળ જતું નથી. કે જેવું કર્મ તેવું ફળ તો અવશ્ય પ્રાપ્ત થાય જ છે. સાતે સમુદ્ર વચ્ચે આવીને આડા ઊભા રહે તો પણ કર્મની ગતિને કોઈ રોકી શકતું નથી. ગમે તે સ્વરૂપે તે તો આવીને ઊભું જ રહે છે.

## સાખી - ૧૧૨ : રામ ઝરુખે બૈઠિ કે ...

**રામ ઝરુખે બૈઠિ કે, સબકા મુજરા લેય**
**જૈસી જાકી ચાકરી, તૈસા તાકો દેય**

હૃદયરૂપી ઝરુખામાં બેસીને પરમાત્મા બધાંની અંજલિ સ્વીકારે છે. જેની જેવી સેવા હોય છે તેવું તેને ફળ આપ્યા કરે છે.

## સાખી - ૧૧૩ : બેઠા હૈ ઘર ભીતરે ...

**બેઠા હૈ ઘર ભીતરે, બેઠા હૈ સાચેત**
**જબ જૈસે ગતિ ચાહતા, તબ તૈસી મતિ દેત**

આ ઘરનો માલિક (આત્મા) ઘરની અંદર સાવધાનીપૂર્વક બેઠો છે. એને જ્યારે જેવી ગતિ જોઇએ છે ત્યારે તેવી જ મતિ એ જીવને આપે છે.

## સાખી - ૧૧૪ : એક કર્મ હૈ બોવના ...

**એક કર્મ હૈ બોવના, ઉપજૈ બીજ બહુત**
**એક કર્મ હૈ ભૂંજના, ઉદય ન અંકુર સૂત**

વાવણી કરવા જેવા એક પ્રકારના કર્મ છે જેને વાવવાથી અનેક બીજની ઉત્પત્તિ થાય છે. બાળી મૂકવા જેવા બીજા પ્રકારના કર્મ છે કે જેને બાળવાથી તેમાંથી અંકુર પણ ફૂટતો નથી.

નોંધ : મનુષ્યનું આત્મકલ્યાણ કર્મ કરવાથી જ થાય છે. પરંતુ કેવા પ્રકારના કર્મ કરવાં ને કેવા પ્રકારના ન કરવાં તે માટે સાધકે સમજ કેળવવી જોઇએ. સત્કર્મ તે જ કહેવાય કે જે દ્વારા સાધક સત્વમાં સ્થિર બની શકે; સાત્વિક ગુણોની વૃદ્ધિ થાય સદ્‌ગુણી બન્યા વિના પ્રભુપંથે આગળ વધી શકાતું નથી. અઢારમાં અધ્યાયમાં ગીતા માર્ગદર્શન આપતાં કહે છે :

> યજ્ઞ, દાન, તાપ, કર્મ તો કોદી તજવાં ના,
> યજ્ઞ દાન તપથી બને પવિત્ર માનવા હા !

અહંકાર તૃષ્ણા તજી આ કર્મો કરવાં,
મત મારો મેં છે કહ્યો, શ્રેષ્ઠ કર્મ કરવાં !

તે જ પ્રમાણે જે કર્મો સત્વમાં સ્થિર ન થવા દેતાં હોય અથવા તો જે કર્મોથી અશાંતિ વધતી હોય તો તે કર્મો ન કરવાં જોઇએ. બલકે તેવાં કર્મોને બાળી મૂકવાં જોઇએ. જ્ઞાન રૂપી અગ્નિમાં તેવાં કર્મો બાળી મૂકવાની વિધિ ગીતાએ બતાવી છે. જ્ઞાની અનુભવી પુરૂષ પાસે જઈને, નમ્ર  બનીને, પ્રશ્નો પૂછીને જ્ઞાન પ્રાપ્ત કરવું એવી પણ સલાહ આપી છે.

અનુભવ વાળો હોય જે જ્ઞાની તેમજ હોય,
તેને નમતા સેવતાં પૂછ પ્રશ્ન તું કોય.

જ્ઞાન તને તે આપશે, તેથી મોહ જશે,
જગ આખું મુજમાં પછી જોશે આત્મ વિશે.

પાપીમાં પાપી હશે કોઈ આ જગમાં,
જ્ઞાનનાવમાં બેસતા તરી જશે ભવમાં.

ભસ્મ કરે છે કાષ્ઠને બાળી અગ્નિ જેમ,
જ્ઞાનાગ્નિ કર્મો બધાં ભસ્મ કરે છે તેમ.      (સરળ ગીતા અ-૪, ૩૫-૩૮)

પવિત્રમાં પવિત્ર વસ્તુ હોય તો તે જ્ઞાન જ છે. એની પ્રાપ્તિ દ્વારા જ આત્મકલ્યાણ સિદ્ધ થાય છે. તેથી કબીર સાહેબ કર્મ વિશે સમુચિત માર્ગદર્શન આ સાખીમાં આપે છે.

પરંતુ અનુભવી પુરૂષ કોણે કહેવા ? તેની ચર્ચા કરતાં કબીર સાહેબ કહે છે ... (જુઓ સાખી-૧૧૫)

# સાખી - ૧૧૫ : બિન દેખે વહ દેસકી ...

**બિન દેખે વહ દેસકી, બાત કહૈ સો કૂર**
**આપૈ ખારી ખાત હૈ, બેચત ફિરત કપૂર !**

જે દેશ જોયો જાણ્યો નથી તે દેશની જ વાતો કરે છે તે મૂર્ખ છે. પોતે તો ધૂળ ફાકતા હોય છે ને તે કપૂરના સોદા કરતા ફરે એ કેવું વિચિત્ર ?

નોંધ : માત્ર માહિતી મેળવીને પરમાત્માની વાતો કરનારા સમાજને યોગ્ય માર્ગે દોરી શકતા નથી. જે મહાપુરૂષોએ પરમાત્માનાં દર્શન કર્યાં છે અથવા તો જેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે તે લોકો જ અનુભવી પુરુષો કહેવાય ને તેઓ જ સમાજને સન્માર્ગે દોરી શકે. તેમની વાણીમાં જ આત્મબળનું જોમ હોય છે. અહીં સ્વામી વિવેકાનંદનો પ્રસંગ યાદ કરવા જેવો છે. પ્રથમ મુલાકાતે તેમણે રામકૃષ્ણદેવને પ્રશ્ન કરેલો કે તમે ઈશ્વરની જે વાતો કરો છો તે પુસ્તક વાંચીને કરો છો કે સાક્ષાત ઈશ્વરને જોયો છે ? રામકૃષ્ણદેવે કહેલું કે હા, મેં ઈશ્વરને જોયો છે ને તે તને બતાવી પણ શકું એમ છું. ત્યાર પછી વિવેકાનંદને અદ્ભુત અનુભવ કરાવેલો તે જગપ્રસિદ્ધિ હકીકત છે. રામકૃષ્ણ પરમહંસ કબીર સાહેબની ભાષામાં સાચા અનુભવી પુરૂષ કહેવાય. તેમની પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ જીવને થઈ શકે પણ જેઓ ધૂળ ફાકતા પુરૂષો છે. અર્થાત્ જેમણે પરમાત્માની માહિતી પુસ્તકો વાંચીને મેળવી હોય તેવા બિનઅનુભવી પુરૂષો પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે નહીં. જેણે કપૂર જ ન જોયું હોય કે જાણ્યું હોય તે કપૂરનો ધંધો કરવા જાય તો શી ઘટના બને ? સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય તે ઉકિત અહીં યાદ આવે છે.

## સાખી - ૧૧૬ : મલયાગિરિ કે બાસમેં ...

**મલયાગિરિ કે બાસમેં, બ્રુચ્છ રહા સબ ગોય**
**કહિળે કો ચંદન ભયા, મલયાગિરિ ના હોય**

જ્યાં ચંદન વૃક્ષો સિવાય અન્ય વૃક્ષો જણાતાં નથી તે જ મલય પર્વત કહેવાય. પરંતુ જ્યાં કહેવા પૂરતું એકાદ વૃક્ષ ચંદનનું હોય તેને મલય પર્વત કેવી રીતે કહેવાય ?

નોંધ : પરમાત્માના અનુભવથી જેનું હૃદય સમૃદ્ધ થયેલું છે તે જ અનુભવી મહાપુરૂષ પરમાત્મ તત્વનો જેને અનુભવ જ નથી થયો તેને મહાપુરૂષ ન કહી શકાય.

## સાખી - ૧૧૭ : સાધુ ભયા તો ક્યા હુઆ ...

**સાધુ ભયા તો ક્યા હુઆ, માલા પહિરિ ચાર**
**બાહર ભેષ બનાઈયા, ભીતર ભરી ભંગાર**

ચાર માળા ડોકમાં ઘાલીને સાધુ બની બેઠા તેથી શું વળ્યું ? બહારથી તો વેશ સુંદર લાગે છે પણ અંદર તો દુર્ગુણોનો ભંગાર જ ભરેલો છે.

## સાખી - ૧૧૮ : માલા તિલક લગાઈ કે ...

**માલા તિલક લગાઈ કે, ભક્તિ ન આઈ હાથ**
**દાઢી મૂંછ મૂડાઈ કે, ચલે દુની કે સાથ**

માળા તિલક ધારણ કરવાથી ભક્તિ પ્રાપ્ત થતી નથી. દાઢી ને મૂંછ મૂંડાવવા છતાં યે દુન્યવી આસક્તિવાળું જ જીવન તેઓ જીવતા હોય છે.

## સાખી - ૧૧૯ : મૈં જાના કુલ હંસ હો ...

**દાઢી મૂંછ મૂંડાઈ કે, હુઆ ઘોટમઘોટ**
**મનકો ક્યોં નહિ મૂડીએ, જામેં ભરિયા ખોટ**

દાઢી ને મૂંછ મૂડાવીને તું મોઢે માથે સાવ સફાચટ થઈ ગયો તેથી શું ? અસત્ય ને અજ્ઞાનથી ભરપૂર એવા મનને તું કેમ સ્વચ્છ કરતો નથી ?

## સાખી - ૧૨૦ : મૂંડ મુંડાયે હરિ મિલૈ ...

**મૂંડ મુંડાયે હરિ મિલૈ, સબ કોઈ લેહિ મુંડાઈ**
**બાર બાર કે મૂંડને, ભેડ ન વૈકુંઠ જાય.**

માથું મુંડાવ્યાથી પ્રભુ મળતા હોય તો બધા જ માથું મૂંડાવી લે. ઘેટું તો વારંવાર મૂંડન કરાવે છે છતાં વૈકુંઠ પામતું નથી !

નોંધ : કબીર સાહેબ ભીતરના પરિવર્તનની વાત કરે છે. બાહ્ય પરિવર્તન મિથ્યા છે. અંદરથી મન જ પવિત્ર બને તો સર્વ કાંઈ પ્રાપ્ત કરી શકાય મન મેલું હોય ને બહારથી ગમે તેટલો ફેરફાર કરવામાં આવે તો તેથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. માત્ર બાહ્યાચાર કે બ્રાહ્યઆડંબર કરનારા સંતો સાચા સાધુ નથી. પરમાત્માના અનુભવથી તેઓ ઘણા દૂર છે. તેમની પાસેથી કાંઈ જ પ્રાપ્ત થતું નથી. બલકે જે કિંમતી સમય છે તે વ્યર્થ વીતી જાય છે.

## સાખી - ૧૨૧ : સબ હી ભૂમિ બનારસી ...

**સબ હી ભૂમિ બનારસી, સબ જલ ગંગા તોય**
**જ્ઞાની આતમ રામ હૈ, જા નિર્મલ ઘટ હોય.**

તન અને મન નિર્મલ થઈ જાય તો તમામ ભૂમિ બનારસ જેટલી પવિત્ર લાગે છે, પાણી નામે ગંગાજલ લાગે છે અને પ્રત્યેક જ્ઞાની આત્મજ્ઞાની જણાય છે.

નોંધ : કબીર સાહેબ 'નિર્મલ ઘટ' દ્વારા તન અને મનની પવિત્રતાનો આગ્રહ રાખે છે. આ શરીર ન હોય તો કંઈ કરવાનું રહેતું નથી. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી તેમાં રહેલું મન પણ પ્રભુદર્શનને માટે ઉપયોગી છે. તેથી શરીરની શુદ્ધિ દ્વારા ધર્મને સાધી શકાય ને મનની શુદ્ધિ દ્વારા પ્રભુને પામી શકાય. શરીર ને મન પવિત્ર બને તો જીવન ધન્ય બની શકે.

## સાખી - ૧૨૨ : કબીરા મન તો એક હૈ ...

**કબીરા મન તો એક હૈ, ભાવેં તહાં લગાય**
**ભાવેં ગુરૂકી ભક્તિ કર, ભાવેં વિષય કમાય**

કબીર કહે છે કે આ મન તો એક જ છે. ઈચ્છા પ્રમાણે એને લગાડી શકાય છે. તને ગમે તો તું પરમાત્માની ભક્તિ કર અથવા તો તું એને વિષય ભોગમાં લગાડી દે.

નોંધ : વિચારકો મનના ઘણા ભેદ પાડે છે: વ્યક્ત મન, અવ્યક્ત મન, જાગૃત મન, અજાગૃત મન, વિગેરે. પાણીમાં બરફ રહે તેમ શરીરમાં મન રહે છે. પાણીમાં બરફનો જે ભાગ દેખાય છે તે તો અલ્પ જ હોય છે. જ્યારે બરફની શિલા તો મોટી હોય છે. પાણીમાં શિલા તરે ત્યારે શિલાનો માત્ર આઠમો ભાગ જ દેખાય છે. બાકીનો ભાગ પાણીમાં ડૂબેલો રહે છે. તેવી રીતે જાગૃત મન અથવા વ્યક્ત મનની સ્થિતિ છે. પાણીમાં ડૂબેલા બરફની શિલા જેવું અજાગૃત મન છે. તે ગુપ્ત છે. આવી બધી વિચારકોની પરિભાષા છે. વળી ચિત્ત, બુદ્ધિ, મન ને અહંકારને અંતઃકરણ કહેવામાં આવે છે. અર્થાત્ આ ચાર પ્રકારની વૃત્તિને જુદા જુદા નામ આપવામાં આવે છે. હકીકતે મન એક જ છે. તે ચિંતન કરે ત્યારે ચિત્ત, મનન કરે ત્યારે મન, નિર્ણય કરે ત્યારે બુદ્ધિ, અસ્મિતાનો અનુભવ કરે ત્યારે અહંકાર. વ્યક્તિ એક જ પણ તે કોઇનો પિતા છે, કોઇનો ભાઈ છે, કોઇનો કાકો છે ને કોઇનો પુત્ર છે. કબીર સાહેબ વિચારકોની તર્ક લીલામાંથી સાધકને બહાર કાઢીને મનનું રહસ્ય સમજાવી રહ્યા છે. હકીકતે મન એક જ છે ને તેને આપણી ઈચ્છા પ્રમાણે કામે લગાડી શકાય છે.

## સાખી - ૧૨૩ : મન મોટા, મન પાતરા ...

**મન મોટા, મન પાતરા, મન પાની, મન લાય**
**મન કે જૈસી ઊપજૈ, તૈસી હી હ્વૈ જાય**

મન તો મોટું (જાડું) પણ છે ને પાતળું પણ છે; મન તો પાણી પણ છે ને આગ પણ છે મન તો જેવી કલ્પના કરો તેવું રૂપ ધારણ છે.

## સાખી - ૧૨૪ : બાજીગર કા બંદરા ...

**બાજીગર કા બંદરા, ઐસા જિઉ મન સાથ**
**નાના નાચ નચાય કૈ, રાચૈ અપને હાથ**

બાજીગરના વાંદરાની માફક આ મન જીવને જુદાજુદા નાચ નચાવે છે. છતાં પણ જીવ પાછો મનના હાથમાં જ રાજી રહે છે.

## સાખી - ૧૨૫ : મનસે સુરમુનિ જહંડિયા ...

**મનસે સુરમુનિ જહંડિયા, મન કે લાખ દુવાર**
**યે મન ચંચલ ચોર હૈ, યે મન શુદ્ધ ઠગાર**

આ મનને કારણે તો ઋષિમુનિઓ અને દેવો પણ ઠગાઈ ગયા છે. મનને છટકવા માટે તો લાખો દરવાજા છે. આ મન ચંચળ ચોર છે ને આ જ મન પાકો ઠગ પણ છે.

## સાખી - ૧૨૬ : મન સ્વારથ આપહિં રસિક ...

**મન સ્વારથ આપહિં રસિક વિષય લહરિ ફહરાય**
**મન કે ચલતૈ તન ચલત તાતે સરબસુ જાય**

સ્વાર્થને ખાતર પોતાને ગમતા વિષય ભોગોના તરંગોમાં મન ભટક્યાં કરે છે. મન ભોગો પાછળ ભટકે છે તેથી શરીર પણ તે જ પ્રમાણે ચાલ ચાલે છે. પરિણામે બંધાયનો સર્વનાશ વળી જાય છે.

## સાખી - ૧૨૭ : સુન્ન સરોવર મીન મન ...

**સુન્ન સરોવર મીન મન, નીર તીર સબ દેવ**
**સુધા સિંધુ સુખ બિલસહી, બિરલા જાને ભેવ**

શૂન્ય રૂપી સરોવરમાં મન રૂપી માછલું અમૃતનાં મહાસાગરમાં મહાલવાનું પરમ સુખ અનુભવી રહ્યું છે. એનાં નીરને તીરે બધા જ દેવોનો વાસ છે. આનું રહસ્ય બહુ થોડા માણસો જાણે છે.

નોંધ : મનના માધ્યમથી જ તમામ પ્રકારનાં સુખો અનુભવી શકાય છે. વિષય ભોગોના ક્ષણિક સુખને માણવું હોય તો પણ મન ભિન્ન ભિન્ન પ્રકારની યોજનાઓ ઘડે છે ને તેનો અમલ પણ કરે છે. ક્ષણિક સુખની પ્રાપ્તિમાં મન થાકનો અનુભવ પણ કરે છે પરમ સુખ કે જે કદિ પણ નારા પામતું જ નથી તેની પ્રાપ્તિ કરવી હોય પણ મનને તૈયાર કરવું જ પડે. મનને લગની લાગે તો જ પ્રાપ્ત કરવા તે ઉતાવળું બને છે. ટૂંકમાં, મન દ્વારા જ પરમ સુખને પણ માણી શકાય છે. આ સાખીમાં 'શૂન્ય સરોવર' શબ્દ દ્વારા મનની ઊંચી અવસ્થાનો આપણને ખ્યાલ આપે છે. આત્મભાવ સિવાય બીજો ભાવ મનમાં ન રહે ત્યારે જાણવું કે મન 'શૂન્ય સરોવર'માં સ્થિર બન્યું છે. મનમાં અનેક ઈચ્છાઓ હોય છે ને તેથી અનેક ભાવો પણ હોય છે. એ બધું મનમાંથી જતું રહે ને માત્ર પરમાત્માનો જ ખ્યાલ રહે તે મનની ઊંચી અવસ્થા. એ અવસ્થામાં આત્મસાક્ષાત્કાર થાય છે. આત્માને અમૃતનો મહાસાગર કહી કબીર સાહેબે આપણને આત્મભાવમાં મન નિમગ્ન બને તો જ પરમ સુખની પ્રાપ્તિ થાય છે એવું માર્ગદર્શન કરાવ્યું છે. સર્વ દેવોનાં દર્શન પણ તે જ અવસ્થામાં થઈ શકે છે. આ પ્રકારે કબીર સાહેબે મનનું રહસ્ય આપણને સમજાવ્યું છે.

## સાખી - ૧૨૮ : ઔર કર્મ સબ કર્મ હૈ ...

**ઔર કર્મ સબ કર્મ હૈ, ભક્તિ કર્મ નિષ્કર્મ**
**કહૈ કબીર પુકારિ કૈ, ભક્તિ કરો તજી ધર્મ**

બીજા બધાં જ કર્મો સકામ છે સિવાય કે ભક્તિ. ભક્તિનું કર્મ નિષ્કામ કર્મ હોવાથી તારક બની જાય છે. તેથી જ કબીર કહે છે કે ધર્મનાં તમામ સકામ કર્મકાંડને છોડીને ભક્તિમાં જ મનને લગાડો.

નોંધ : અગાઉ કબીર સાહેબ કર્મ અંગે આપણને સમજાવી ગયા છે. અહીં એકદમ સ્પષ્ટ ભાષામાં કયા કર્મ કરવાં જોઇએ તેનું માર્ગદર્શન આપે છે. ભક્તિનું કર્મ કરવા જેવું છે કારણ કે તે તારક બની જાય છે. નિષ્કામ ભક્તિ એટલે કામના વિનાની ભક્તિ જેમાં પરમાત્માનાં દર્શન સિવાય અન્ય કોઈ કામના હોતી જ નથી. તેવી ભક્તિ તારક છે. સકામ ભક્તિ તો બાધક છે. તેથી તેવી ભક્તિ ન કરવી.

## સાખી - ૧૨૯ : જબ લગ નાતા જગત કા ...

**જબ લગ નાતા જગત કા, તબ લગ ભક્તિ ન હોય**
**નાતા તોડૈ હરિ ભજૈ, ભક્ત કહાવૈ સોય**

જ્યાં સુધી જગત સાથે સંબંધ રહે છે ત્યાં સુધી નિષ્કામ ભક્તિ થતી નથી. એ સંબંધ તોડીને જે હરિનું ભજન કરે છે તે સાચો ભક્ત કહેવાય.

નોંધ : જગત સાથેનો સંબંધ એટલે જગતના વિષય પદાર્થોની પ્રાપ્તિ માટે મોટા ભાગનો સમય વ્યતીત થાય. લગભગ જીવનનો અંત આવી જાય ત્યાં સુધી એ કામનાઓની તૃપ્તિ થતી નથી. મનમાં માત્ર પ્રભુની જ ઝંખના હોય તો સાચી ભક્તિ થઈ શકે.

## સાખી - ૧૩૦ : ભક્તિ ભેષ બહુ અંતરા ...

**ભક્તિ ભેષ બહુ અંતરા, જૈસે ધરનિ અકાસ**
**ભક્ત લીન ગુરૂ ચરનમેં, ભેષ જગત કી આસ**

નિષ્કામ ભક્તિ ને વેશધારી ભક્તિ વચ્ચે ધરતી ને આકાશ જેટલો તફાવત છે. નિષ્કામ ભક્તનું મન તો કાયમ ગુરૂ (પરમાત્મા)ના ચરણોમાં લીન હોય છે, પણ માત્ર વેશ બદલીને ભક્તિ કરવાવાળાનું મન તો જગતની આશામાં જ ડૂબેલું હોય છે.

## સાખી - ૧૩૧ : જબ લગિ ભક્તિ સકામ હૈ ...

**જબ લગિ ભક્તિ સકામ હૈ, તબ લગ નિષ્ફલ સેવ**
**કહ કબીર વહ ક્યોં મિલૈ, નિષ્કામી નીજ દેવ ?**

જ્યાં સુધી ભક્તિ સકામ હોય છે ત્યાં સુધી તમામ પ્રકારની સેવા સાધના નિષ્ફળ જાણવી. પોતાના સ્વરૂપ રૂપી દેવ તો નિષ્કામ છે, તેથી સકામ ભક્તને એ શા માટે મળે ?

## સાખી - ૧૩૨ : દેખા દેખી ભક્તિ કા ...

**દેખા દેખી ભક્તિ કા, કબહૂં ન ચઢસી રંગ**
**બિપતિ પડે યોં છાંડસી, જ્યોં કેંચુલી ભુજંગ**

દેખાદેખીથી કરવામાં આવતી ભક્તિનો રંગ જીવનમાં કદી યે ઊંડો લાગતો નથી. જેવી રીતે સાપ કાંચળી ઉતારી નાંખે છે તેવી રીતે સંકટ આવી પડતાં એવી નકલી ભક્તિ છૂટી જશે.

## સાખી - ૧૩૩ : કામી ક્રોધી લાલચી ...

**કામી ક્રોધી લાલચી, ઈનતેં ભક્તિ ન હોય**
**ભક્તિ કરે કોઈ સૂરમા, જાતિ બરન કુલ હોય**

કામી, ક્રોધી ને લાલચી લોભી માણસથી કદી પણ નિષ્કામ ભક્તિ થઈ શક્તિ નથી. નિષ્કામ ભક્તિ તો કોઈ શૂરવીર હોય તે જ કરી શકે કારણ કે સૌ પ્રથમ એમાં ન્યાત, જાત ને કુળના ભેદોનો ત્યાગ કરવો જરૂરી હોય છે.

## સાખી - ૧૩૪ : ખેત બિગાર્યો ખરતુઆ ...

**ખેત બિગાર્યો ખરતુઆ, સભા બિગારી કૂર**
**ભક્તિ બિગારી લાલચી, જ્યોં કેસરમેં ધૂર**

જેમ નકામું ઘાસ ખેતરની ખરાબી કરે છે, જેમ મૂર્ખ માણસ સભાના રંગમાં ભંગ પાડે છે, જેમ ધૂળ કેસરને બગાડે છે તેમ લોભ લાલચ ભક્તિને બગાડી મૂકે છે.

નોંધ : ખેતરમાં નીંદામણ ખૂબ થતું હોય છે. સાચો ખેડૂત તેને સમયસર નીંદી કઢાવી ખેતરને સાફ રાખવા પ્રયત્ન કરે છે. તે રીતે ભક્તિ કરવાના પ્રયત્નો કરનારના મનમાં કામનાઓ જાગ્યા જ કરતી હોય છે તે કામનાઓ મનમાં શાંત ન થાય ત્યાં સુધી સાચી ભક્તિ થઈ શક્તિ નથી. કામનાઓ ભક્તિને સકામ સ્વરૂપ આપી દે છે. તેથી ભક્તિને તેઓ બગાડી મૂકે છે. મનુષ્ય તરીકે જન્મ ધારણ કર્યા પછી કામનાઓને મહત્વ આપવામાં આવે તો તે મૂર્ખ માણસનું લક્ષણ છે. મનુષ્ય અવતાર તો ઉત્ક્રાંતિ કરવાની સોનેરી તક ગણાય છે. સમય કિંમતી ગણાય છે. સમજુ માણસો સમયને પારખીને મનમાં ઊઠતી જુદી જુદી કામનાઓને શાંત કરવા મહેનત કરે છે તેવી મહેનત ન કરવામાં આવે તો મનુષ્ય જન્મનો સમય નકામો વ્યતીત થઈ જાય. કેસર કિંમતી હોય છે. તે ઔષધ માટે અમૂલ્ય ગણાય છે. પરંતુ જો ધૂળ તેમાં ભળી ગયેલી હોય તો તેનો ઉપયોગ થઈ શકતો નથી. મનમાં કામનાઓ ન જાગે તો ભક્તિનો ઉપયોગ કેસરની માફક કરી શકાય નિષ્કામ ભક્તિ દ્વારા ઉત્ક્રાંતિ સાધી શકાય. પરંતુ સમજુ ને જ્ઞાની હોય તે જ આ સોનેરી તકનો લાભ લઈ શકે.

## સાખી - ૧૩૫.અ : અંધ ભયા સબ ડોલઈ ...

**અંધ ભયા સબ ડોલઈ, યહ નહિ કરે વિચાર**
**હરિ ભક્તિ જાને બિના, બૂડી મૂઆ સંસાર**

જગતની વિષય પદાર્થની મોહિનીમાં બધાં જ આંધળા બનીને તેને પ્રાપ્ત કરવા મથી રહ્યા હોય છે. તે સૌ મનુષ્ય જન્મની ઉત્તમતાનો વિચાર કરતાં જ નથી. તેથી દુન્યવી માણસ ભક્તિનું સાચું સ્વરૂપ સમજ્યા વિના સંસાર સાગરમાં ડૂબી જાય છે.

## સાખી - ૧૩૫ : ભક્તિ ભેષ બહુ અંતરા ...

**બૈઠા રહે સો બનિયાં, ઠાઢ રહે સો ગ્વાલ**
**જાગત રહે સો પહરુવા, તેહી ધરી ખાયો કાલ.**

જે બેસીને પ્રભુ ભજન કરવાનો ઢોંગ કરે છે તે વાણીયા જેવા છે, જે ઊભા રહીને પ્રદર્શન કરે છે તે ગોવાળિયા જેવા છે, જે આખી રાત જાગતા રહી ભજન કરવાનો દેખાવ કરે છે તે પહેરેગીર જેવા છે કારણ કે તે સૌ કામનાવાળા આસક્ત મનથી ભજન કરનારને કાળ કોળિયો કરી જાય છે.

નોંધ : બેસીને માળા કરે પણ મન બીજે જ ક્યાંક હોય તો તેવી ક્રિયા નિરર્થક ગણાય. દુકાનમાં બેસીને વેપાર કરે તેનાં જેવી એ ક્રિયા છે. આખો દિવસ કેટલી બધી તે ક્રિયા કરતો જણાય છતાં તે કસરતનો લાભ તેના શરીરને મળતો નથી. કરતાલ લઈ નાચતા હોય કે કથા કરતા હોય પણ પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે જ તેવી યુક્તિ તેઓ કરતા હોય છે. વાહ વાહથી જ તેમનું મન પ્રસન્ન બનતું હોય તે સૌ ગોવાળિયા જેવા ગણાય. પશુધન ગોવાળિયાના ઇશારે ચાલે તેમ લોકો કથા વાર્તા કરનારના ઉપદેશ પ્રમાણે જીવે. આખી રાત અખંડ રામધૂન કરનારનું મન બીજે ક્યાંય ભમતું હોય છે તે કારણે કરવામાં આવેલી ક્રિયાનો લાભ મનને મળતો નથી. આખી રાત જાગરણ તો પહેરેગીર પણ કરે છે. આધ્યાત્મિક ક્રિયાનો લાભ મેળવવો હોય તો મન જે ક્રિયા કરવામાં આવે છે તેમાં લીન હોવું અનિવાર્ય છે.

# સાખી - ૧૩૬ : આગે આગે દૌં જરે ...

**આગે આગે દૌં જરે, પાછે હરિયર હોય**
**બલિહારી તેહિ બ્રિચ્છકી, જર કાટે ફળ હોય !**

શરૂઆતમાં તો સાધકના શરીરમાં લાય બળતી હોય તેવો અનુભવ થાય છે. પરંતુ જેમ જેમ સાધના આગળ વધતી જાય તેમ તેમ બળતરા દૂર થઇ જાય છે ને શીતળતા વ્યાપી જાય છે. ખરેખર તેવા શરીર રૂપી ઝાડને ધન્યવાદ છે કે જેના મૂળ કપાતાં જાય તેમ તેનાં ફળ પણ આવતા જાય છે.

નોંધ : ભક્તિ કરવી હોય કે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, મહેનત કર્યા વિના કશું જ પ્રાપ્ત થતું નથી. આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે કરવામાં આવતા પુરુષાર્થને સાધના કહેવામાં આવે છે. આવતી કાલથી જ ભક્તિ કરવાનો નિર્ણય કરવામાં આવે તો શરૂઆતની સાધનામાં વિઘ્નો ખૂબ આવે છે. શરીર થકી જાય છે ને મન કંટાળી જાય છે. જાણે કે અગન બળતી હોય તેવો વિચિત્ર અનુભવ થતો રહે છે. પણ દૃઢતાપૂર્વક નિર્ણયને વળગી રહેવામાં આવે ને નિયમોનું પાલન કરવામાં આવે તો સમય જતાં શરીર ને મન બંને અનુકૂળ બની જાય છે. ધીમે ધીમે મનમાંથી કામનાઓ રૂપી મલિનતા દૂર થતી જાય છે. આ સંસારનું મૂળ પણ મનમાં જ રહેલું છે. સાધના દ્વારા આ મન શુદ્ધ બનતું જાય છે. મતલબ કે કામના વિનાનું બનતું જાય છે. એટલે કે મૂળ કપાતાં જાય છે છતાં શરીર રૂપી વૃક્ષ લીલુંછમ થતું જાય છે. જેમ જેમ સાધના આગળ વધતી જાય છે તેમ તેમ ડાળીઓ પર ફળ પણ આવતાં જ જાય છે.

## સાખી - ૧૩૭ : ભક્તિ પ્યારી રામકી ...

**ભક્તિ પ્યારી રામકી, જૈસી પ્યારી આગ**
**સારા પટ્ટન જરી મુવા, બહુરિ લે આવે માંગ !**

જે સાચો ભક્ત છે તેને ભક્તિ પ્યારી લાગે છે. દરેકને આગ પ્યારી હોય છે. આગથી આખું શહેર બળીને ભસ્મ થઈ જાય તો યે તે આગ માંગીને લાવીને ચૂલો તો સળગાવવો જ પડે છે તેમ ભક્તિ વિના કોઈને ચાલતું નથી.

નોંધ : ભક્તિ સરળ સાધન છે છતાં તેને કબીર સાહેબ આગ સાથે સરખાવે છે. આગથી તો લોકો ડરે. કારણ કે આગની એક જ ચિનગારી આખા શહેરને બાળી મૂકે છે છતાં તે આગની ચિનગારી વિના ચૂલો પણ સળગતો નથી. ચૂલો સળગે તો જ પેટનો ખાડો પૂરાય જીવવા માટે આમ આગનું સાધન અનિવાર્ય છે. એટલું જ નહી સુગમ પણ છે. તેજ રીતે ભક્તિનું સાધન પ્રભુનાં દર્શન માટે અનિવાર્ય છે અને સરળ પણ છે. જે કઠીન કાર્ય છે તે તો મનને પાધરું કરવામાં છે. તે કારણે આકરી તપશ્ચર્યા કરવી પડે છે ને શરીરને સંકટો સહન કરવા પડે છે.

## સાખી - ૧૩૮ : નામ ન રટા ક્યા હુઆ ...

**નામ ન રટા ક્યા હુઆ, જો અંતર હૈ હેત**
**પતિ બરતા પતિકો ભજૈ, મુખ સે નામ ન લેત**

હૃદયમાં જો ભરપૂર પ્રેમભક્તિ હોય તો મોઢેથી નામ રટણ ન કરે તો યે શું ? પતિવ્રતા નારી હૃદયપૂર્વક પતિને જ અખંડ ભજે છે; તે મોઢેથી એનું નામ લેતી નથી.

## સાખી - ૧૩૯ : સૂરા કે તો સિર નહીં ...

**સૂરા કે તો સિર નહીં, દાતા કે ધન નાહીં**
**પતિ બરતા કે તન નહીં, સુરતિ બસે પિયુ માંહિ !**

શૂરાને પોતાના માથાની પડી નથી, દાનેશ્વરીને પોતાના ધનની પડી નથી. તે જ રીતે પતિવ્રતા નારીને પોતાના શરીરની પરવા હોતી નથી. તેનું મન તો હંમેશ પ્રિયતમમાં જ મગ્ન બનેલું હોય છે.

## સાખી - ૧૪૦ : કબિરા સીપ સમુદ્ર કી ...

**કબિરા સીપ સમુદ્ર કી, રહૈ પિયાસ પિયાસ**
**ઔર બુંદકો ના ગદૈ, સ્વાતિ બુંદકી આસ**

કબીર કહે છે કે સમુદ્રની છીપલી ગમે તે થઈ જાય પણ તરસી ને તરસી જ રહે છે. એને તો સ્વાતિ નક્ષત્રના મેઘનું જ બિંદુ જોઇએ, બીજું જલબિંદુ એને ખપતું નથી.

નોંધ : સમુદ્રનાં છીપની જેમ મન માત્ર પ્રભુની જ ઝંખના કરતું થઈ જાય તો સાચી ભક્તિ પ્રગટે. દુનિયાની કોઈ વસ્તુ તરફ મનને આકર્ષણ રહે ત્યાં સુધી પ્રભુની ભક્તિ બરાબર થઈ શકતી નથી.

## સાખી - ૧૫૦ : પપિહા પન દેખકર ...

**પપિહા પન દેખકર, ધીરજ રહે ન રંચ**
**મરતે દમ જલમેં પડા, તુઉ ન બોરી ચંચ !**

બપૈયાની ટેક જોઈને તો ભલભલાની જરાયે ધીરજ ના રહે ! છેલ્લો શ્વાસ લેતી વખતે એ પાણીમાં પડ્યો તો યે પોતાની ચાંચને પાણીમાં બોળી નહિ.

## સાખી - ૧૫૧ : હિરદૈ ભીતર દવ બલૈ ...

**હિરદૈ ભીતર દવ બલૈ, ધુંઆ ન પરગટ હોય**
**જા કે લાગી સો લખૈ કી જિન લાઈ સોય**

હૃદયમાં તો જાણે દવ લાગ્યો છે. ધુમાડો બહાર દેખાતો નથી તેથી કોણ જાણી શકે ? એ તો જેને વીત્યું છે તે જાણે અથવા તો જેણે એ આગ લગાડી છે તે પ્રભુ જ સમજે.

## સાખી - ૧૫૨ : મૂએ પીછે મત મિલૌ ...

**મૂએ પીછે મત મિલૌ, કહૈ કબીરા રામ**
**લોહા માટી મિલ ગયા, તબ પારસ કેહિ કામ ?**

હે ભગવાન ! મર્યા પછી તમે મને મળશો નહીં. લોખંડની તો માટી થઈ જાય પછી પારસમણિનું શું કામ ?

નોંધ : પ્રભુને ભજવા માટે જેમ આ જીવનનો મહિમા કબીર સાહેબે ગાયો છે તેમ પ્રભુનાં દર્શન માટે પણ આ જીવન એક સુંદર સોનેરી તક છે એમ માનીને જીવે સતત પુરૂષાર્થ કરવો જોઈએ એવો ઉપદેશ આપણને આપેલો છે. બીજી વાર આવું મનુષ્ય જીવન મળશે નહિ એવી ચેતવણી કબીર સાહેબે વારંવાર આપી છે. લોખંડ પડ્યું પડ્યું તો કાટ જ ખાય. કાટના થર ફીટતાં ફીટતાં તે માટીમાં જ ભળતું જાય. આખરે માટી જ બની જાય. લોખંડનું સુવર્ણ કદી થાય નહીં. પરંતુ જો પારસમણિનો સ્પર્શ થઈ જાય તો લોખંડ લોખંડ રહેતું નથી એટલે તેને કાટ ચઢવાનો ભય રહેતો નથી. પારસમણિના સ્પર્શથી લોખંડ તો સુવર્ણમય બની જાય છે. આ જન્મમાં જ જો પ્રભુ રૂપી પારસમણિનો સ્પર્શ આ જીવને થઈ જાય તો જ મનુષ્ય જન્મનું સાર્થક્ય છે.

## સાખી - ૧૫૩ : મૈં અપરાધી જનમકા ...

**મૈં અપરાધી જનમકા, નખસિખ ભરા બિકાર**
**તુમ દાતા દુઃખ ભંજના, મેરી કરો સમ્હાર**

હે પ્રભુ ! હું તો જન્મોજન્મથી અપરાધી છું. મારામાં પગથી માથા સુધી વિકારો જ ભરેલા છે તમે તો દુઃખને દૂર કરવા વાળા દયાળુ છો. તેથી મારી સંભાળ લો.

નોંધ : જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી પ્રભુને શરણે જવાની ઈચ્છા થતી નથી. જેમ જેમ અહંકાર ઓગળતો જાય છે તેમ તેમ જીવને પ્રભુનું શરણ લીધા વિના ચેન પડતું નથી. તે અવસ્થામાં સાચી ભક્તિનું દર્શન થાય છે. તેવા ભક્તની પ્રભુ સંભાળ રાખે છે એમ અનુભવી પુરૂષો કહે છે. આપણા જમાનામાં રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, મહાત્મા ગાંધીજી વગેરે મહાપુરૂષ આ માટે દષ્ટાંતરૂપ છે.

## સાખી - ૧૫૪ : મેરા મુજમેં કુછ નહીં ...

**મેરા મુજમેં કુછ નહીં, જો કુછ હૈ સો તોર**
**તેરા તુજકો સૌંપતે, ક્યા લાગત હૈ મોર ?**

મારામાં મારું તો કાંઈ જ નથી, જે કાંઈ છે તે તો તારું જ છે. હે પ્રભુ ! તારું તને સોંપી દેવાથી મારું શું છે કે ઘટી જવાનું છે ?

## સાખી - ૧૫૫ : બાટ બિચારી ક્યા કરે ...

**બાટ બિચારી ક્યા કરે, પથી ન ચલૈ સુધાર,**
**રાહ આપની છાંડિકૈ, ચલૈ ઉજાર ઉજાર ?**

રસ્તે જતો મુસાફર જ પોતે સમજપૂર્વક સુધરીને સરખો ચાલે નહીં અને પોતાનો રસ્તો છોડીને આડો અવળો ચાલ્યા કરે તેમાં વાટ (રસ્તો) બિચારી શું કરે ?

નોંધ : જગતમાં ઘણા માનવોને એવી ટેવ પડી ગઈ છે કે દોષનો ટોપલો બીજાને જ ઓઢાડી દેવો. પોતે ભૂલો કરી છે એવો તો તેમને વિચાર આવતો જ નથી. એવા મનુષ્યોને ધ્યાનમાં રાખીને કબીર સાહેબે આ સાખીમાં ઉપદેશ આપ્યો છે. હરિનો માર્ગ જ એટલો બધો વિકટ છે કે આપણે સફળ થઈ શકતા જ નથી એવી નિરાશા ઘણે ભાગે વ્યાપેલી હોય છે. માત્ર બાહ્ય દષ્ટિથી વિચારનાર આવી નિરાશામાં રસ્તો છોડીને બીજે માર્ગે વળી જતો હોય છે. ખરેખર તો સમજ અને પુરુષાર્થની કમી એ માટે જવાબદાર હોય છે. માર્ગને મુસાફરે જ જાતે અનુકૂળ બનવું પડે છે એ વાસ્તવિકતાનો ખ્યાલ આ સાખી દ્વારા આપણને આવે છે. મુસાફરે પોતાની ભૂલો શોધીને તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ અને માર્ગની જે આવશ્યકતા છે તે પ્રાપ્ત કરવી જોઈએ. મુસાફરને માર્ગ અનુકૂળ બને એવા પ્રસંગો તો ભાગ્યે જ જોવાના બને છે. ધ્યેય તરફ આગળ વધવાની તમામ જવાબદારી મુસાફરની છે, માર્ગની નથી.

## સાખી - ૧૫૬ : જિન ઢૂંઢા તિન પાઇયાં ...

**જિન ઢૂંઢા તિન પાઇયાં, ગહરે પાનિ પૈઠી**
**મૈં બપુરા બૂડત ડરા, રહા કિનારે બૈઠી**

જેણે ઊંડા પાણીમાં પ્રવેશીને શોધ ચલાવી છે તેણે ઈશ્વરપ્રાપ્તિ કરી છે. પરંતુ મને તો ડૂબી જવાની બ્હીક લાગી હતી એટલે બિચારો હું કિનારે જ બેસી રહ્યો !

## સાખી - ૧૫૭ : હદ ચલે સો માનવા ...

**હદ ચલે સો માનવા, બેહદ ચલે સો સાધ**
**હદ બેહદ દોનો તજૈ, તાકો મતા અગાધ**

હદમાં ચાલે તે મનુષ્ય ને બેહદમાં ચાલે તે સંત. હદ ને બેહદથી પરના પ્રદેશમાં જે વિહરે છે તેની બુદ્ધિ તો અગાધ છે.

નોંધ : મનુષ્ય પોતાની ત્રૃટિઓને દૂર કરી શકતો નથી પોતાની ત્રૃટિને તે સમજે પણ છે છતાં તેનું ચંચલ મન તેને સુધરવા માટે પ્રવૃત્ત થવા દેતું નથી. ભૂલેચૂકે કદી થાય તો તે સ્હેજ બાનું મળતાં ફરી બેસે છે. મનુષ્ય જો આ મર્યાદાને ઓળંગી જાય તો તે સંત બની ગયો કહેવાય. તેણે મન પર સંયમ સ્થાપિત કર્યો કહેવાય. તો જ તે અનંતનો વિચાર કરી શકે ને તેમાં સદા રમમાણ રહી શકે. જ્ઞાની પુરૂષો તો એથી પણ આગળ જઈને પરમ પદ પર આરૂઢ થઈ જાય છે. જ્ઞાની પુરૂષની દષ્ટિ બ્રહ્મમયી થઈ જાય છે તેથી તે જગતમાં કાંઈ પણ ક્રિયા કરતો દેખાય છતાં પણ પોતાના મનને બ્રહ્મમાં જ જોડેલું રાખે છે. એવા જ્ઞાની પુરૂષની બુદ્ધિ અગાધ હોય છે. સમુદ્રનું માપ જેમ આપણે ન કરી શકીએ તેમ આવા જ્ઞાનીનું માપ પણ કરી શકાય નહિ.

## સાખી - ૧૫૮ : અપને પહિરે જાગિયે ...

**અપને પહિરે જાગિયે ના પડિ રહિયે સોય,**
**ના જાને છિન એકમેં કિસકા પહિરા હોય.**

માનવે પોતે જ પોતાનો પહેરો ભરવાનો છે. પ્રમાદ સેવીને સૂતા રહેવાથી ક્ષણ માત્રમાં હૃદયરૂપી આંગણમાં બીજા કોઇનો પહેરો ગોઠવાઇ જાય છે. તેની ખબર પણ પડતી નથી.

નોંધ : મનુષ્ય જન્મને સાર્થક કરવા માટે હર ક્ષણે સાવધાન બનવાની જરૂર છે. હૃદયમાં સારા ભાવો પણ જન્મે છે ને ખરાબ ભાવો પણ પેદા થાય છે ખરાબ ભાવો વધવા દેવાથી કલ્યાણ થઇ શકતું નથી. ખરાબ ભાવો તો દિન પ્રતિદિન ઓછા થતા જાય તે માટે સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. સારા ભાવોમાં જ મન સ્થિર બને તો જ આત્મકલ્યાણ કરી શકાય ને મનુષ્ય જન્મને સાર્થક કરી શકાય સારા ભાવો જગાડવા માટે મનુષ્યે સદગ્રંથોને વાંચવા વિચારવા જોઇએ, સારા મનુષ્યોનાં સંગમાં રહેવું જોઇએ, સંત સમાગમ કરવો જોઇએ; એ રીતે રહેવાથી મનમાં સારા વિચારો ઉદભવશે ને મન સદભાવમાં જ લીન રહેવા ટેવાશે. ઋગ્વેદમાં પણ આવી જ પ્રાર્થના ઋષિમુનિઓએ કરી છે.
આ નો ભદ્રા : ક્રતવો યન્તુ વિશ્વતઃ
અર્થાત્ ચારે બાજુથી સારા વિચારો જ સારા મનને ઘેરી વળો. મનમાં સારા વિચાર ઉદભવશે તો જ સન્માર્ગે જઈ શકશે. આ દષ્ટિથી પણ મન અગત્યનું સાધન છે. મનની અવગણના કદી કરવી નહિ. આ શરીર પર મનનું શાસન ચાલે ત્યાં સુધી મન કહે છે તે પ્રમાણે જ થશે.

## સાખી - ૧૫૯ : મન દીયા કહિં ઔર હી ...

**મન દીયા કહિં ઔર હી, તન સાધન કે સંગ,**
**કહ કબીર કોરી ગજી, કૈસે લાગે રંગ.**

કબીર કહે છે કે મન બીજી જગ્યાએ પરોવાયલું હોય ને શરીર સાધન સાધવામાં લાગેલું હોય તો સફળતા મળતી નથી. કોરા કપડા પર રંગ કેવી રીતે લાગે શકે ?

નોંધ : હાથમાં માળા લઈને બેઠેલા જીવનું ચિત્ત માળામાં રહેવું જોઈએ પરંતુ હકીકતે ચિત્ત બીજે ક્યાંક ચાલ્યું જતું હોય છે એવો સૌનો અનુભવ છે. એ રીતે ચિત્ત બીજે જ પરોવાયલું રહેતું હોય તો માળા ફેરવવાથી લાભ પ્રાપ્ત થતો નથી. શરીર માળારૂપી સાધનમાં રત હોય પણ મન માળામાં નહિ ને બીજે જ ક્યાંક રત હોય તો માળા ફેરવવાની મહેનત વૃથા ગણાય મહેનત કરીને પણ મનને માળામાં જોડવા પ્રયત્ન કરવો જોઈએ. મન માળામાં બંધાયલું રહેશે તો પ્રભુના સ્મરણમાં જોડાયલું રહેશે ને તો જ આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થઈ શકશે.

## સાખી - ૧૬૦ : પહેલે યહ મન કાગ થા ...

**પહેલે યહ મન કાગ થા, કરતા જીવન ઘાત,**
**અબ તો મન હંસા ભયા, મોતી ચુંગિ ચુંગિ ખાત.**

પહેલા તો મન કાગડા જેવું હતું ને જીવહિંસા પણ કરતું. હવે તો એ મન હંસ જેવું થઈ ગયું છે તેથી વીણી વીણીને મોતીનો ચારો જ ચરે છે.

નોંધ : સાધનાની શરૂઆતમાં મન કાગડા જેવું હોય છે. એટલે કે તામસિક હોય છે. સ્વાર્થમાં રત હોય છે. સ્વાર્થ સાધવા તે જીવહિંસા પણ કરે છે. એ મન જેમ જેમ સાધનામાં રત રહે છે તેમ તેમ તેમાં પરિવર્તન થતું રહે છે. તેનામાં રહેલા તામસિક ભાવોને બદલે સાત્વિક ભાવોનાં ઝરણાંઓ ફૂટી નિકલે છે. ધીમે ધીમે મન સત્વમાં સ્થિર બનતું જાય છે. એવા મનને કબીર સાહેબ હંસ સાથે સરખાવે છે. મોતીનો ચારો એટલે પરમ તત્વરૂપી મોતીનો ચારો. તેવું મન પરમ તત્વની રટણમાં જ લીન રહે છે.

## સાખી - ૧૬૧ : એક શબ્દ મેં સબ કહા ...

**એક શબ્દ મેં સબ કહા, સબ હી અર્થ વિચાર**
**ભજિયે નિર્ગુન નામ કો, તજિયે વિષય વિકાર**

સર્વ અર્થનો વિચાર કરીને આ એક જ શબ્દમાં બધું સમજાવી દીધું છે કે વિષય વિકાર ત્યજી દો અને નિર્ગુણ પરમાત્માનું જ ભજન કરો.

## સાખી - ૧૬૨ : પાની કેરા પુતલા ...

**પાની કેરા પુતલા, રાખા પવન સંચાર**
**નાના બાની બોલતા, જોતિ ધરી કિરતાર**

આ મનુષ્ય દેહ તો પવન ભરીને રાખેલું પાણીનું પૂતળું છે. એની અંદર પરમાત્માએ જ્યોતિ મૂકેલી છે એટલે એ જાત જાતની વાણી બોલે છે.

## સાખી - ૧૬૩ : બોલી એક અમોલ હૈ ...

**બોલી એક અમોલ હૈ, જો કોઈ બોલૈ જાનિ**
**હિયે તરાજૂ તોલી કે, તબ મુખ બાહર આનિ**

સમજપૂર્વક બોલાયલી વાણી જ અમૂલ્ય છે. તેવી વાણી હૃદયરૂપી ત્રાજવે તોલાઈને મુખમાંથી બહાર નીકળે છે.

## સાખી - ૧૬૪ : આપુ આપુ સુખ સબર ...

**આપુ આપુ સુખ સબર, મૈં એક અંડકે માંહિ**
**ઉતપતિ, પરલય, દુખસુખ, ફિરિ આવહિં ફિરિ જાંહિ**

આ એક બ્રહ્માંડમાં ઉત્પત્તિ, સ્થિતિ ને લયનો તેમ જ સુખદુઃખનો ક્રમ ચાલ્યા કરે છે તેમાં સૌ જીવ પોતપોતાનાં સુખને શાંતિ શોધવા આવજા કર્યા કરે છે.

## સાખી - ૧૬૫ : મન મુરીદ સંસાર હૈ ...

**મન મુરીદ સંસાર હૈ, ગુરુ મરીદ કોઈ સાધ,**
**જો માનૈ ગુરુબચન કો, તાકો મતા અગાધ.**

આખો સંસાર મનનો જ શિષ્ય બનેલો છે (આત્મારૂપી) સદગુરુનો શિષ્ય તો કોઇક જ સંત હોય છે જે સદગુરુનાં વચન માને છે તેનું જ્ઞાન અગાધ છે.

નોંધ : ખાસ કરીને મન જગતના વિષય પદાર્થોને ઝંખતું હોય છે. તેવા મનને બહિર્મુખ મન કહે છે. સુખની શોધ બહાર ભટકીને જ તે કર્યા કરે છે. તેવા મનને કદી સુખની પ્રાપ્તિ થતી નથી. જે કાંઈ પ્રાપ્તિ થાય છે તે તો ક્ષણિક સુખની જ. તેથી થોડી વાર પ્રસન્ન રહી ફરીથી તે ઉદ્વિગ્ન, વિહ્વલ ને અકળવિકળ બની જાય છે. જો મનનો આશરો છોડીને જીવ આત્મ રૂપી સદગુરુનું શરણું લે તો તેનો બેડો પાર થઈ જાય છે. આત્મજ્ઞાની જ પરમસુખી બની રહે છે.

## સાખી - ૧૬૬ : દીન ગરીબી બંદગી ...

**દીન ગરીબી બંદગી, સબસે આદર ભાવ**
**કહ કબીર તેઈ બડા, જામે બડા સુભાવ**

કબીર કહે છે કે દીનભાવ, ગરીબી, પ્રાર્થના અને સૌની સાથે સ્નેહભાવ - આ લક્ષણો જેનામાં સારા પ્રમાણમાં હોય છે તે જ માણસ સૌથી મહાન છે.

## સાખી - ૧૬૭ : સાંઈ સાચા રહૈ ...

**સાંઈસે સાચા રહૈ, સાંઈ સાંચ સુહાઈ**
**ભાવૈ લબે કેસ રખ, ભાવૈ શિર મુંડાઈ**

પ્રભુ સાથે સચ્ચાઈ રાખવી કારણ કે પ્રભુને સત્ય જ પ્રિય છે. પછી ભલે ને લાંબા વાળ રાખો કે માથાનું મુંડન કરાવો. એ બાહ્ય દેખાવ તો ગૌણ છે.

## સાખી - ૧૬૮ : સાંચે કોઈ ન પતી જઈ ...

**સાંચે કોઈ ન પતી જઈ, જૂઠે જગ પતિમાય**
**ગલી ગલી ગોરસ ફિરૈ, મદિરા બૈઠિ બિકાય**

પરંતુ સત્ય પર તો કોઈને વિશ્વાસ નથી. જગતને જૂઠા પર જ વિશ્વાસ છે. ગોરસ વેચવા ગલીએ ગલીએ ઘૂમવું પડે છે જ્યારે મદિરા તો દુકાને જ બેસીને વેચાય છે.

## સાખી - ૧૬૯ : સબ તે સાંચા હૈ ભલા ...

**સબ તે સાંચા હૈ ભલા, જો સાંચા દિલ હોઈ**
**સાંચા બિના સુખ નાહિ, ના કોટિ કરૈ જો કોઈ**

જે સાચા દિલનો માણસ છે તે જ ઉત્તમ મનુષ્ય ગણાય. ખરેખર, કોઈ કોટિ ઉપાયો ભલે કરે પણ સત્ય વિના સુખની પ્રાપ્તિ થતી જ નથી.

## સાખી - ૧૭૦ : સાંચૈ સૌદા કીજિયે ...

**સાંચૈ સૌદા કીજિયે, અપને મનમેં જાનિ**
**સાંચે હીરા પાઈયે, ઝૂઠે મૂરૌ હાનિ**

પોતાના મનથી સમજી લઈને સત્યનો જ સોદો કરવો. સત્યના વેપારથી જ અમૂલ્ય હીરાની પ્રાપ્તિ થશે. બાકી જૂઠના આશ્રયથી તો ભારોભાર નુકસાની જ છે.

## સાખી - ૧૭૧ : દયા કૌન પર કીજિયે ...

**દયા કૌન પર કીજિયે, કા પર નિર્દય હોય**
**સાંઈ કે સબ જીવ હૈ, કીરી કુંજર દોય**

કોના પર દયા રાખવી ને કોના પર ન રાખવી એવો વિચાર કદી કરવો નહીં કારણ કે બધાં જ જીવ તો ભગવાનના છે. માટે બધાં પર દયાભાવ રાખવો જરૂરી છે.

## સાખી - ૧૭૨ : કબિરા તહાં ન જોઈએ ...

**કબિરા તહાં ન જોઈએ, જહાં કપટકા હેત**
**જાનો કલી અનારકી તન રાતા મન શ્વેત**

કબીર કહે છે કે જ્યાં કપટ ભરેલું હેત હોય ત્યાં કદી પણ જવું નહિ. એ તો દાડમની કળી જેવું છે - બહારથી લાલ દેખાય પણ અંદર જુઓ તો ધોળું ધબ.

## સાખી - ૧૭૩ : પહિલે બુરા કમાઈ કે ...

**પહિલે બુરા કમાઈ કે બાંધી વિષકૈ મોટ**
**કોટિ કર્મ મિટ પલક મેં આવૈ હરિકી ઓટ**

પહેલાં દુષ્ટ કર્મોની કમાણી કરીને ઝેરનાં પોટલા બાંધ્યાં છે. તો પણ જો હરિની ઓથ લેવામાં આવે તો કરોડો કર્મ એક ક્ષણમાં મટી જાય છે.

## સાખી - ૧૭૪ : પ્રેમ પ્રીતિકા ચોલના ...

**પ્રેમ પ્રીતિકા ચોલના, પહિરિ કબીર નાચ**
**તન મન તા પર વાર હૂં જો કોઈ બોલૈ સાંચ**

કબીર કહે છે કે હે જીવ ! પ્રેમનું પટોળું પહેરીને તું નાચ્યા કર. સત્ય કહેનારની ઉપર તો હું તન, મન બધું જ ઓવારી દઉં છું !

## સાખી - ૧૭૫ : પોથી પઢી પઢી જગ મુઆ ...

**પોથી પઢી પઢી જગ મુઆ, પંડિત હુઆ ન કોઈ**
**એકૈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય**

પુસ્તકોનાં થોથાં વાંચી વાંચીને દુનિયા મરી પરવારી તોયે તેમાંથી કોઈ સાચો જ્ઞાની તો પાક્યો જ નહીં. પ્રેમનો એક જ અક્ષર શીખી લે તો તે સાચો પંડિત થઈ શકે.

## સાખી - ૧૭૬ : બાની તો પાની ભરૈ ...

**બાની તો પાની ભરૈ, ચારોં વેદ મજૂર**
**કરની તો ગારા કરૈ, સાહેબ કા ઘર દૂર**

વાણી તો પાણી ભરે ને ચાર વેદો તો મજૂર સમાન બની જાય તેમ જ કરવામાં આવતો ક્રિયાકાંડ તો લીંપણ જેટલું સ્થાન ધરાવે તો પણ પરમાત્માનું ધામ તો દૂર જ રહી જાય છે.

નોંધ : વાણી એટલે ભાષા. ભાષા પર પભુતત્વ હોય તો સારું ભાષણ કરી શકાય; સારાં સારાં ભજનો ગાઈ શકાય; કે બધાંને આકર્ષી શકે એવી શૈલીથી કથા કરી શકાય. પરંતુ પરમાત્માની પ્રાપ્તિ માટે એટલું પૂરતુ ન ગણાય. ભાષાનું પ્રભુત્વ ગમે તેટલું હોય પણ તેનું મૂલ્ય તો પાણી ભરવાવાળી મજૂરણ જેટલું જ ગણાય. કારણ કે પરમાત્મા સાથે પ્રેમસંબંધ બાંધેલો નથી હોતો. તે દશામાં ચારે વેદ મોઢે હોય તેવી વ્યક્તિનું પણ મૂલ્ય શું ? મજૂરનું જે મૂલ્ય આપણે આંકીએ છીએ જેટલું જ મૂલ્ય ચાર વેદના જ્ઞાનનું પરમાત્માની સાથે પ્રેમ સંબંધ જોડ્યા વિના કરવામાં આવતો ક્રિયાકાંડ પણ નકામો જ છે. તેનું મૂલ્ય ઘરમાં કાદવ ને છાણ મિશ્ર કરી લીંપણ કરવામાં આવે તેટલું જ ! કબીર સાહેબ પરમાત્મા સાથેના પ્રેમ સંબંધનો મહિમા ગાય છે. પરમાત્મા સાથેના પ્રેમ સંબંધનું મૂલ્ય ભાષાની પંડિતાઈ, ચારે વેદનું જ્ઞાન કે ઉત્તમ પ્રકારના ક્રિયાકાંડ કરતાં અનેક ગણું છે આ સાખીમાં “એકૈ અક્ષર” ને બદલે “અઢાઈ અક્ષર” પાઠ મળે છે. પ્રેમ શબ્દ અઢી અક્ષરનો બનેલો છે તેથી અઢાઈ અક્ષર. પાઠ ગમે તે હો પણ પ્રેમ શબ્દનું મહત્વ આ સાખીમાં કબીર સાહેબે ગાયું છે. પ્રેમ હોય તો જ ત્યાગની ભાવના જાગે ! સર્વસ્વ ત્યાગી દેનાર જ પરમાત્માની સાથે સંબંધ બાંધી શકે.

## સાખી - ૧૭૭ : પ્રેમ ન બાડી ઉપજૈ ...

**પ્રેમ ન બાડી ઉપજૈ, પેમ ન હાટ બિકાય**
**રાજા પરજા જેહિ રુચૈ, સીસ દેહ લઈ જાય**

પેમ કાંઈ વાડીમાં ઊગતો નથી કે પેદા થતો નથી. તેમ જ બજારમાં પણ તે વેચાતો નથી. રાજા હોય કે સામાન્ય પ્રજા હોય. જે શીશ આપે તેને જ પ્રેમની પ્રાપ્તિ થાય છે.

## સાખી - ૧૭૮ : સીસ ઉતારૈ ભુઈ ધરૈ ...

**સીસ ઉતારૈ ભુઈ ધરૈ, તાપર રાખૈ પાંવ**
**દાસ કબીરા યોં કહૈ, ઐસા હોય તો આવ**

માથું ઉતારીને ભોંય પર મૂકી દે અને પાછો એના પર પગ દાબી દે તો જ પ્રેમના ઘરમાં પ્રવેશ કરી શકાય એવો કબીરદાસનો અભિપ્રાય છે.

નોંધ : માથું ઉતારી આપવું એટલે સર્વ સમર્પણ કરી દેવું. આ જગતની કોઈ પણ સમૃદ્ધિ પરમાત્માની આગળ તુચ્છ છે એટલું જ નહીં પણ સમૃદ્ધિ માટેની કામનાનો ત્યાગ પણ પરમાત્માની પ્રાપ્તિ માટે અનિવાર્ય છે. સર્વ સમર્પણ તે જ કરી શકે કે જેના મનમાં પરમાત્મા સિવાય બીજી કોઈ કામના જ ન હોય ! 'ઉપર પગ દાબી દેવા' એમ કહેવા પાછળનો આશય એ જ છે કે અહંભાવનું સંપૂર્ણ વિસર્જન કરી દેવું. જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી સાચો પ્રેમ જાગતો જ નથી. તેથી કબીર સાહેબ આપણને અગાઉ કહી જ ગયા છે કે "પ્રેમ ગલી અતિ સાંકરી તામેં દો ન સમાહિ."

## સાખી - ૧૭૯ : પીયા ચાહે પ્રેમ રસ ...

**પીયા ચાહે પ્રેમ રસ, રાખા ચાહૈ માન**
**એક મ્યાનમેં દો ખડગ, દેખા સુના ન કાન**

પ્રેમ રસનું પાન કરવું ને અભિમાન પણ રાખવું એ બે વાત એકી સાથે ન બને. એક મ્યાનમાં બે તલવાર કદી જોઈ કે સાંભળી છે ખરી ?

## સાખી - ૧૮૦ : સબૈ રસાયન મૈં કિયા ...

**સબૈ રસાયન મૈં કિયા, પ્રેમ સમાન ન કોય**
**રતિ એક તનમેં સંચરે, સબ તન કંચન હોય !**

મેં બધાંયે રસાયણો અજમાવી જોયાં છે પણ પ્રેમની તોલે તો કોઈ જ ન આવે. જો સ્હેજ પણ પ્રેમ આ દેહમાં સંચાર પામે તો આ દેહ સુવર્ણનો થઈ જાય છે.

## સાખી - ૧૮૧ : જબ લગિ મરને સે ડરે ...

**જબ લગિ મરને સે ડરે, તબ લગિ પ્રેમી નાહિ**
**બડી દૂર હૈ પ્રેમ ઘર, સમજી લેહુ મનમાંહિ**

જ્યાં સુધી મરણનો ડર રહે છે ત્યાં સુધી એ પ્રેમી નથી એમ જાણવું. એવા માટે પ્રેમનું ઘર અતિ દૂર છે એમ મનથી સમજી લેવું.

## સાખી - ૧૮૨ : પિંજર પ્રેમ પ્રકાસિયા ...

**પિંજર પ્રેમ પ્રકાસિયા, અંતર ભયા ઉજાસ**
**સુખ સે સૂતી મહલમેં, બાની ફુટી બાસ**

આ દેહરૂપી પિંજરમાં ભક્તિભાવ રૂપી પ્રેમની જ્યોતિ પ્રગટી એટલે અંતરમાં અજવાળું થઈ ગયું. ચિત્ત રૂપી સાખી આત્મ રૂપી મહેલમાં લીન બની ગઈ એટલે દિવ્ય વાણીનું ગુંજન થયું.

## સાખી - ૧૮૩ : સુન્ન મંડલમેં ઘર કિયા ...

**સુન્ન મંડલમેં ઘર કિયા, બાજે શબ્દ રસાલ**
**રોમ રોમ દીપક ભયા, પ્રગટે દિન દયાલ**

શૂન્ય મંડળ કે જ્યાં માત્ર જ્યોતિનું જ અજવાળું હતું ત્યાં મારા મનડાએ વાસો કર્યો ત્યાં રસભર શબ્દનું કાયમ સંગીત રેલાયા જ કરે છે. ત્યા દીનદયાળુ પરમાત્મા પ્રકટ થયા છે તેથી જ રોમે રોમે દીવડા ઝગમગી ઉઠ્યા છે.

## સાખી - ૧૮૪ : સુરતિ સમાની નિરતિમેં ...

**સુરતિ સમાની નિરતિમેં, અજપા માહીં જાપ**
**લેખ સમાના અલખમેં, આપા માહીં આપ**

ચિત્તની વૃત્તિ આત્મામાં સમાઈ ગઈ તેથી બાહ્ય જાપ પણ અજપા જાપમાં વિલીન થઈ ગયા. જે દેખાતું હતું તે જાણે કે અદશ્ય ચૈતન્યમાં સમાઈ ગયું અને 'હું પણું' પણ સ્વરૂપમાં જ શમી ગયું.

## સાખી - ૧૮૫ : ઉન્મુનિ સો મન લાગિયા ...

**ઉન્મુનિ સો મન લાગિયા, ગગનહિં પહુંચા જાય,**
**ચાંદ બિહૂની ચાંદની, અલખ નિરંજન રાય.**

મન જ્યારે આત્મામાં લીન થઈ ગયું ત્યારે તે ઉર્ધ્વ પ્રદેશમાં સ્થિર થયું કહેવાય. ત્યાં ચંદ્રમાં નથી છતાં ત્યાં ચાંદનીનો પ્રકાશ રેલાયા કરે છે કરણ કે ત્યાં અલખ નિરંજન રાજાનો વાસ છે.

નોંધ : કબીર સાહેબ પોતાની અનુભૂતિ વર્ણવી રહ્યા છે. તેમણે પોતાના શરીરમાં પરમાત્મ તત્વનો કેવી રીતે અનુભવ કર્યો તેનું બયાન તેઓ કરી રહ્યા છે. વર્ણન માટે જે પરિભાષાનો તેમણે ઉપયોગ કર્યો છે તે યોગશાસ્ત્રનિ છે. ઉન્મુનિ શબ્દનો કબીર સાહેબ વિશિષ્ટ રીતે ઉપયોગ કરે છે. જે મન જગતની મોહિનીનો ઉપભોગ કરતું હોય તે જ મન ઊંચી અવસ્થામાં પરમ સુખનો ઉપભોગ કરી શકે છે. પ્રારંભમાં જે મન સાવ ચંચળ હતું તે હવે અચંચળ ને સ્થિર બની જાય છે. ક્ષણે ક્ષણે અનેક વિચારો કરવાની ટેવ પણ હવે તે ભૂલી જાય છે. હવે તો તે નિર્વિચાર દશામાં સ્થિર થઈ જાય છે. આત્મતત્વ સિવાય તેને હવે અન્ય કાંઈ ગમતું જ નથી. આ અવસ્થાને કબીર સાહેબ શૂન્ય મંડળ કહે છે. પાર્થિવ ભાવ શૂન્ય બની જતો હોવાથી આત્મારૂપી નિરંજન દિન દયાળુ દેવના સ્પષ્ટ દર્શનમાં મન નિમગ્ન બની જાય છે. રોમ રોમમાં અજવાળું થઈ રહ્યાનો અનુભવ કે અનાહત નાદનું શ્રાવણ એ ઊંચી અવસ્થાની નિશાનીઓ છે. 'બાજે શબ્દ રસાલ" દ્વારા કબીર સાહેબ અનાહત નાદની જ વાત કરે છે. અનાહત નાદ એટલે સતત કોઈ પણ જાતના વિલંબ વિના સૂક્ષ્મ રીતે સંભળાયા કરતો નાદ. સાધના કરીને ઊંચી અવસ્થા પાર પહોંચેલા જીવને માત્ર એ સંભળાય છે તેની બાજુમાં આપણે બેઠાં હોઈએ તો આપણને તે સંભળાતો નથી. તેથી તે સૂક્ષ્મ પ્રકારનો છે એમ કહેવાય.

યોગશાસ્ત્રમાં નાદના દસ પ્રકાર વર્ણવ્યા છે : સાગર ગાજે તેવો નાદ, વીણા વાગે તેવો નાદ, ઘંટ વાગે તેવો નાદ, મેઘની ગર્જના જેવો નાદ, તમરા જેવો નાદ વિગેરે. જે યોગશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે ગુરુનાં માર્ગદર્શન હેઠળ સાધના કરે છે તેને ઊંચી અવસ્થાએ પહોંચે ત્યારે ગમે તે એક પ્રકારનો નાદ સૌ પ્રથમ જમણા કાને અને પછી બંને કાને સંભળાય છે. તે નાદમાં ચિત્તની વૃત્તિને જોડી દેવાની પ્રક્રિયાને નાદાનુસંધાનની પ્રક્રિયા કહેવામાં આવે છે. કબીર પંથમાં આ પ્રક્રિયાનું ઘણું મહત્વ છે. સંભળાતા નાદમાં મન જોડી દેવાથી સમાધિ અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. સમાધિ અવસ્થામાં જ આત્માનાં અથવા પરમાત્માનાં દર્શન થાય છે.

પરમાત્મ તત્વનો જ્યાં અનુભવ થાય છે અથવા તો જ્યાં દર્શન થાય છે તેને પરમધામ પણ કહે છે. તે પરમાત્માનું ધામ પણ ગણાય છે. તે ધામમાં નિત્ય પ્રકાશ રેલાતો રહે છે. તે પ્રકાશ સુભગ, શીતળ, અમૃત સમાન જીવને ગમે એવો હોય છે. ગીતામાં પણ તેનું વર્ણન પંદરમાં અધ્યાયમાં કરતા કહ્યું છે :

અગ્નિ, સૂરજ, ચંદ્રના જેને તેજ ધરે,
જન્મ મરણથી મુક્ત તે મારું ધામ ખરે.

અગ્નિ, સૂરજ કે ચંદ્ર ત્યાં નથી છતાં ત્યાં જે પ્રકાશ સાધકને દેખાય છે તે એટલો બધો મધુર હોય છે કે સાધકનું મન તે અવસ્થા છોડવા માંગતું નથી હોતું. પરમાનંદમાં મગ્ન રહેવાનું કોને ના ગમે ?

## સાખી - ૧૮૬ : આતમ અનુભવ જ્ઞાનકી ...

**આતમ અનુભવ જ્ઞાનકી, જો કોઈ પૂછૈ બાત**
**સો ગૂંગા ગુડ ખાઇ કે કહૈ કૌન મુખ સ્વાદ ?**

આત્માનાં અનુભવની જો કોઈ વાત પૂછે તો એને કહી દઉં છું કે એ તો મૂંગા માણસે ગોળ ખાધા જેવી વાત છે. ગોળના મધુર સ્વાદનું વર્ણન ગૂંગો કેવી રીતે કરી શકે ?

## સાખી - ૧૮૭ : કાગદ લિખે સો કાગદી ...

**કાગદ લિખે સો કાગદી કી વ્યોવ્હારી જીવ**
**આતમ દષ્ટિ કહાં લિખે જીત દેખે તિત પીવ !**

લખાણપટીમાં વ્યવહારી માણસને અથવા તો કાગળના વેપારીને રસ પડે. તેઓ સ્થૂળ દષ્ટિથી જીવતા હોય છે પરંતુ જેને આત્મદષ્ટિ હોય તે તો જ્યાં જુએ ત્યાં પ્રિયતમનાં જ દર્શન કરે, પછી એ ક્યાં લખે ને કોને લખે ?

## સાખી - ૧૮૮ : લિખા લિખી કી હૈ નહીં ...

**લિખા લિખી કી હૈ નહીં, દેખા દેખી બાત,**
**દુલહા દુલહિન મિલ ગયે, ફીકી પડી બરાત.**

લખાણપટીની વાત જ ક્યાં છે ? આ તો આંખે દેખ્યાની સાક્ષાત વાત છે. પ્રિયતમ ને પ્રિયતમાં બંને મળી જાય પછી જન તો ફીકી જ લાગે ને !

નોંધ : કબીર સાહેબ સ્વાનુભૂતિને આધારે આત્મદર્શન થાય તે અવસ્થાનું વર્ણન કરી રહ્યા છે. ગૂંગો માણસ બોલી શકતો નથી તેને ગોળ ખવડાવીને ગોળનો સ્વાદ પૂછવામાં આવે તો તે વર્ણન કરી શકે ખરો ? ખરેખર, ગૂંગો માણસ વર્ણન કરી શકતો નથી. છતાં હાવભાવથી તે પોતાનો આનંદ વ્યક્ત કરીને ગોળની મધુરતાને દર્શાવી શકે છે. કબીર સાહેબે ગૂંગા માણસના રૂપકથી આત્મદર્શન કરનારની અવસ્થાનું સચોટ વર્ણન કરી દીધું કહેવાય. આત્મદર્શન થઈ જાય પછી નજરમાં જે ભેદ જણાતો હતો તે મટી જાય છે ને અભેદનું દર્શન થવા લાગે છે. વ્યવહારમાં ભેદ દર્શન થાય છે તેથી આપણે એક બીજાને પત્ર લખીને પોતાના આનંદનું વર્ણન કરી બતાવીએ છીએ. સ્થૂળ દષ્ટિને ભેદ દર્શન જ થતું હોય છે. આત્મદર્શન કર્યા પછી આત્મદષ્ટિ થઈ જાય છે. બધામાં જ આત્મતત્વનો જ અનુભવ થાય છે. બધી જ જગ્યાએ આત્મનું જ દર્શન થતું હોય તો ભેદ ક્યાં રહ્યો ? તેવી વ્યક્તિ કોને લખે ને ક્યાં લખે ? જે મનુષ્ય જન્મનો હેતુ નક્કી કરેલો તે સિદ્ધ થઈ જવાથી જગતની મોહિની તેને ફીકી લાગવા માંડે છે. સંસાર અસાર જણાવા માંડે છે.

## સાખી - ૧૮૯ : ઉલટિ સમાના આપમેં ...

**ઉલટિ સમાના આપમેં પ્રગટી જોતિ અનંત**
**સાહેબ સેવક એક સંગ ખેલે સદા વસંત**

ઉંધો ફરીને હું પોતાના જ સ્વરૂપમાં સમાઈ ગયો એટલે અનંતની દિવ્ય જ્યોતિ પ્રગટી ઉઠી. પછી તો સ્વામી ને સેવક એકમેકની સાથે સદાયે વસંત ખેલતા થઈ ગયા.

## સાખી - ૧૯૦ : લાલી મેરે લાલકી ...

**લાલી મેરે લાલકી જીત દેખોં તીત લાલ**
**લાલી દેખન મેં ગઈ મૈં ભી હો ગઈ લાલ !**

મારા પ્રભુની લાલી જ્યાં જોઉં છું ત્યાં લાલ જ દેખાય છે. એ લાલી જોવાનો મેં પ્રયત્ન કર્યો ત્યારે હું પણ લાલ જ થઈ ગઈ !

નોંધ : કબીર સાહેબની આ સાખી સમગ્ર હિન્દી સાહિત્યના આકાશમાં ધ્રુવતારાની માફક અમર બની ગઈ છે. કદાચ વિશ્વ સાહિત્યમાં સર્વોચ્ચ સ્થાન પામે તેવી ઉત્તમ કાવ્ય તત્ત્વથી ભરપૂર આ બે પંક્તિઓ કહેવાય. ઓછામાં ઓછા શબ્દોમાં અને છતાં સરળમાં સરળ રીતે ને સાદી શૈલીમાં સાક્ષાત્કારનો અનુભવ કબીર સાહેબે વર્ણવી દીધો છે. પરમ અનુભવને કારણે જ ભાષામાં પણ સામર્થ્ય પેદા થતું હશે કે જેને કારણે આવી ઉત્તમ પંક્તિઓની રચના સ્હેજે થઈ જતી હશે. ભાષાના સામર્થ્ય અંગે પણ કબીર સાહેબે અગાઉ સાખી ન. ૧૮૨માં "બાની ફૂટી બાસ" કહીને ઈશારો તો કર્યો જ છે. સરળતા, સરસતા ને સચોટતા અનુભવી પુરુષો જ સિદ્ધ કરી શકતા હશે એવું માનવાનું મન થાય છે. પ્રથમ પંક્તિમાં સર્વવ્યાપક પરમાત્મ તત્ત્વનું કેટલું સુંદર વર્ણન છે ! તે અવ્યક્ત ને નિરાકાર હોવા છતાં "લાલી" શબ્દ તેને સુંદર રીતે વ્યક્ત કરી દે છે. જગત તેના વડે જ જીવંત લાગે છે ને તેથી જ તેનાં દર્શનની ઈચ્છા થાય છે તેવો ભાવ લાલી શબ્દમાં જાણે કે ભરી દીધો છે. દર્શન કરવાને પ્રયત્ન કરનાર તેના મય બની જાય છે તે પણ કેટલું બધું સ્વાભાવિક લાગે છે ! આ સાખી વાંચીને હૃદય નાચી ઉઠ્યા વિના રહે નહી.

## સાખી - ૧૯૧ : તેરા સાંઈ તુજમેં બસે ...

**તેરા સાંઈ તુજમેં બસે જ્યોં પુહુપનમેં બાસ**
**કસ્તૂરી કા મિરગ જ્યોં ફિર ફિર ઢૂંઢૈ ઘાસ**

તારો પરમાત્મા (સાંઈ) તો પુષ્પમાં રહેલી સુગંધની જેમ તારા શરીરમાં જ વસેલો છે. પરંતુ તું તો કસ્તૂરી મૃગની જેમ બહાર જંગલે જંગલે ઘાસને સૂંઘતો ફરે છે !

## સાખી - ૧૯૨ : સાહેબ સોં સબ હોત હૈ ...

**સાહેબ સોં સબ હોત હૈ, બંદે તે કછુ નાહિ**
**રાઇ તે પરબત કરે, પરબત રાઇ માંહિ !**

આ જગતમાં જે કાંઈ થઈ રહ્યું છે તે સાહેબની શક્તિથી જ. સેવકમાં તો કાંઈ જ શક્તિ નથી. સાહેબ જ ધારે ત્યારે રાઇને પર્વતમાં પલટી શકે ને પર્વતને રાઇ બનાવી શકે.

## સાખી - ૧૯૩ : સાંઈ મેરા બાનિયા ...

**સાંઈ મેરા બાનિયા, સહ જ કરે બ્યોપાર**
**બિના દાંડી, બિન પાલ રે, તોલૈ સબ સંસાર !**

મારો સાહેબ તો વેપારી શેઠ જેવો છે. તે તો કુદરતી રીતે ચૈતન્યનો વેપાર જાણે કે કર્યા કરે છે. તેના હાથમાં નથી ત્રાજવાની દાંડી કે નથી પલ્લાં છતાં આખા સંસારને કાયમ તોલી રહ્યો છે.

નોંધ : વેપાર એટલે લેવડ દેવડની પ્રક્રિયા. આ સૃષ્ટિનું જે રીતે સંચાલન થઈ રહ્યું છે તેનો વિચાર કરવામાં આવે તો કબીર સાહેબ જે કહેવા માંગે છે તે સમજાય. નિયમ પ્રમાણે જ સૂર્ય પરિક્રમા કરે ને સકલ જીવોને ગતિશીલ બનાવે; નિયમ પ્રમાણે જ અંધકાર ફેલાય ને આખું જગત વિશ્રાંતિનો અનુભવ કરે; વૃક્ષો ઓક્સિજન હવામાં પ્રસરાવે ને જીવ સૃષ્ટિને રોજ નવું જીવન મળે; મનુષ્ય કાર્બન-ડાયોકસાઇડ બહાર કાઢે ને વૃક્ષો તેનાથી હરિત બને. આ રીતે પદાર્થ પદાર્થ વચ્ચે જાણે કે ચૈતન્યની લેવડ દેવડ થયા કરે છે સૂર્ય એક કલાક ન હોય તો કેટલી બધી અવ્યવસ્થા ઊભી થઈ જાય ! વૃક્ષો ઓક્સિજન વાયુ ન પ્રસરાવે તો શું થઈ જાય ? કોણ જીવતું રહે ? આ પ્રકારની લેવડ દેવડથી આખું જગત સમતોલ પણે ગતિશીલ રહી શકે છે. આ તમામ ક્રિયા-પ્રક્રિયાઓ પાછળ પ્રભુની અકળ લીલાનાં દર્શન થાય છે.

## સાખી - ૧૯૪ : એક કહૌ તો હૈ નહીં ...

**એક કહૌ તો હૈ નહીં, દોય કહૌં તો ગારિ**
**હૈ જૈસા તૈસા રહૈ, કહૈ કબીર વિચારી**

એ પરમાત્મ તત્વ એક છે એમ કહીએ તો ખરેખર તે અવ્યક્ત હોવાથી તે નથી એમ કહેવાય ને બે રૂપો વાળું છે એમ કહીએ તો તેને ગાળ દીધી એમ કહેવાય. તેથી કબીરે વિચારીને જ અભિપ્રાય આપ્યો છે કે તે જેવો છે તેવો જ ભલે રહ્યો.

નોંધ : પરમાત્મ તત્વની ઓળખાણ કેવી રીતે આપવી એ એક સમસ્યા છે. દુન્યવી લોકો તો લંબાઈ પહેળાઈ કે આકારમાં જ માપ કરવા ટેવાયેલા છે તેથી જો પરમાત્મા એક જ છે એમ કહીએ તે પણ બરાબર ન કહેવાય. તે તો અવ્યક્ત છે. જે વ્યક્ત છે તે તેના અનેક સ્વરૂપો છે. ખરેખર તો તે શૂન્ય સ્વરૂપ જ છે. તે બે છે એમ કહેવાથી પણ સારું થતું નથી. પરમાત્મ તત્વને ગાળ દેવા જેવી ભૂલ કરી કહેવાય. તે તો ચંદ્ર ને ચાંદનીની જેમ અદ્વૈત સ્વરૂપ છે માટે કબીર સાહેબે ખૂબ વિચાર કરીને જગતના લોકોને માર્ગદર્શન આપતાં કહ્યું કે જેવો છે તેવો પરમાત્મા ભલે રહ્યો, તેના સ્વરૂપોને કલ્પના કરવાથી તો મતભેદો જ ઊભા થશે. તે સાકાર કે નિરાકાર, તે વ્યક્ત કે અવ્યક્ત કાંઈ નક્કી થઈ શકશે નહીં.

## સાખી - ૧૯૫ : જેતા ઘટ તેતા મતા ...

**જેતા ઘટ તેતા મતા બહુ બાની બહુ ભેખ**
**સબ ઘટ વ્યાપક હવૈ રહા સોઇ આપ અલેખ**

આ જગતમાં જેટલા મનુષ્યોનાં શરીર તેટલા મતમતાંતર છે. તેટલી જ ભાષાઓ અને વેશ પણ અનેક છે. તમામ શરીરમાં ચૈતન્ય સ્વરૂપમાં વ્યાપી રહેનાર એ પરમાત્મા તો અલખ ને અગોચર હોવાથી કોઈ સમજી શકતું નથી.

## સાખી - ૧૯૬ : જ્યોં નૈનનમેં પૂતરી ...

**જ્યોં નૈનનમેં પૂતરી યોં ખાલિક ઘટ માંહિ**
**મૂરખ લોગ ન જાનહિં બાહર ઢૂંઢન જાહિં**

આ જગતનો નાથ આંખમાં કીકી વસેલી છે તેમ પ્રત્યેક શરીરમાં વસેલો છે. પરંતુ લોકો અબૂધ ને મૂર્ખ હોવાથી પરમાત્માને બહાર જ શોધ્યા કરે છે.

## સાખી - ૧૯૭ : જો જાગત સો સ્વપ્નમેં ...

**જો જાગત સો સ્વપ્નમેં, જ્યોં ઘટ ભીતર સ્વાંસ**
**જો જન જાકો ભાવતા, સો જન તાકે પાસ**

જેમ શરીરમાં શ્વાસનો સ્વાભાવિક પણે અનુભવ થયા કરે છે તેમ શરીરમાં અંદર જ જાગ્રત અવસ્થા કે સ્વપ્નાવસ્થામાં પણ પરમાત્માનો અનુભવ થઈ શકે છે. જેને જે વસ્તુ પર પ્રેમ હોય તે સદાય તેની પાસે જ હોય છે.

## સાખી - ૧૯૮ : યહ તત વહ તત એક હૈ ...

**યહ તત વહ તત એક હૈ, એક પ્રાન દુઈ ગાત**
**અપને જિયસે જાનિયે મેરે જિયકી બાત**

આ શરીરમાં જે તત્વ છે ને પેલા શરીરમાં જે તત્વ છે તે તો બંને એક જ શરીર બે છે પણ અંદર રહેલો પ્રાણ તો એક જ છે. તેથી મારા હૃદયની વાત તમે તમારા હૃદયથી જાણી લો.

નોંધ : દરેકની શરીરમાં ચૈતન્ય સ્વરૂપે જણાતું જે આત્મતત્વ છે તે એક જ એવો મહાપુરૂષોનો અનુભવ છે. મૂઢ મનમાં જડતા રહેલી હોવાથી આપણે સામાન્ય રીતે એવો અનુભવ કરી શકતા નથી. પરંતુ સ્હેજ મહેનત કરીએ ને જડતા ઓગળી જાય તો બૌદ્ધિક રીતે પણ આપણને પ્રતીતિ થઈ જાય છે. આપણે ત્યાં તૈલંગ સ્વામી થઈ ગયા. સ્વામી દયાનંદ સરસ્વતી કાશીમાં હતા ત્યારે તેઓ પણ કાશીમાં રહેતા હતા. કેટલાક બુદ્ધિજીવીઓ તે જમાનામાં અંગ્રેજી ભણેલા હતા તેઓ સ્વામીજીને ઢોંગી સાધુ સમજતા હતા. તેથી એક દિવસ તેવા માણસોના જૂથે તૈલંગ સ્વામીની કસોટી કરવા પ્રયત્ન કર્યો હતો. કળી ચૂનાનું પાણી એક ડોલમાં ભરીને તૈયાર કર્યું હતું. તે દૂધ જેવું દેખાતું હતું. તૈલંગ સ્વામી રસ્તેથી પસાર થતા હતા ત્યારે તેમાંથી એક જણે નમસ્કાર કરીને કહ્યું કે 'સ્વામીજી', આ દૂધ લઈ લો. અમને આનંદ થશે.' તૈલંગ સ્વામી તો આખી ડોલ ગટગટાવી ગયા. જેમ જેમ તેમના પેટમાં પાણી ઉતરતું ગયું તેમ તેમ પેલી ટોળીના લોકોને બળતરા થવા માંડી. સ્વામીજી તો પીને શાંતિથી ઊભા રહ્યા હતા. પેલા લોકો બૂમાબૂમ કરીને રડતા હતા. કળી ચૂનાનું પાણી તેમને બળતરા કરાવતું હતું. ખરેખર તો તે પાણી સ્વામીજીએ પીધું હતું. છતાં બળતરાનો અનુભવ કસોટી કરનારને જ થયો. ત્યારે સ્વામીજીની કૃપાથી તેમને શાંતિ મળી હતી. ત્યારે સ્વામીજીએ કહ્યું હતું કે "જે તત્વ મારામાં છે તે જ તમારામાં છે. બોલો કસોટી કોની કરશો ?"

## સાખી - ૧૯૯ : દેહી માહિં વિદેહ હૈ ...

**દેહી માહિં વિદેહ હૈ, સાહેબ સુરતિ સરૂપ**
**અનંત લોકમેં રમિ રહા, જાકે રંગ ન રૂપ**

આ દેહમાં દેહવગરનો આત્મારૂપી સાહેબ રહેલો છે ને તે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. બ્રહ્માંડમાં સર્વત્ર તે જ રમી રહ્યો છે. છતાં પણ તેને નથી રંગ કે નથી કોઈ રૂપ.

## સાખી - ૨૦૦ : જાકે મુંહ માથા નહીં ...

**જાકે મુંહ માથા નહીં, નાહીં રૂપ કુરૂપ**
**પુહુપ બાસતેં પાતરા, ઐસા તત્વ અનુપ**

તે આત્મતત્વને નથી મોઢું કે નથી માથું, તે રૂપવાન પણ નથી કે કુરુપ પણ નથી, તે તો ફૂલની ફોરમથી પણ અતિ સૂક્ષ્મ એવું અનુપમ તત્વ છે.

# સાખી - ૨૦૧ : અછૈ પુરૂષ ઇક પેડ હૈ ...

**અછૈ પુરૂષ ઇક પેડ હૈ નિરંજન વાકો ડાર**
**તિરદેવા સાખા ભયે પાત ભયા સંસાર**

અક્ષય (અછૈ) પુરૂષ પરમાત્મા રૂપી એક વૃક્ષ છે. નિરંજન રૂપી તેની એક ડાળ છે. ત્રણ દેવો (બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ) આ ડાળની જ ઉપશાખાઓ થઇને આ સમગ્ર સંસાર એનાં પાંદડાં થયાં.

નોંધ : કબીર સાહેબ પરમાત્મ તત્વનો પરિચય આપણને કરાવી રહ્યા છે. સામાન્ય માણસને સમજાવવા માટે સામાન્ય માણસને પરિચિત હોય તેવું જ પ્રતીક પસંદ કરીને સરળ રીતે કબીર સાહેબ સમજાવી રહ્યા છે. વૃક્ષ એટલે ઝાડ. ઝાડ સૌને પરિચિત. કબીર સાહેબ પરમાત્માને ઝાડ સાથે સરખાવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના ત્રીજા પ્રકરણના નવમાં શ્લોકમાં પણ પૂર્ણ પુરૂષ પરમાત્માને વૃક્ષની જ ઉપમા આપી છે.

यस्मात् परम् नापरमस्ति किंचित्
यस्मान्नाणीयो न ज्यायोडस्ति फश्चित |
वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येक :
तेनेदं पूर्णाम पुरुषेण सर्वम् ||

જેનું ગુજરાતી આ પ્રમાણે થઈ શકે - જેનાથી કોઈ શ્રેષ્ઠ નથી, ભિન્ન નથી, વિશાળ નથી, સૂક્ષ્મ નથી : સ્વેચ્છાથી જે વૃક્ષની માફક એકલ ને અચળ રહે છે તેનાથી જ આ સમગ્ર બ્રહ્માંડ ભર્યું ભર્યું લાગે છે.

પરમાત્મા એક ને અચળ છે ઝાડની માફક. એકમાંથી અનેકની લીલા પ્રગટી ઉઠી એ વેદવાણી સાથે કબીર સાહેબ સંમત છે જ. કબીર સાહેબ ઝાડની મોટી ડાળીને "નિરંજન" કહે છે. નિરંજન એટલે નિર્ગુણ. બીજી ઉપશાખાઓને ત્રણે દેવો સાથે જોડી દીધી. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ સગુણ ને સાકાર પરમાત્માનાં સ્વરૂપો છે. સંસારને પાંદડા સાથે સરખાવીને કબીર સાહેબે સંસારની પરિવર્તનશીલતાને વ્યક્ત કરી છે. સંસાર આજે છે તેવો કાલે રહેવાનો નથી ને પરમ દિવસે તો વળી બદલાઈ જ જવાનો છે. ઋતુએ ઋતુએ પાંદડા ખરી પડે છે. નવા પાંદડા આવે છે ને ફરીથી હર્યું ભર્યું લાગે છે. આ રીતે સગુણ રૂપ, નિર્ગુણ રૂપ ને સંસારનું ફેરફાર પામતું સ્વરૂપ બધાં જ વૃક્ષોનાં અંગો જ છે. વૃક્ષના જ એક ભાગ તરીકે તેની શોભા છે. પાંદડા વિના જેમ વૃક્ષની શોભા નથી તેમ સંસાર વિના પરમાત્માની પણ બોલબાલા નથી. દરેક અંગ પરમાત્માથી જુદું નથી છતાં માનવી મન તેને ભિન્ન સમજીને જીવવા પ્રયત્ન કરે છે તે તેની મૂઢતા છે.

## સાખી - ૨૦૨ : ચાર ભુજા ભજનમેં ...

**ચાર ભુજા ભજનમેં ભૂલિ પરે સબ સંત**
**કબિરા સુમરે તાસુકો જાકે ભુજા અનંત**

ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપની ભક્તિમાં બધાં સંતો ભૂલા પડ્યા છે. પરંતુ કબીર તો તેનું જ સ્મરણ કરે છે કે જેને અનંત હાથ છે.

નોંધ : ભગવાનનું ચાર હાથવાળું જે સ્વરૂપ છે તે સગુણ બ્રહ્મનું છે. સગુણ બ્રહ્મ પરાત્પર પરમાત્માનો જ એક ભાગ છે. તે કાંઈ અખિલ રૂપ નથી. છતાં અજ્ઞાનતાથી ઘણા તે જ એક અખંડ ને અખિલ ખંડ છે એમ માનીને સકામ ભક્તિ કરે છે. ગીતા પણ એવા માનવને યાદ કરીને નાવમાં અધ્યાયમાં જણાવે છે કે

મનુષ્ય રૂપે હું રહ્યો એમ મૂઢ જાણે,
વિરાટ મારા રૂપને ના કદિ પરમાણે.

તેવા અજ્ઞાની-મૂઢ લોકોનો પરિચય આપતા આગળ જણાવ્યું છે કે

મૂઢ જનોનાં કર્મ ને વિચાર મેલા હોય,
સ્વભાવ હલકો તેમનો, સંસારે રત હોય.

તો પરમાત્માનું અખંડ, અખિલ સ્વરૂપ કેવું તો જણાવ્યું છે કે

વાયુ વહેનારો બધે રહે વ્યોમમાં જેમ,
ચરાચર રહે મુજ મહીં સમજી લેજે એમ.

આકાશ અનંત ને વિરાટ ગણાય છે. તેનું માપ જ થઈ શકતું નથી. તેનું સ્વરૂપ નિર્ગુણ ને નિરાકાર જ ગણાય. છતાં તેને સ્થૂળ આંખ જોવા પ્રયત્ન કરે છે એટલે તે સાકાર પણ ગણાય. પરંતુ સ્થૂળ આંખમાં આકાશનું અખિલ સ્વરૂપ તો દેખાતું નથી. આકાશના એકાદ અંશનું જ તે દર્શન કરી શકે છે. તેથી તે સ્વરૂપ કાંઈ સર્વ નથી. પરમાત્મા પણ એવા જ છે. જે રીતે આકાશમાં પવન રહીને નિત્ય સંસારે કર્યાં કરે છે તેમ પરમાત્મામાં સમગ્ર સૃષ્ટિનાં જડ ચેતન પદાર્થોમાં રહે છે ને પોતપોતાની રીતે ગતિશીલ રહ્યા કરે છે. પરમાત્માની અખિલ સ્વરૂપને જ ધ્યાનમાં મહાપુરૂષો પોતાના અનુભવનો વાતો કરે છે. કબીર સાહેબ પણ અહીં આંશિક સ્વરૂપને મહત્વ આપતા નથી પણ અખિલ ને અખંડ જે સ્વરૂપ છે તેને જ મહત્વ આપે છે. આપણને પ્રસિદ્ધ શ્લોક યાદ કરાવે છે :

नमोऽस्त्वनन्ताय सहस्त्रमूर्तय सहस्त्र पादाक्षिशिरोरुबाहवे ।
सहस्त्रनाम्ने पुरुषाय शास्व्ते सहस्त्रकोटीयुगधारिणे नम ॥

અર્થાત્ : હજારો સ્વરૂપવાળા, હજારો પગવાળા, હજારો આંખોવાળા, હજારો માથાવાળા, હજારો સાથળવાળા, હજારો હથોવાળા, હજારો નામવાળા, હજારોને કરોડો યુગોને ધારણ કરવાવાળા અંતવિનાના શાશ્વત એવા પરમ પુરૂષને નમસ્કાર હો !

## સાખી - ૨૦૩ : સરગુણકી સેવા કરો ...

**સરગુણકી સેવા કરો, નિર્ગુણ કા કરું જ્ઞાન**
**નિરગુણ સરગુણ કે પરે, તહેં હમારા ધ્યાન**

સગુણની સેવા કરો અને સાથે સાથે પ્રભુના નિર્ગુણ તત્વના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરો. આપણું ધ્યાન તો નિર્ગુણ ને સગુણથી પર જે પરમ તત્વ છે તેમાં લાગેલું છે.

નોંધ : કબીર સાહેબ ખંડનાત્મક અથવા તો નિષેધાત્મક દષ્ટિથી પરમાત્માના સ્વરૂપને સમજાવતા નથી. તેમના હૃદયમાં તો સામાન્ય માણસ જ રહ્યો છે. તેથી તેને નિરાશ ન કરતાં તેઓ તેની સામાન્ય કક્ષાને ધ્યાનમાં રાખીને આ સાખીમાં માર્ગદર્શન આપે છે. સામાન્ય માણસનું મન સાકાર ને સગુણને જ સ્વાભાવિક રીતે યાદ કરે છે. મન કાંઈ પણ સાંભળીને તરત જ તેનું રૂપ યાદ કરે છે. મનમાં ચોક્કસ પ્રકારનો આકાર ઉદ્‌ભવે છે. મનની આ ખાસિયત કબીર સાહેબ જાણતા હતા તેથી તેમણે પ્રથમ કક્ષાએ સગુણની સેવા કરો એમ જ કહ્યું. તેમના મનમાં સગુણ એટલે જીવતી જાગતી મૂર્તિઓ; તે મૂર્તિઓ પ્રભુનો જ એક ભાગ છે એ દષ્ટિ હમેશાં ધ્યાનમાં રાખવાની તેમણે આ અગાઉ સલાહ આપી છે. બીજા એક પદમાં એમણે સ્પષ્ટ કહ્યું છે :

કા પાનો પાહન કે પૂજે કંદ મૂલ ફરહારા,
કહાં નેમ તીરથબ્રત કિન્હેં જો નહિ તત્વ બિચારા.

અર્થાત્ - પથ્થરને પૂજવાથી શું વળશે ? કંદમૂળ ને ફળનો આહાર માત્ર કરવાથી શો લાભ થશે ? તીરથ, વ્રત કે નિયમપાળવાથી કેવળ શું પ્રાપ્ત થશે ? જો આત્મતત્વનું ચિંતન નહિ કરો તો આ બધી તમામ ક્રિયાઓ વ્યર્થ જ સમજવી. આ દષ્ટિએ કબીર સાહેબ અહીં સગુણની સેવા કરવાનો ઉપદેશ આપે છે. સેવા કરતી વખતે ને પહેલાં મનમાં આત્મતત્વનું ચિંતન કરવું જરૂરી છે. એટલે કે આત્મતત્વ સર્વત્ર વ્યાપક છે ને તેના વિના આ જગત શબ જેવું લાગે છે. તેના વડે જ બધું જીવંત લાગે છે. આ પ્રકારે ચિંતન થયા કરવું જરૂરી છે. એ પ્રમાણે જો મહેનત કરવામાં આવે તો એક દિવસ ભગવાનનું જે વિરાટ નિર્ગુણ સ્વરૂપ છે તેનો પરિચય કોઈ ધન્ય પળે થઈ જાય. અખંડ ને અખિલ સ્વરૂપને જ દષ્ટિ સમક્ષ રાખીને મહેનત કરવી જરૂરી છે.

## સાખી - ૨૦૪ : કબીર જેતી દેખીં આતમા ...

**કબીર જેતી દેખીં આતમા, તેતા સાલિગરામ**
**સાધૂ પ્રત્યક્ષ દેવ હૈ, નહીં પાથર સૂં કામ**

કબીર કહે છે કે હું જે આતમાને જોઉં છું તે તે આત્મામાં મને શાલિગ્રામનાં જ દર્શન થાય છે. ખરેખર તો સાધુ પોતે જ પ્રત્યક્ષ દેવ હોય તો પછી પથ્થરનાં દેવનું શું કામ ?

નોંધ : મનુષ્યનું શરીર સાકાર રૂપ ગણાય. તેમાં નિરાકાર આત્મ તત્વ રહેલ છે એવી પ્રતીતિ સુજ્ઞ સંતજનોને થયા કરે છે. જ્યાં સુધી એવી પ્રતીતિ થાય છે ત્યાં સુધી પથ્થરની જળ મૂર્તિ પાસે કોઈ જાય નહીં. જીવતી જાગતી મૂર્તિમાં જ શાલિગ્રામનાં દર્શન થતાં હોય તો શાલિગ્રામની જડમૂર્તિની શોધ કોણ કરશે ? કબીર સાહેબ અહીં પણ મૂર્તિપૂજા અંગ આપણને માર્ગદર્શન આપી રહ્યા છે. સંતો જ પ્રત્યક્ષ દેવ જેવા છે. તેમની પૂજા કરવી હોય તો કરો. બાકી પથ્થરની મૂર્તિમાં શાલિગ્રામનાં દર્શન ન થતાં હોય તો તેની પૂજા કરવાથી શો ફાયદો ? આ દષ્ટિએ જ તેમણે બીજી એક સાખી કહી છે.

## સાખી - ૨૦૫ : પથ્થર પૂજૈ હરિ મિલે ...

**પથ્થર પૂજૈ હરિ મિલે, તો મૈં પૂજું સબ પહાર**
**ઇસસે તો ચક્કી ભલી, પીસ ખાવૈ સંસાર**

માત્ર પથ્થર પૂજવાથી જ જો હરિ મળતા હોય તો હું બધાં જ પર્વતોની પૂજા કરવા તૈયાર છું. એના કરતાં એ પથ્થરની ઘંટી બનાવી દેવામાં આવે તો સંસારના ગરીબ લોકો લોટ દળીને પોતાનું ગુજરાન કરી શકે.

નોંધ : અગાઉ કબીર સાહેબ કહી ગયા છે કે આત્મદષ્ટિ રાખીને કોઈ પણ ક્રિયાકાંડ કે પૂજા કરવામાં આવે તો તેનું ફળ મળી શકે છે. બાકી આત્મતત્વની સૂઝ વિના બધી મહેનત નિરર્થક નીવડે છે : "આતમ તત્વ ચીને બીના સબ હૈ જૂઠી સેવ." આત્મ તત્વની સમજણ હોય તો તે તત્વ સર્વવ્યાપક હોવાથી પથ્થરમાં પણ તેની હાજરી છે એવી પ્રતીતિ અવશ્ય થાય. પણ તેવી સમજણ ન હોય તો પથ્થર જડ જ લાગે. છતાં દેખાદેખી તેવી અવસ્થામાં જડ પથ્થરની પૂજા કરવામાં આવે છે તે ખરેખર લાભદાયી થતી નથી. એના કરતાં તો પથ્થરને ઘંટી બનાવી દેવાના વ્યવસાય કરવા જરૂરી છે. તેનાથી બે લાભ થશે. ગરીબોને રોજી મળશે ને સંસારને વ્યવસ્થા મળશે. કબીર સાહેબનો આ માનવતાલક્ષી વિચાર કેટલો બધો આકર્ષક છે ! પૂજા કરવા પાછળ પણ કેવી દષ્ટિ છે તે અગત્યનું ગણવું જોઈએ.

## સાખી - ૨૦૬ : હમ ભી પાહન પૂજતે ...

**હમ ભી પાહન પૂજતે હોતે વન કે રોઝ**
**સતગુરૂ કી કિરપા ભઈ, ડારા સિરતૈં બોઝ**

હમે પણ પથ્થર પૂજતા હોત અને જંગલના રોઝની જેમ પશુ સમાન અવસ્થામાં રહેત, પરંતુ અમે ભાગ્યશાળી છીએ કે સતગુરૂની કૃપાથી અમે માથા પરનો ભાર ફેંકી દઈ શક્યા છીએ.

નોંધ : સદ્‌ગુરૂની કૃપા વિના આધ્યાત્મિક પંથ પર પ્રગતિ થઈ શક્તિ નથી તેનો સ્વીકાર સર્વ સંપ્રદાયોએ ને ધર્મોએ કર્યો છે. અનુભવી પુરૂષની મદદ મળી જાય તો રસ્તો સીધો, ટૂંકો ને સુગમ બની જાય છે. મદદ ન મળે ત્યાં સુધી જીવ અહીં તહીં અટવાયા જ કરે છે. પથ્થરની જડપૂજા કરનાર પ્રાથમિક મૂઢ અવસ્થામાં હોય છે તેને સદ્‌ગુરૂ મળે તો તેનું ચિત્ત ચિન્મય થઈ જાય છે ને તે નિરર્થક ક્રિયાઓને તિલાંજલિ આપવા તત્પર બની જાય છે. પથ્થરમાં પણ ચેતનતત્વનો અવિષ્કાર તેને જણાવા લાગે છે. પછી તો હરેક મનુષ્યનાં શરીરમાં પણ તેને ચેતનવેદનાં જ દર્શન થયા કરે છે. તેવી અવસ્થામાં તેનાથી ખરાબ કૃત્યો તો કેવી રીતે થઈ શકે ? તેના હૃદયમાં સદ્‌ભાવો જ ઉભરાશે ને પરિણામે તેનું ચિત્ત સાત્વિક ભાવોમાં સ્થિર થતું જશે. એ રીતે ઉત્તરોત્તર તેની પ્રગતિ આધ્યાત્મિક પંથ પર થયા જ કરશે. સદ્‌ગુરૂનો એવો મહિમા છે.

## સાખી - ૨૦૮ : ભલી ભઈ જુ ગુરૂ મિલા ...

**ભલી ભઈ જુ ગુરૂ મિલા, નાતર હોતી હાન**
**દીપક જ્યોતિ પતંગ જ્યું, પડતા આપ નિદાન**

મને ગુરૂ મળ્યા તેથી મારું ભલું જ થયું છે, નહીં તો મને મોટું નુકસાન જ થતે. દીવાની જ્યોતમાં જે રીતે પતંગિયું બળીને ભસ્મ થઈ જાય છે તે રીતે અજ્ઞાનતાથી મારો વિનાશ જ થતે.

## સાખી - ૨૦૯ : જ્ઞાન પ્રકાશા ગુરૂ મિલા ...

**જ્ઞાન પ્રકાશા ગુરૂ મિલા, સોં જિનિ બીસરિ જાઈ**
**જબ ગોવિંદ કૃપા કરે, તબ ગુરૂ મિલિયા આઈ**

જ્યારે પ્રભુ કૃપા કરે છે ત્યારે જ સદ્‌ગુરુ સામેથી આવીને મળે છે ને જ્ઞાનનો પ્રકાશ કરે છે. સદ્‌ગુરુની તે કૃપાની કદી ભૂલવી જોઇએ નહીં.

## સાખી - ૨૧૦ : સતગુરૂ કી મહિમા અનંત ...

**સતગુરૂ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર**
**લોચન અનંત ઉઘારિયા, અનંત દિખાવનહાર**

સદ્‌ગુરૂનો મહિમા તો અનંત છે તેમણે કરેલા ઉપકારની કોઈ સીમા નથી. મારી દષ્ટિ તો મર્યાદાવાળી હતી છતાં તેને તેમણે અમર્યાદ બનાવી દઇને મને પ્રભુનાં દિવ્ય દર્શન કરાવી દીધાં.

## સાખી - ૨૧૧ : આંધી આઈ જ્ઞાન કી ...

**આંધી આઈ જ્ઞાન કી, ઢહી ભરમકી ભીંતિ**
**માયા ટાટી ઊડી ગઈ, લગી નામસે પ્રીતિ**

જ્ઞાનનો વંટોળિયો એવી રીતે આવ્યો કે ભ્રમની બધી જ ભીંતો તૂટી પડી ને માયાનો પડદો પણ ઊડી ગયો. હૃદયમાં પ્રભુના નામનો અદ્‌ભુત પ્રેમ જાગી ગયો.

# સાખી - ૨૧૨ : સાખી આંખી જ્ઞાનકી ...

**સાખી આંખી જ્ઞાનકી સમુજિ દેખુ મનમાંહિ**
**બિનુ સાખી સંસાર કા, જગરા છૂટત નાહિ**

આ બધી સાખી જ્ઞાનની આંખો છે એવું જાણીને મનથી સમજવા પ્રયત્ન કરો. આ સાખીઓ વિના સંસારના ઝઘડાનો અંત આવશે નહિ.

નોંધ : "સાક્ષી" શબ્દનું અપભ્રંશ રૂપ તે સાખી. પોતાની અનુભવની વાણીને કબીર સાહેબે સાખી કહી છે. અદાલતમાં સાક્ષીનું ઘણું મહત્વ હોય છે. બે પક્ષના ઝઘડામાં એક સાક્ષી કોર્ટના પિંજરામાં આવીને સાક્ષી પૂરે એટલે ન્યાયાધીશ તેની જુબાનીને આધારે સ્પષ્ટ ન્યાય જાહેર કરે ને બે પક્ષના ઝઘડાનો અંત આણે. તેવા જ સંદર્ભમાં કબીર સાહેબની સાખી આપણે સમજવી જોઇએ. આ જગતમાં ઘણા વાદવિવાદોના ઝઘડાઓ ચાલ્યા કરે છે કે જેને આધારે ધર્મના ભાગલાઓ પડ્યા ને સંપ્રદાયોના વાડાઓ ઊભા થયા. ભોળા લોકો આ સત્યને સમજતા નથી તેથી તેઓ પણ પક્ષકાર બની જાય છે ને સંપ્રદાયના વાડામાં બદ્ધ બની જાય છે. કોઈ કહે છે કે પરમાત્મા છે ને કોઈ કહે છે કે નથી; કોઈ કહે છે કે પરમાત્મા નિર્ગુણ ને નિરાકાર છે ત્યારે કોઈ કહે છે કે સાકારને સગુણ છે; કોઈ કહે છે કે તે પ્રભુ ભક્તિથી પ્રાપ્ત થઈ જાય છે તો કોઈ કહે છે કે જ્ઞાન વિના પ્રાપ્ત કદી ન થાય-- આવા ઝગડાઓનો અંત ક્યારે આવશે ? કબીર સાહેબની વાણી અનુભવની વાણી છે. તેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે. કોઈએ કહ્યુ હતું તે માની લઈને તેમણે આ વાણી કહી નથી. પોતે જે અનુભવ્યું તે તેમણે સાખી દ્વારા વ્યક્ત કર્યું. જગતના લોકો બિચારા ભોળા છે. તેમનું કલ્યાણ કરવાના હેતુથી કબીર સાહેબે આ પોતાની અનુભવની વાણી સાખી રૂપે રજૂ કરી છે. પરમાત્માની પાસે કેવી રીતે પહોંચી શકાય ને પહોંચીને પરમાત્મામય કેવી રીતે થઈ શકાય તેનું સચોટ માર્ગદર્શન સાખી દ્વારા કબીર સાહેબે કરાવ્યું છે. આ દષ્ટિએ આ સાખીઓને સમજવામાં આવશે તો સંસારના ઝઘડાઓનો અંત આવી જશે. સાખીને જ્ઞાનની આંખો કહેવા પાછળનો આશય આવો જ કાંઇ હોવાથી આ સાખીઓનો મહિમા ખૂબ વધી જાય છે.

RamkabirBhajans.Org
RamkabirBhajans.Org
RamkabirBhajans.Org

કબીર સાખી સુધા

કબીર સાખી સુધા

કબીર સાખી સુધા

કબીર સાખી સુધા

# કબીર સાખી સુધા